દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 152 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 June 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શનિવાર, ૨૮ જૂન ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ભગવાન જગન્નાથજી નગરચર્યા કરી નીજ મંદિર પરત ફર્યા

# ‘જય રણછોડ, માખણચોર’ના જયઘોષ સાથે રથયાત્રા સંપન્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અષાઢીબીજના પવિત્ર દિવસે અમદાવાદના જમાલપુર વિસ્તારમાં આવેલા ૪૦૦ વર્ષ જૂના ભગવાન જગન્નાથના મંદિરથી ભગવાનની ૧૪૮મી રથયાત્રા નીકળી હતી. ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભક્તોના ઘોડાપુર ઊમટ્યા હતા. ભગવાન જગન્નાથજી, તેમના ભાઈ બલરામજી અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળ્યા ત્યારે ‘જય રણછોડ, માખણચોર’ના જયઘોષ સાથે પરંપરાગત રીતે ભગવાન

ભક્તોને દર્શન આપવા નગરચર્યાએ નીકળ્યા ત્યારે ‘જય રણછોડ, માખણચોર’ના ગગનભેદી નાદ સાથે માહોલ ગુંજી ઉઠ્યો હતો. સવારે ૪ કલાકે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ પરિવાર સાથે હાજર રહ્યા હતા અને મંગળા આરતી કરી હતી. જ્યારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ પહિંદવિધિ કરી હતી. અમીત શાહ, ગુજરાતના ગૃહ રાજયપ્રધાન હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોની હાજરીમાં ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી તથા બલભદ્રજીના ત્રણ રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. પ્રસ્થાન વખતે ભગવાન જગન્નાથજીની રથયાત્રાને પ્રથમ વખત ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યુ હતું. રથયાત્રાને પગલે શુક્રવાર સવારના ૪ વાગ્યાથી ભક્તોની ભીડ ઉમટી હતી. સરસપુર અને કાલુપુરમાં વરસાદના અમીછાંટણા થતા ભક્તો હરખમાં આવી ગયા હતા. રથયાત્રા આખો દિવસ શહેરમાં પરિભ્રમણ કરીને મોડી સાંજે નિજમંદિરે પરત ફરી હતી.

રથયાત્રામાં ગજરાજ, ભજન મંડળીઓ સાથે રાસ ગરબાની રમઝટ થઈ હતી. રથયાત્રામાં ૧૮ ગજરાજ, ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ૧૦૧ ટ્રક, અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ અને ૩ બેન્ડવાજાવાળા જોડાયા હતા. હરિદ્વાર, અયોધ્યા, નાસિક, ઉજ્જૈન, જગન્નાથપુરી તથા સૌરાષ્ટ્રમાંથી ૨૫૦૦ જેટલા સાધુ-સંતો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર રૂટ પર ભગવાન જગન્નાથજીના રૂટ પર પુષ્પવર્ષા થતી રહી હતી. સમગ્ર રૂટ પર ભગવાનના દર્શનાર્થે હજારોની સંખ્યામાં ભાવિકોની કતારો જોવા મળી હતી.

૧૪૮મી પરંપરાગત રથયાત્રા શાંતિપૂર્ણ રહે અને કોઈ અવરોધ કે અનિચ્છનીય બનાવ ન બને તે માટે અભૂતપૂર્વ સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શહેરમાં લગભગ ૨૩,૮૦૦ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. તંત્ર મુજબ, પહેલી વાર, ભાગદોડ જેવી પરિસ્થિતિને રોકવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સર્વેલન્સ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રથમ વખત એઆઈ ટેકનોલોજીથી ક્રાઉડ મેનેજમેન્ટ કરવામાં આવ્યું હતું. રથયાત્રાના ૧૬ કિમી લાંબા રૂટ પર લગભગ ૪,૫૦૦ સુરક્ષા કર્મચારીઓ તૈનાત રહ્યા હતા, જ્યારે ટ્રાફિક વ્યવસ્થાપન માટે ૧,૯૩૧ કર્મચારીઓ તૈનાત રહ્યા હતા. સામાન્ય ટ્રાફિક માટે ઘણા રસ્તાઓ બંધ રહેશે. સિનિયર પોલીસ અધિકારીઓએ કંટ્રોલ રૂમ સાથે જોડાયેલા ૨,૮૭૨ બોડી-વર્ન કેમેરા, ૪૧ ડ્રોન અને વિવિધ સ્થળોએ સ્થાપિત ૯૬ કેમેરા અને ૨૫ વોચ ટાવરનો ઉપયોગ કરીને રથયાત્રા શોભાયાત્રાનું નિરીક્ષણ કર્યું હતું. ■

## હાથીઓ બેકાબૂ બનતા નાસભાગ

રથયાત્રા પ્રસ્થાન થયા બાદ રથયાત્રામાં સામેલ હાથીમાંથી ત્રણ હાથી બેકાબૂ બન્યા હતા. અચાનક જ આ હાથી રથયાત્રાનો રૂટ છોડીને અન્ય પોળમાં ઘૂસી ગયા હતા. હાથીને ભાગતા આવતા જોઈ લોકોમાં પણ નાસભાગ મચી ગઈ હતી. જેમાં ત્રણ જેટલાં લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી મુજબ ડી.જેના કારણે ખાડિયા વિસ્તારમાં હાથી બેકાબૂ બન્યા હતા. જો કે, ગણતરીની મિનિટોમાં મહાવતે હાથી પર કાબૂ મેળવી લીધો હતો. આ ઘટના બાદ ૧૭ હાથીમાંથી ૩ હાથીને રથયાત્રામાંથી દૂર કરવામાં આવ્યાં હતા. હાલ રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં આગળ વધી હતી. પોલીસની કામગીરીના કારણે કોઈ મોટી જાનહાનિ ટળી હતી. જ્યારે કાલુપુરબ્રિજ પાસે ભગવાન બલભદ્રના રથમાં ખામી સર્જાઈ હતી. રથનું પૈડું ક્ષતિગ્રસ્ત થયું હતું, જેના સ્ક્રૂ બદલી નવું પૈડું લગાવવામાં આવ્યું હતું. એકંદરે ભગવાન જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. ■

## પુરીમાં ‘જય જગન્નાથ...’ના જયઘોષ અને ભક્તિ, શ્રદ્ધા સાથે રથયાત્રા નીકળી



**રથયાત્રાઃ** પુરીની રથયાત્રામાં ભગવાન જગન્નાથ, ભગવાન બળભદ્ર અને દેવી સુભદ્રાના શણગારેલા રથ. અહીં રથયાત્રામાં હજારો લોકોએ ભાગ લીધો હતો. (પીટીઆઈ)

પુરી : અહીં શુક્રવારે ભગવાન જગન્નાથ, ભગવાન બળભદ્ર અને દેવી સુભદ્રાની રથયાત્રા પૂરા ભક્તિભાવ, શ્રદ્ધા અને ઉત્સાહ સાથે નીકળી હતી.

પુરીની રથયાત્રા લાખો ભાવિકોના આકર્ષણનું કેન્દ્ર રહી હતી. આખું વાતાવરણ ‘જગ જગન્નાથ’ અને ‘હરિ બોલ’ના જયઘોષ સાથે ભક્તિમય બન્યું હતું.

અહીંના ૧૨મી સદીના મંદિરેથી નીકળેલી રથયાત્રાના ૨.૬ કિલોમીટરના પ્રવાસમાં સેંકડો લોકોએ રથ ખેંચ્યા હતા.

ઓડિશાના રાજ્યપાલ હરિબાબુ કંભમપતિ, મુખ્ય પ્રધાન મોહનચરણ માઝી અને અન્ય મહાનુભાવોએ પણ ત્રણે રથને ખેંચ્યા હતા.

શંખનાદ, ઝાંઝ, કરતાલ, સીંગું (તુરાઇ)ના અવાજની સાથે સૌપ્રથમ બપોરે ૪.૦૮ વાગ્યે ભગવાન બળભદ્રનો રથ નીકળ્યો હતો અને તે પછી દેવી સુભદ્રાનો અને છેવટે ભગવાન જગન્નાથનો રથ યાત્રા માટે નીકળ્યો હતો.

દરિયાકિનારે આવેલી મંદિરની આ નગરીમાં રથયાત્રા દરમિયાન ભગવાનના દર્શનાર્થે લાખો લોકો ભેગા થયા હતા. પુરીના રાજવંશના ગજપતિ મહારાજા દિવ્યસિંહ દેવે ત્રણે રથની સફાઇની વિધિ પૂરી કરી તે પછી આ રથોને ખેંચવાનું શરૂ કરાયું હતું.

ત્રણે રથની આગળ લાકડાંના વિવિધ રંગના ઘોડા લગાડેલા હતા. શરૂઆતમાં ૧૨મી સદીના જગન્નાથ મંદિરમાંથી કાઢતા પહેલાં અંદાજે બે કલાક સુધી ધાર્મિક વિધિ કરાઇ હતી.

ઓડિશાના નૃત્યકારો, કલાકારો અને સંગીતકારોએ વિવિધ કાર્યક્રમો પણ રજૂ કર્યા હતા.

ગોવર્ધન પીઠના શંકરાચાર્ય સ્વામી નિશ્ચલાનંદ સરસ્વતી, કેન્દ્રના પ્રધાનો - ધર્મેન્દ્ર પ્રધાન, ગજેન્દ્રસિંહ શેખાવત, પુરીના સાંસદ સંવિત પાત્રા, ઓડિશાના પ્રધાનોએ પણ આ રથયાત્રામાં ભાગ લીધો હતો. (એજન્સી)■

## કોલકાતામાં લૉ કૉલેજમાં વિદ્યાર્થિની પર ગેંગરેપઃ ભાજપે મમતા બેનરજીનું માગ્યું રાજીનામું

કોલકાતા : પશ્ચિમ બંગાળ ભાજપના પ્રદેશ અધ્યક્ષ મજૂમદારે શુક્રવારે દાવો કર્યો હતો કે કોલકાતાની એક લૉ કૉલેજમાં થયેલી કથિત ગેંગરેપની ઘટના દર્શાવે છે કે રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થિનીઓ ‘‘સુરક્ષિત’’ નથી.

મજૂમદારે કહ્યું હતું કે આ ઘટના ગયા વર્ષે આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક મહિલા ઇન્ટર્ન ડોક્ટર પર બળાત્કાર અને હત્યા બાદ બની છે. આરજી કર હોસ્પિટલની ઘટના સામે દેશભરમાં વિરોધ પ્રદર્શનો થયાં હતાં. કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી મજૂમદારે આરોપ લગાવ્યો હતો કે મુખ્ય પ્રધાન મમતા બેનરજી પોલીસ (ગૃહ) વિભાગને સંભાળી રહી હોવા છતાં પશ્ચિમ બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખૂબ જ ‘‘ખરાબ’’ છે.

મજૂમદારે કહ્યું હતું કે કોલકાતાની એક લૉ કૉલેજમાં વિદ્યાર્થિની પર કથિત ગેંગરેપ સાબિત કરે છે કે રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થિનીઓ સુરક્ષિત નથી. ભાજપના પ્રદેશ પ્રમુખે કહ્યું હતું કે, ‘‘આરજી કર હૉસ્પિટલ જેવી ટોચની મેડિકલ કૉલેજમાં ટ્રેઈની મહિલા ડોક્ટર પર બળાત્કાર-હત્યા બાદ હવે શહેરની એક લૉ કૉલેજમાં ગેંગરેપની ઘટના પ્રકાશમાં આવી છે.’’ મજૂમદારે કાલીગંજ વિધાનસભા પેટાચૂંટણીનાં પરિણામો જાહેર થયાં પહેલાં તાજેતરની તૃણમૂલ કૉંગ્રેસની વિજય રેલી દરમિયાન બોમ્બ વિસ્ફોટમાં એક છોકરીનાં મોતનો ઉલ્લેખ કર્યો હતો. કોલકાતાની એક લૉ કૉલેજમાં એક વિદ્યાર્થિની પર થયેલા કથિત સામૂહિક બળાત્કારની નિંદા કરતા પશ્ચિમ બંગાળ વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શુભેન્દુ અધિકારીએ કહ્યું હતું કે આ ગુનાના વિરોધમાં મોટા પાયે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. મુખ્ય પ્રધાન મમતા બેનરજીને તેમની ખુરશી પર રહેવાનો કોઈ અધિકાર નથી. તેમણે રાજીનામું આપી દેવું જોઈએ.

શુભેન્દુ અધિકારીએ આરોપ લગાવ્યો હતો કે કોલકાતા પોલીસના વરિષ્ઠ અધિકારીઓ દિઘામાં છે, જ્યાં મુખ્ય પ્રધાન નવા બનેલા જગન્નાથ મંદિરમાંથી રથયાત્રામાં ભાગ લઈ રહ્યા છે. ટીએમસી નેતા જયપ્રકાશ મજૂમદારે વિપક્ષી નેતા પર વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, ‘‘મુદ્દાને રાજકીય બનાવવાને બદલે આવા ગુનાઓને રોકવા માટે રચનાત્મક અભિગમ અપનાવવો જોઈએ.’’ ■

## પાકિસ્તાનમાં સ્વાત નદીમાં એક જ પરિવારના ૧૮ સભ્ય ડૂબી ગયા

પેશાવર : પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં સ્વાત નદીમાં આવેલા અચાનક પૂરમાં શુક્રવારે એક પરિવારના ઓછામાં ઓછા અઢાર સભ્ય ડૂબી ગયા હતા, એમ બચાવ અધિકારીઓએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે ચાર જણના મૃતદેહ મળી આવ્યા છે. પાંચ અલગ અલગ સ્થળોએ બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે અને રેસ્ક્યુ ૧૧૨૨ના ૮૦ કર્મચારી શોધ કામગીરીમાં ભાગ લઈ રહ્યા છે એમ રેસ્ક્યુ ૧૧૨૨ના ડિરેક્ટર જનરલ શાહ ફહાદને એક પ્રેસ રિલીઝમાં ટાંકવામાં આવ્યા છે. પ્રારંભિક માહિતી અનુસાર, પરિવાર આ પ્રદેશની મુલાકાત લેતા પ્રવાસી જૂથનો ભાગ હતો અને ઉપરના ભાગમાં ભારે વરસાદને કારણે વધતા પાણીમાં ફસાઈ ગયો હતો. સ્વાત પાકિસ્તાનના ખૈબર-પખ્તુનખ્વા પ્રાંતના ઉત્તરીય ક્ષેત્રમાં એક બારમાસી નદી છે. બાકીના ગુમ થયેલા વ્યક્તિઓને શોધવા માટે હાલમાં મોટા પાયે શોધ કામગીરી ચાલી રહી છે, એમ અધિકારીઓએ ઉમેર્યું હતું. ■

### યુદ્ધવિરામ પછી ઈરાન-ઈઝરાયલ વચ્ચે વિવાદ

## યુરેનિયમ મુદ્દે ઈઝરાયલની ધમકી

જેરુસલેમઃ ઇઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ બાદ પણ તણાવ ચાલી રહ્યો છે. અમેરિકાએ ઈરાનનાં પરમાણુ ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. પરંતુ ઈરાને પોતાનાં ફોર્ડો પરમાણુ ઠેકાણાઓ ખાતેથી ૪૦૦ કિલો યુરેનિયમનું સ્થળાંતર કરી લીધું હતું. જોકે, હવે ઇઝરાયલે ઈરાન પાસે રહેલા યુરેનિયમની માગ કરી છે.

આંતરરાષ્ટ્રીય મીડિયા પાસેથી મળતી માહિતી મુજબ ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે એક મોટા નિવેદન સાથે ઈરાનને એક રીતે ચેતવણી આપી છે. ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે જણાવ્યું છે કે, ‘‘અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત રીતે ઈરાનને સંદેશ આપ્યો છે કે તેણે તેનું સમૃદ્ધ યુરેનિયમ સોંપવું પડશે. એવું માનવામાં આવે છે કે ઈરાને તેના યુરેનિયમને ૬૦ ટકા સુધી સમૃદ્ધ કર્યું હતું. જો આ સ્તર ૯૦ ટકા સુધી પહોંચી ગયું હોત, તો ઈરાન પરમાણુ બોમ્બ બનાવી શક્યું હોત.

કાત્ઝે આગળ જણાવ્યું હતું કે ઈઝરાયલ દ્વારા ઈરાનની પરમાણુ ક્ષમતાને નબળી પાડવા માટે ઈઝરાયલ દ્વારા તેના પર હુમલાઓ કરવામાં આવ્યા હતા. હવે ઈરાન પાસે પરમાણુ બોમ્બ બનાવવા માટે યુરેનિયમનો ઉપયોગ કરવાનો કોઈ રસ્તો નથી. ઈરાનની ટ્રાન્સફર સુવિધા પણ ત્યાં નાશ પામી છે, જ્યાં પરમાણુ બોમ્બનું નિર્માણ શક્ય હતું.

યુરોપિયન ગુપ્તચર નિષ્ણાતો માને છે કે હુમલાઓ બાદ પણ ઈરાનનો સમૃદ્ધ યુરેનિયમ ભંડાર મોટા ભાગે સુરક્ષિત છે. આ સિવાય અમેરિકાના હુમલા પહેલા ઈરાને ૪૦૦ કિલો યુરેનિયમનું ગુપ્ત ઠેકાણે સ્થળાંતર કર્યું છે, એવી વાત પણ સામે આવી હતી. ઇઝરાયલ કાત્ઝે ઇન્ટરવ્યૂ દરમિયાન એમ પણ કહ્યું હતું કે, ‘‘ઇઝરાયલ પાસે ઇરાને તેના સમૃદ્ધ યુરેનિયમ ક્યાં છુપાવ્યું છે તેની કોઈ માહિતી નથી. આનાથી ઈરાન ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રો બનાવવાની તૈયારી કરી રહ્યું હોય, એવી ચિંતા વધી ગઈ છે.’’ ■

## ગુજરાતમાં અષાઢી બીજનું શુકન સચવાયુંઃ કચ્છ-સૌરાષ્ટ્ર સહિત ૧૪૫ તાલુકામાં વરસાદ પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજના દિવસે શુકનવંતો વરસાદ પડ્યો હતો. અષાઢી બીજના દિવસે જ રાજ્યના ૧૪૫ તાલુકામાં વરસાદ પડ્યો હતો. સૌથી વધુ વરસાદ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુરમાં ૨.૮ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો, કચ્છ જિલ્લાના માંડવીમાં ૨.૩૨ ઇંચ, વલસાડના પારડીમાં ૧.૭૭ ઇંચ, જામ ખંભાળિયામાં ૧.૫ ઇંચ, વાપી અને ઉમરગામમાં ૧.૩ ઇંચ, વઘઇમાં ૧.૨૨, વ્યારામાં ૧.૧૪ ઇંચ અને વલોડમાં ૧.૧ વરસાદ પડ્યો હતો.

ડાંગના સુબીર અને જૂનાગઢના માંગરોળમાં ૦.૯૮ ઇંચ, સુરતના માંગરોળમાં ૦.૯૪ ઇંચ, તાલાલામાં ૦.૯૧ ઇંચ, કપરાડામાં ૦.૮૩ ઇંચ, સુરત શહેર અને ચોર્યાસીમાં ૦.૭૫ ઇંચ, નવસારીના ખેરગામમાં ૦.૭૫ ઇંચ, ડાંગ આહવા અને ગીર ગઢડામાં ૦.૭૧ ઇંચ, હાલોલ, કામરેજ, બારડોલી અને સુત્રાપાડામાં ૦.૬૭ ઇંચ, દાંતા અને નવસારીમાં ૦.૬૩ ઇંચ, ધરમપુર અને દેડિયાપાડામાં ૦.૫૯ ઇંચ, બોડેલીમાં ૦.૫૫ અને આંકલાવ, વલસાડ, સોનગઢ અને કોડિનારમાં ૦.૫૧ વરસાદ પડ્યો હતો.

છેલ્લા કેટલાક દિવસોથી સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં વરસાદ પડ્યો હતો. આ દરમિયાન ત્યારે ગિરનાર અને દાતાર પર્વત પર પણ છેલ્લા બે દિવસથી વરસાદ પડ્યો હતો.

તેના કારણે જૂનાગઢનો વિલીંગ્ડન ડેમ ઓવરફ્લો થયો હતો. ચારેબાજુ પર્વતથી ઘેરાયેલા વિલીંગ્ડન ડેમ ખાતે નયનરમ્ય દૃશ્યો સર્જાયા હતાં. ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પગલે ખેડા જિલ્લાનો જીવાદોરી સમાન વણાકબોરી વિયર ૨૨૨.૭૫ ફૂટે ઓવરફ્લો થયો હતો.

કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજ પર કચ્છના અનેક ભાગોમાં વરસાદ પડ્યો હતો. અબડાસાના લાખણીયા પાસે નદી પર પુલનું કામ ચાલુ હોવાથી બનાવેલ ડાયવર્ઝન પાણીમાં ધોવાયો હતો.

શુક્રવાર સાંજે ભુજ શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો છે. જેથી કાર્નિવલ શરૂ થવાને લઈ ચિંતા ફેલાઈ છે.

અષાઢી બીજના દિવસે પડેલા વરસાદને ચોમાસાની ઋતુ સારી રહેવાનો સંકેત માનવામાં આવે છે. ■

## ઉમેશ મકવાણા ધારાસભ્યપદ પરથી રાજીનામુ આપીને ફરીથી ચૂંટણી જીતી બતાવેઃ ઈસુદાન ગઢવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીની શિસ્ત સમિતિ અને શિસ્ત નેતૃત્વએ હંમેશાં દેખાડ્યું છે કે પાર્ટી વિરુદ્ધ કોઈ પણ વ્યક્તિ પ્રવૃત્તિ કરશે તો તેને પાર્ટી સાંખી નહીં લે. બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણાની વારંવાર તેમના વિસ્તારમાંથી ફરિયાદ આવતી હતી, અમે વારંવાર એમને કહેતા હતા કે પોતાના વિસ્તારમાં રહો. તેમના વિરુદ્ધ વિવિધ પ્રકારની અને ભ્રષ્ટાચારની પણ કેટલીક વાર ફરિયાદો આવતી હતી. આમ આદમી પાર્ટીએ તેમને ઘણી વખત ચેતવ્યા પણ હતા. પરંતુ આ બધામાં એક બાબત સ્પષ્ટ દેખાય છે કે ભાજપ ગંદી રાજનીતિ કરી રહ્યું છે. ભાજપે ઉમેશ મકવાણાને સાધી લીધા છે. ઉમેશ મકવાણા આમ આદમી પાર્ટી વિરુદ્ધ પ્રવૃત્તિ કરે તે માટે ભાજપે સતત પ્રયાસ કર્યો હતો.

તેમ ઇસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, હું ઉમેશ મકવાણાને ચેલેન્જ આપું છું કે તમે ધારાસભ્યપદ પરથી રાજીનામું આપો અને ફરીથી ચૂંટણી જીતી બતાવો. તે જ પ્રકારે હું ભાજપને પણ ચેલેન્જ આપવા માગું છું કે ભાજપ જો આમ આદમી પાર્ટી સામે જીતી શકતી હોય તેવું તેમને લાગતું હોય તો ઉમેશ મકવાણાનું રાજીનામું અપાવો અને આમ આદમી પાર્ટી સામે ફરીથી ચૂંટણી લડાવી જુઓ. અમારી ચેલેન્જ છે કે તમે બોટાદમાંથી જીતીને બતાવો. બોટાદની જનતા બધું જાણી ગઈ છે અને ભ્રષ્ટાચારની ફરિયાદો આવતા ઉમેશ મકવાણાને અમે વારંવાર ચેતવ્યા હતા. ■

## અમરનાથ યાત્રા માટે વિશેષ સુરક્ષા બંદોબસ્ત, યાત્રાળુઓને એકલા યાત્રા કરવાની મંજૂરી નહિ

શ્રીનગર : જમ્મુ કાશ્મીરમાં ૩ જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રા માટે વહીવટીતંત્રે તમામ તૈયારીઓ કરી લીધી છે. જેમાં અમરનાથ યાત્રા પર જતા યાત્રાળુઓની સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. હવે યાત્રાળુઓને એકલા યાત્રા કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેઓ ફક્ત સુરક્ષા કાફલા સાથે જ યાત્રા કરી શકશે. આ અંગે વિભાગીય કમિશનર રમેશ કુમાર અને આઈજીપી બીએસ તુતીએ જણાવ્યું હતું કે અમરનાથ યાત્રા માટે વહીવટીતંત્ર સંપૂર્ણપણે તૈયાર છે. આ દરમિયાન સુરક્ષા અને સુવિધા પર ખાસ ધ્યાન આપવામાં આવશે.

અમરનાથ યાત્રાની સુરક્ષા માટે આઈજીપી બીએસ તુતીએ જણાવ્યું હતું કે પહેલી જુલાઈથી ટ્રાફિક પોલીસની ખાસ સલાહ લાગુ કરવામાં આવશે. દરેક યાત્રાળુને સુરક્ષા કાફલા સાથે મુસાફરી કરવી પડશે. સ્વતંત્ર યાત્રાની મંજૂરી આપવામાં આવશે નહીં. લખનપુરથી જમ્મુ સુધીનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ સંપૂર્ણપણે સુરક્ષા કવચ હેઠળ રહેશે. આ સાથે અનેક જગ્યાએ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જેથી દેખરેખ અસરકારક રીતે કરી શકાય. જેમાં યાત્રાળુઓએ નિયમોનું પાલન કરવું પડશે અને એકલા મુસાફરી કરવાનું ટાળવું પડશે. અમરનાથ યાત્રાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે યાત્રાળુઓને સ્વાગત કેન્દ્ર પર આરએફઆઇડી કાર્ડ આપવામાં આવશે અને રોડ ઓપનિંગ પાર્ટી દરેક યાત્રા વાહનનું નિરીક્ષણ કરશે. વિભાગીય કમિશનર રમેશ કુમારે જણાવ્યું હતું કે આ વખતે અમરનાથ યાત્રામાં ભોજન અને આરોગ્ય સેવાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે. પાંચ લાખ શ્રદ્ધાળુઓ માટે ભોજન અને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ૫૦,૦૦૦ યાત્રાળુઓના રોકાણ માટે ૧૦૬ કેન્દ્રો ખાસ તૈયાર કરવામાં આવ્યા છે, જ્યાં આધુનિક રહેવાની સુવિધાઓ ઉપલબ્ધ છે. જયારે ૩૦ જૂનથી ભગવતી નગર બેઝ કેમ્પ ખાતે ઓફલાઇન નોંધણીની પ્રક્રિયા શરૂ થશે. આ ઉપરાંત તબીબી પ્રમાણપત્ર ફરજિયાત રહેશે અને આરએફઆઇડી કાર્ડ બનાવવા માટે પાંચ કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યા છે. યાત્રાળુઓને ૧૮૦ સ્થળોએ તૈનાત વહીવટી અને સુરક્ષા ટીમો દ્વારા મદદ કરવામાં આવશે. આ વર્ષે અમરનાથ યાત્રાને રેલ દ્વારા મંજૂરી આપવામાં આવી નથી. તમામ શ્રદ્ધાળુઓએ ફક્ત નિર્ધારિત રોડ રૂટ અને સુરક્ષા કાફલા દ્વારા જ મુસાફરી કરવાની રહેશે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપની નેતાગીરીને હિંદીનું વળગણ કેમ છે ?

**મહારાષ્ટ્રમાં** હિંદી ભાષા લાદવાના મુદ્દે પાછી બબાલ શરૂ થઈ છે અને રાજકીય પક્ષો પટ્ટાબાજી પર ઉતરી આવ્યા છે. મહારાષ્ટ્ર સરકારે મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધોરણ એક થી ધોરણ પાંચના વિદ્યાર્થીઓને હિન્દી ત્રીજી ભાષા તરીકે શીખવવામાં આવશે એવો આદેશ આપ્યો તેમાંથી કમઠાણ શરૂ થયું. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે તો તેની સામે મેદાનમાં આવ્યા જ પણ સરકારમાં ભાગીદાર એવા અજિત પવારે પણ તેનો વિરોધ કરી નાંખ્યો.

પવારના કહેવા પ્રમાણે, ધોરણ એક થી ધોરણ ચાર સુધી હિન્દી ભાષા ના શીખવવી જોઈએ અને હિંદીનું શિક્ષણ ધોરણ પાંચથી અપાવું જોઈએ. ભાજપના કેટલાક નેતાઓએ પણ ફરજિયાત હિંદી સામે વાંધો લીધો પછી સરકારે સ્પષ્ટતા કરવી પડી કે, હિન્દી ભાષા શીખવી ફરજિયાત નથી પણ કોઈ શાળા હિન્દી સિવાય બીજી ભાષા શીખવવા માગતી હોય તો દરેક વર્ગમાં ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થીઓની સંમતિ જરૂરી રહેશે.

આ આદેશ પછી ભાષાનો વિવાદ ઉકેલાય તો સારું કેમ કે આપણે ત્યાં છેલ્લાં કેટલાંક વરસોથી છાસવારે ભાષાની મોંકાણ મંડાઈ જાય છે ને તેનું કારણ ભાજપની નેતાગીરીનું આખા દેશને હિંદી શીખવી દેવાનું ઝનૂન છે. આ ઝનૂનના કારણે ભાજપના નેતાઓને એ પણ ભાન રહેતું નથી કે, પોતે કહેલી વાતનો જ છેદ ઉડાવી દે છે. ભાજપના નેતા વિદ્યાર્થીઓને માતૃભાષામાં શિક્ષણ આપવાની વાતો જોરશોરથી કરે છે. હવે મહારાષ્ટ્રમાં હિંદી ત્રીજી ભાષા બને તો ગુજરાતીભાષીઓનાં છોકરાંની માતૃભાષાનું શું ? તેમણે ગુજરાતીને બાજુ પર મૂકીને હિંદી શીખવાની ? ગુજરાતમાં કે બીજે રહેતાં મરાઠીભાષીઓનાં છોકરાંની માતૃભાષાનું શું ? આ સમસ્યા દરેક ભાષા માટે સર્જાય ને હિંદી શીખવાની લહાયમાં માતૃભાષા કોરાણે મુકાઈ જાય.

ભાજપની નેતાગીરીને હિંદીનું આટલું વળગણ કદાચ એટલા માટે છે કે, ભાજપના મોટા ભાગના ટોચના નેતા સારું અંગ્રેજી જાણતા નથી પણ અંગ્રેજીને અવગણી શકાય તેમ નથી. ભાજપના ગણ્યાગાંઠ્યા નેતા સારું અંગ્રેજી બોલી શકે છે, બાકી મોટા ભાગનાને તો અંગ્રેજીમાં જવાબ આપવો પડે તો પણ ફાંફાં પડી જાય એવી હાલત છે. સરકારી કામકાજમાં તો અધિકારીઓના ભરોસે ગાડું ગબડી જાય પણ જાહેરમાં અંગ્રેજી બોલવાનું આવે ત્યારે અધિકારી મદદે ના આવી શકે. તેની સામે હિંદીમાં ગમેતે ઠોકાઠોક કરી દો તો ચાલે તેથી અંગ્રેજીના બદલે હિંદી તેમને વધારે ગમતી હશે.

ભાજપનો પ્રભાવ હિન્દી પટ્ટામાં એટલે કે ઉત્તર અને મધ્ય ભારતમાં વધારે છે તેથી હિંદીની વકીલાત કરવામાં રાજકીય ફાયદો પણ છે તેથી પણ ભાજપના નેતા હિંદીની રેકર્ડ વગાડ્યા કરે છે પણ હિંદી આખા દેશનાં લોકોને આવડતી કે સ્વીકૃત ભાષા નથી એ સ્વીકારવું પડે. હિંદી શીખવાથી કોઈ મોટો ફાયદો નથી એ પણ વાસ્તવિકતા છે. ભાજપની નેતાગીરીને આ વાસ્તવિકતા સ્વીકારવામાં નાનમ આવે છે તેથી છાસવારે હિંદીનું વાજું વગાડવા બેસી જાય છે.

હિંદીની તરફેણ કરવા માટે ભાજપના કેટલાક અબૂધ નેતાઓ એવી દલીલ કરે છે કે ચીન, જાપાન, રશિયા, ફ્રાન્સ, જર્મન વગેરે દેશો અંગ્રેજી જાણતા નથી ને પોતપોતાની જ ભાષામાં જ કોમ્યુનિકેશન કરે છે છતાં દુનિયામાં તેમના ડંકા વાગે જ છે ને? વાત સાચી છે પણ તેના કરતાં વધારે સાચી વાત એ છે કે, ભારત કોઈ રીતે ચીન, રશિયા, જાપાન, જર્મની કે ફ્રાન્સની સમકક્ષ નથી. ચીન, જાપાન, ફ્રાન્સ, જર્મની ને દુનિયાના બીજા કેટલાક દેશો પાસે પોતાનું જ્ઞાન છે, સાયન્સ અને ટેકનોલોજીમાં અવ્વલ આ દેશો સતત એવી શોધો કર્યા કરે છે કે જેની દુનિયાને ગરજ છે તેથી જખ મારીને આ દેશોનો માતૃભાષા માટેનો પ્રેમ ચલાવી લેવો પડે છે, છૂટકો જ નથી.

ભારતના નામે સાયન્સ અને ટેકનોલોજીમાં જે સિદ્ધિઓ છે એ બધી ઉધારિયા છે. આપણી તમામ સિદ્ધિઓ વિદેશમાં થયેલાં સંશોધનોના આધારે છે ને તેનો આધાર અંગ્રેજી ભાષાનું જ્ઞાન છે. આપણા સંશોધકો, વિજ્ઞાનીઓએ વિદેશમાં થયેલી શોધો અને સંશોધનો અંગેનું જ્ઞાન અંગ્રેજી ભાષામાં મેળવીને આ દેશને તાકાતવર બનાવ્યો છે તેથી ખરેખર તો હિંદી નહીં પણ અંગ્રેજી પહેલા ધોરણથી ફરજિયાત હોવી જોઈએ.

અંગ્રેજી વૈશ્વિક ભાષા છે અને જ્ઞાનની ભાષા છે. દુનિયાનું બધું જ્ઞાન અંગ્રેજીમાં જ છે એવું નથી પણ અંગ્રેજીનો વ્યાપ બહુ મોટો છે અને તેમનામાં જ્ઞાન પ્રત્યે સભાનતા પણ છે તેથી નવું કંઈ પણ થાય કે તરત અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ થઈ જ જાય છે. અંગ્રેજી વૈશ્વિક સ્તરે બિઝનેસની પણ ભાષા છે કેમ કે અમેરિકા આજેય બિઝનેસમાં દુનિયામાં સૌથી મોટો દેશ છે.

ભારત પાસે સાયન્સ અને ટેકનોલોજીનું જ્ઞાન નથી પણ બીજું ઘણું જ્ઞાન છે. આધ્યાત્મિકતા, આરોગ્ય, સામાજિક જીવન વિશે ભારત પાસે મોટો ખજાનો છે પણ એ ખજાનો સંસ્કૃતમાં છે, હિન્દીમાં નથી. ભારતે પોતે પોતાની ભાવિ પેઢીને આ ખજાનાનું મહત્ત્વ સમજે ને દુનિયા સુધી એ પહોંચે એવું ઈચ્છતો હોય તો ભાવિ પેઢીને સંસ્કૃત શીખવવું જોઈએ અને અંગ્રેજી સહિતની વિદેશી ભાષાઓ શીખવવી જોઈએ કે જેથી દુનિયાને તેનો લાભ આપી શકાય ને ભારત પણ તેનો લાભ મેળવી શકે. ભારતના આયંગર કે મહેશ યોગી જેવા યોગાચાર્યો યોગનો પ્રચાર કરી શક્યા કે જિદ્દુ કૃષ્ણમૂર્તિ કે ઓશો રજનીશ જેવા લોકો ભારતીય જીવનદર્શનને દુનિયા સુધી પહોંચાડી શક્યા તેનું કારણ સંસ્કૃત અને અંગ્રેજીનું જ્ઞાન હતું.

બીજી એક વાત પણ વિચારવાની જરૂર છે. ભારતમાં એક વર્ગ અંગ્રેજીમાં શિક્ષણ આપવાની વ્યવસ્થાને અંગ્રેજોની દેન ગણાવીને ગાળો આપે છે. લોર્ડ મેકોલેએ અંગ્રેજ સરકારનો વહીવટ ચાલે એ માટે કારકુનો પેદા કરવા બનાવેલી શિક્ષણ પદ્ધતિ ગણાવીને તેને ફગાવી દેવાની વાતો કરે છે. સવાલ એ છે કે, અંગ્રેજી શીખીને કારકુનો બનતા હોય તો હિંદી શીખીને ક્યા પંડિત પેદા થઈ જવાના છે ? હિંદી પણ કારકુનો જ પેદા કરે છે ને ભરોસો ના બેસતો હોય તો ભારતમાં સાયન્સ અને ટેકનોલોજીનો કે ઔદ્યોગિક વિકાસ ક્યાં વધારે થયો છે તેનો ઈતિહાસ જાણી લો. ગુજરાત, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારતનાં રાજ્યો, બંગાળ વગેરે તેમાં આગળ છે, હિંદીભાષી રાજ્યો નહીં.

ભારતમાં જ્ઞાનની ભાષા હિંદી નહીં પણ સંસ્કૃત છે તેથી ભાજપની નેતાગીરીને ભારતીયતાની ચિંતા હોય તો તેમણે સંસ્કૃતને જીવંત કરવી જોઈએ. ભારતીય જ્ઞાન સંસ્કૃત, માગધી, પાલી સહિતની બીજી પ્રાચીન ભાષાઓમાં પણ પડ્યું છે. આ ભાષાઓને જીવંત રખાશે, નવી પેઢીને શીખવાડાશે તો ભારતીય વારસો જળવાશે. હિંદી તો બોલચાલની ભાષા છે તેથી એ જીવતી રહેવાની જ છે પણ ખતરો સંસ્કૃત સહિતની ભાષાઓ સામે છે પણ ભાજપની નેતાગીરીને તેની ચિંતા નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ,
શનિવાર, તા. ૨૮–૬–૨૦૨૫, વિનાયક ચતુર્થી, ભદ્રા

- ભારતીય દિનાંક ૭, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ–૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ–૩
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩જો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય સવારે ક. ૦૬–૩૫ સુધી, પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ધ્રુ
- ભરતીઃ બપોરે ક. ૧૪–૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૦૮ (તા. ૨૯)
- ઓટઃ સવારે ક. ૦૭–૩૦, રાત્રે ક. ૨૦–૪૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, અષાઢ શુક્લ – તૃતીયા. વિનાયક ચતુર્થી, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧–૨૯, સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં સવારે ક. ૦૬–૨૦. વાહન ઉંદર,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ, ઉપનયન આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બુધ–શનિ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, માલ વેંચવો, અનાજની કાપણી, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, ઘર–ખેતર જમીન–મકાન લેવડદેવડ, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, વિનાયક ચતુર્થી તિથિ પર્વની ઉજવણી, ગણેશ મંદિરોમાં વિશેષ અભિષેક પૂજા.

આચમનઃ બુધ–નેપ્ચ્યૂન ત્રિકોણ નૈસર્ગિક સમજશક્તિવાળા, બુધ–શનિ ત્રિકોણ ગંભીર

- ખગોળ જ્યોતિષઃ બુધ–નેપ્ચ્યૂન ત્રિકોણ, બુધ–શનિ ત્રિકોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય– મિથુન, મંગળ–સિંહ, બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મેષ, શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

# મમતાએ દીઘાના નવા મંદિર ખાતેથી રથયાત્રા શરૂ કરાવી



**મમતાની શ્રદ્ધાઃ** પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુરમાં દીઘા ખાતે નવ–નિર્મિત મંદિરમાંથી નીકળેલી ભગવાન જગન્નાથની રથયાત્રામાં ભાગ લઈ રહેલાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી અને તેમના પ્રધાનમંડળના સભ્યો. (પીટીઆઇ)

દીઘાઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ કાંઠાવિસ્તારમાં આવેલા દીઘાનાં નવ–નિર્મિત જગન્નાથ મંદિર ખાતેથી પ્રથમ રથયાત્રા શરૂ કરાવી હતી. મમતા બેનરજી અને તેમના પ્રધાનમંડળના સભ્યોએ શુક્રવારે બપોરે ‘જય જગન્નાથ’ના જયઘોષની વચ્ચે ભગવાન જગન્નાથ, ભગવાન બળભદ્ર અને દેવી સુભદ્રાના રથ ખેંચ્યા હતા.

પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાને લાઉડ સ્પીકર પર જાહેર કર્યું હતું કે શ્રદ્ધાળુઓ ૭૫૦ મીટરની રથયાત્રા દરમિયાન બેરિકેડ્સની અંદર આવીને ત્રણે રથના દોરડાને સ્પર્શ કરી શકશે, પરંતુ તેઓને રસ્તા પર રથ ખેંચવાની કોઇ પરવાનગી નહિ અપાય.

અગાઉ, મમતા બેનરજીએ સોનેરી ઝાડુથી ત્રણે રથના માર્ગ પર સફાઇ અને ‘આરતી’ કરી હતી.

વિદેશથી ‘ઇસ્કોન’ના આવેલા બાળકોનાં એક ગ્રૂપે સંગીત વગાડીને લોકોનાં દિલ જીતી લીધાં હતાં.

‘ઇસ્કોન’ના અંદાજે ૪૦ અનુયાયીએ ‘હરે રામ, હરે કૃષ્ણ’ ગાતાં–ગાતાં ત્રણે રથની આગળ નૃત્ય કર્યું હતું.

મમતા બેનરજીએ સોશિયલ મીડિયા ‘એક્સ’ પર લખ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં આ વખતે વિવિધ કોમ, ધર્મ, સંપ્રદાયના લોકોએ રથયાત્રામાં ભાગ લઇને કોમી–એકતાના દર્શન કરાવ્યા હતા.

તેમણે બંગાળીમાં લોકોને શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે અમે માનીએ છીએ કે દરેક લોકોને પોતાની આસ્થા મુજબ ધર્મને અનુસરવાની છૂટ મળવી જોઇએ. દરેક તહેવાર બંધુત્વની ભાવના ફેલાવે છે. (એજન્સી)

# પંજાબ પોલીસે પાકિસ્તાન સમર્થિત બબ્બર ખાલસા આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરીને ત્રણને પકડ્યા

ચંદીગઢ : પંજાબ પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે તેમણે પાકિસ્તાનની ઇન્ટર-સર્વિસિસ ઇન્ટેલિજન્સ (આઈએસઆઈ) સમર્થિત આતંકવાદી મોડ્યુલ બબ્બર ખાલસા ઇન્ટરનેશનલનો પર્દાફાશ કર્યો છે, જેમાં એક કિશોર સહિત ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

રાજ્ય પોલીસ વડા ગૌરવ યાદવે દાવો કર્યો હતો કે આ જૂથ અમૃતસર વિસ્તારમાં પોલીસ મથકો પર હુમલા અને લક્ષિત હત્યાઓનું કાવતરું ઘડી રહ્યું હતું.

‘‘એક મોટુ આતંકવાદી કાવતરૂ નિષ્ફળ બનાવવામાં આવ્યુ છે, જેનાથી અસંખ્ય નિર્દોષ લોકોના જીવ બચી ગયા છે,’’ એમ પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) એ જણાવ્યું હતું.

એક્સ પરની એક પોસ્ટમાં યાદવે જણાવ્યું હતું કે, ‘‘ગુપ્તચર આગેવાની હેઠળના ઓપરેશનમાં, રાજ્ય સ્પેશિયલ ઓપરેશન સેલ, મોહાલીએ પાકિસ્તાની આઈએસઆઈ સમર્થિત બબ્બર ખાલસા ઇન્ટરનેશનલ આતંકવાદી મોડ્યુલનો સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો છે, જે યુકે સ્થિત નિશાન સિંહ અને પાકિસ્તાન સ્થિત આતંકવાદી હરવિંદર રિંડા દ્વારા સંચાલિત હતો. એક કિશોર સહિત ત્રણ સહયોગીઓની ધરપકડ કરવામાં આવી છે.’’

‘‘ઓપરેશન દરમિયાન, બે હેન્ડ ગ્રેનેડ, એક પિસ્તોલ અને દારૂગોળો મળી આવ્યો હતો. પકડાયેલા આરોપીઓની ઓળખ સહજપાલ સિંહ અને વિક્રમજીત સિંહ તરીકે થઈ છે, બંને અમૃતસર ગ્રામ્યના રામદાસના રહેવાસી છે, અને એક કિશોર પણ છે,’’ એમ તેમણે જણાવ્યું હતું.

ભારતીય ન્યાય સંહિતા અને વિસ્ફોટકો અધિનિયમની સંબંધિત કલમો હેઠળ એસએસઓસી , મોહાલી, પોલીસ સ્ટેશન ખાતે એફઆઈઆર નોંધવામાં આવી છે.

તપાસ ચાલુ છે અને વધુ ધરપકડની અપેક્ષા છે, એમ ડીજીપીએ ઉમેર્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે પંજાબ પોલીસ આતંકવાદી નેટવર્કને તોડી પાડવા, સંગઠિત ગુનાઓને દૂર કરવા અને રાજ્યભરમાં શાંતિ, સલામતી અને સંવાદિતાનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

‘‘અમે નાગરિકોને સતર્ક રહેવા અને સુરક્ષિત પંજાબ માટેના આ સહિયારા મિશનમાં પંજાબ પોલીસને ટેકો આપવાનું ચાલુ રાખવા વિનંતી કરીએ છીએ,’’ તેમણે ઉમેર્યું હતું.

# ઉત્તર પ્રદેશમાં ટેન્કરે ટોળાને અડફેટે લેતાં ત્રણનાં મોત

શાહજહાંપુરઃ દિલ્હી–લખનઊ રાષ્ટ્રીય ધોરી માર્ગ પર પૂરપાટ ઝડપે આવતા એક ટેન્કરે રસ્તા પર ઊભેલા લોકોના ટોળાને અડફેટે લેતા ભયંકર દુર્ઘટના બની હતી. આ ઘટનામાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ચાર ગંભીર રીતે ઘાયલ થયા હતા.

આ જાણકારી પોલીસે શુક્રવારે આપી હતી. આ અકસ્માત શાહજહાંપુર જિલ્લાના ફીલ નગર ગામ નજીક ગુરુવારે રાત્રે થયો હતો. અકસ્માત બાદ ડ્રાઇવર ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. પોલીસ અધિક્ષક રાજેશ દ્વિવેદીએ જણાવ્યું કે એક કાર રસ્તાની બાજુમાં ઊભી હતી અને તેમાં સવાર લોકો મોટરસાઇકલ પર તેમના કેટલાક પરિચિતો સાથે વાત કરી રહ્યા હતા ત્યારે શાહજહાંપુરથી આવી રહેલા ટેન્કરે આ ટોળાને અડફેટે લીધું હતું.

આ અકસ્માત એટલો ભીષણ હતો કે ટોળાની નજીક ઊભેલી એક મોટરસાઇકલ ટેન્કરની નીચે ફસાઇ ગઇ હતી અને ઘણે દૂર સુધી ઘસડાતી ગઇ હતી. મૃતકોની ઓળખ યોગેશ કુમાર કુરીલ (૪૦), વિવેક મિશ્રા (૪૩) અને મુબાશીર અલી (૩૮) તરીકે થઇ હતી.

આ તમામને હોસ્પિટલ પહોંચતા જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા. દ્વિવેદીએ જણાવ્યું કે ચાર ઘાયલોની સરકારી મેડિકલ કોલેજમાં સારવાર ચાલી રહી છે. ટેન્કરને જપ્ત કરી લેવામાં આવ્યું છે અને ડ્રાઇવરને શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

# મોટરચાલકો રાજમાર્ગયાત્રા એપની મદદથી ટૂંક સમયમાં સૌથી ઓછો ટોલ લાગતો હાઈવે રૂટ જાણી શકશે

નવી દિલ્હીઃ એનએચએઆઈની રાજમાર્ગયાત્રા એપ આવતા મહિનાથી એક નવી સુવિધા સાથે આવશે જે મોટરચાલકોને બે સ્થળો વચ્ચે ઓછામાં ઓછો ટોલ લાગતા રૂટ વિશે માહિતી આપશે, એમ એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું.

રાજમાર્ગયાત્રા પ્રવાસીઓને રાષ્ટ્રીય ધોરીમાર્ગો વિશે વ્યાપક માહિતી પૂરી પાડે છે અને તેમને કાર્યક્ષમ ફરિયાદ નિવારણ પદ્ધતિ પણ પ્રદાન કરે છે.

ઉદાહરણ આપતાં, ઇન્ડિયન હાઇવે મેનેજમેન્ટ કંપનીના ઇન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ (ITS) ના ચીફ પ્રોડક્ટ ઓફિસર અમૃત સિંઘાએ જણાવ્યું હતું કે દિલ્હીથી લખનઊ જવા માટે ત્રણ રૂટ છે અને આ એપ મુસાફરોને શ્રેષ્ઠ રૂટ પસંદ કરવામાં મદદ કરશે.

‘‘તમે દિલ્હીથી યમુના એક્સપ્રેસવે દ્વારા લખનઊ જઈ શકો છો, અથવા ગાઝિયાબાદ–અલીગઢ–કાનપુર–લખનૌ અથવા મુરાદાબાદ–બરેલી–સીતાપુર–લખનઊ ક્રોસ કરીને મુસાફરી કરી શકો છો... આ એપ મોટરચાલકોને તે રૂટ વિશે માહિતી આપશે જે દિલ્હી અને લખનઊ વચ્ચે ઓછામાં ઓછો ટોલ આકર્ષિત કરશે,’’ એમ સિંઘાએ કહ્યું હતું. તેમણે એનએચએઆઈના એડવાન્સ્ડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (એટીએમએસ) દ્વારા સંકલિત ડેટાને ટાંકીને જણાવ્યું હતું કે બે અને ત્રણ પૈડાવાળા સવારો ગેરકાયદે રીતે ઍક્સેસ–નિયંત્રિત દિલ્હી–ગુડગાંવ અને દ્વારકા એક્સપ્રેસવેમાં પ્રવેશ કરી રહ્યા છે.

એટીએમએસ ડેટા મુજબ, ૨૧ જૂનથી ૨૩ જૂન દરમિયાન, ૧.૭૩ લાખ ઉલ્લંઘનો નોંધાયા હતા અને તેમાંથી એક લાખથી વધુ પ્રતિબંધિત વાહનો સંબંધિત હતા.

સિંહાએ જણાવ્યું હતું કે એનએચએઆઈ દિલ્હી–મુંબઈ એક્સપ્રેસવે દ્વારા બાંદિકુઈથી જયપુરને જોડતો ૬૭ કિમી લાંબો સ્પુર ખોલે તેવી શક્યતા છે, જેનાથી મુસાફરીનો સમય ઓછો થશે.

એનએચએઆઈ રાજસ્થાનના પ્રાદેશિક અધિકારી પ્રદીપ અત્રીએ જણાવ્યું હતું કે રૂ. ૧,૩૬૮ કરોડના ખર્ચે બનેલો આ નવો ચાર–લેનનો એક્સેસ–નિયંત્રિત બાંદિકુઈ–જયપુર પટ જુલાઈના મધ્ય સુધીમાં ટ્રાફિક ટ્રાયલ માટે ખુલવાની અપેક્ષા છે.

એનએચએઆઈ મેનેજર પુષ્પેન્દ્ર સિંહના જણાવ્યા અનુસાર, આ રસ્તો લગભગ અઢી વર્ષમાં બનાવવામાં આવ્યો હતો, અને તે જૂના દિલ્હી–જયપુર હાઇવે પરથી ટ્રાફિકનો મોટો ભાગ ખસેડવાની અપેક્ષા છે. હાલમાં, દિલ્હીથી જયપુર સુધી વાહન ચલાવવામાં લગભગ ૪ કલાક લાગે છે – દિલ્હી–મુંબઈ એક્સપ્રેસવે દ્વારા બાંદિકુઈ પહોંચવામાં અઢી કલાક અને છેલ્લા ૬૭ કિમીને આવરી લેવામાં વધુ દોઢ કલાક લાગે છે. નવા સ્પુર સાથે, આ યાત્રા લગભગ ત્રણ કલાકમાં પૂર્ણ થઈ શકશે.



**સુરક્ષાઃ** પશ્ચિમ બંગાળમાં દીઘા ખાતે ભગવાન જગન્નાથની રથયાત્રા પહેલાં જગન્નાથ ધામ ખાતે રથની નજીક સલામતી વ્યવસ્થાનું ધ્યાન રાખી રહેલા સુરક્ષા દળના જવાનો. (પીટીઆઇ)

# ભારત સાથે ‘ઘણો મોટો’ વેપાર કરાર કરીશું: ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે ભારત સાથે ‘ઘણો મોટો’ વેપાર કરાર કરવાના છીએ. અમે ભારતીય બજારોને (અમેરિકાના માલસામાનના વેચાણ માટે) વધુ ખુલ્લા મુકાવીશું. ટ્રમ્પને શુક્રવારે વાઇટ હાઉસમાંના એક કાર્યક્રમમાં ‘બિગ બ્યૂટિફૂલ બિલ’ અંગે પુછાયેલા સવાલના જવાબમાં જણાવ્યું હતું કે અમેરિકા ટૂંક સમયમાં ભારત સાથે ઘણો મોટો વેપાર કરાર કરવાનું છે. બધા દેશ હવે અમેરિકા સાથે વેપાર કરાર કરવા માગે છે. કરવેરા અને ખર્ચમાં કાપ મૂકવા માટેના ખરડાને પસાર કરાવવા રિપબ્લિકન પાર્ટી દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે તાજેતરમાં જ ચીનની સાથે વેપાર કરાર કર્યો છે અને ચીનને (અમેરિકાના માલસામાનના વેચાણ માટે) પોતાના બજારો વધુ ખુલ્લા મૂકવાની ફરજ પાડી છે. દરમિયાન, ભારતના વાણિજ્ય મંત્રાલયના ખાસ સચિવ રાજેશ અગરવાલના નેતૃત્વ હેઠળનું પ્રતિનિધિમંડળ અમેરિકા સાથેના વેપારને લગતા કરારના સંબંધે વાટાઘાટ કરવા ગુરુવારે વૉશિંગ્ટન આવી પહોંચ્યું હતું. ભારત અને અમેરિકા નવમી જુલાઇની પહેલાં દ્વિપક્ષી વેપાર કરારને આખરી સ્વરૂપ આપવા માગે છે. ભારતના ડેરી અને કૃષિ બજારોમાં અમેરિકાનો માલ વેચવા ડ્યૂટીમાં રાહત મળવી થોડી મુશ્કેલ છે, કારણ કે ભારતે અન્ય દેશોની સાથે કરેલા મુક્ત વેપાર કરારમાં પણ પોતાના ડેરી માર્કેટને વિદેશી માલસામાન માટે સંપૂર્ણ નથી ખોલ્યું.

અમેરિકા ઇચ્છે છે કે પોતાને ભારતીય બજારોમાં વાહનો, દારૂ, પેટ્રોલિયમ ઉત્પાદનો, સફરજન, સૂકો મેવો જેવી ચીજો વેચવા જકાતમાં રાહત મળે, જ્યારે ભારત કાપડ, જેમ્સ અને જ્વેલરી, ચામડાંનો સામાન, પ્લાસ્ટિક્સ, રસાયણો, ઝીંગા, તેલીબિયાં, દ્રાક્ષ, કેળાં વગેરે અમેરિકાની બજારોમાં વેચવા માટે ડ્યૂટીમાં વધારે રાહત મેળવવા માગે છે. (એજન્સી)

# બાંગ્લાદેશમાં છેલ્લી ત્રણ ચૂંટણીમાંની ગેરરીતિ તપાસવા સમિતિ રચાઇ

ઢાકાઃ બાંગ્લાદેશની વચગાળાની સરકારે દેશમાં ૨૦૧૪, ૨૦૧૮ અને ૨૦૨૪માં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાંની કહેવાતી ગેરરીતિ, ભ્રષ્ટાચાર અને વહીવટીતંત્રની સંડોવણીની તપાસ કરવા માટે એક સમિતિ રચી હતી.

પાંચ સભ્યની સમિતિનું નેતૃત્વ વડી અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ શમીમ હસ્નૈન કરશે અને તે પોતાનો અહેવાલ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં સરકારને સુપરત કરશે.

બાંગ્લાદેશની છેલ્લી ત્રણ સામાન્ય ચૂંટણી તે વખતના શાસક પક્ષ - અવામી લીગ પાર્ટીએ જીતી હતી. આ ચૂંટણીઓમાં અનેક નાગરિકોને મતદાનથી વંચિત રખાયા હોવાનો આક્ષેપ કરાયો હતો.

બાંગ્લાદેશની વચગાળાની સરકારે આ સંબંધમાં બહાર પાડેલા જાહેરનામામાં જણાવ્યું હતું કે અગાઉ દેશમાં ૨૦૧૪, ૨૦૧૮ અને ૨૦૨૪માં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં કાયદા, લોકતાંત્રિક પ્રક્રિયા અને મૂળભૂત માનવ અધિકારોનો ભંગ કરાયો હોવાની અનેક ફરિયાદ થઇ હતી અને તેની દેશમાં તેમ જ વિદેશોમાં ભારે ટીકા થઇ હતી.

જાહેરનામામાં જણાવાયું હતું કે તપાસ સમિતિ ચૂંટણીના નિરીક્ષકો, પ્રસારમાધ્યમો, સામાજિક સંગઠનો સહિતના દેશના નાગરિકો દ્વારા ચૂંટણી અને મતદાનના સંબંધમાં કરાયેલી ફરિયાદ અને અહેવાલોની તપાસ કરશે. (એજન્સી)



**આરતીઃ** અમદાવાદમાં રથયાત્રા વખતે શ્રી જગન્નાથ મંદિર ખાતે મંગળા આરતી કરી રહેલા કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ. (પીટીઆઇ)



**વિધિઃ** અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા પહેલાં સોનેરી ઝાડુથી સફાઇ કરવાની 'પહિંદ' વિધિ કરી રહેલા ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ. (પીટીઆઇ)




**ઑપરેશન સિંદૂરઃ** અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રામાં ઑપરેશન સિંદૂર અને ભારતીય લશ્કરના જવાનોને બિરદાવતાં ચિત્રો સાથેની ટ્રકે પણ ભાગ લીધો હતો. (પીટીઆઇ)

# 'જય જય જગન્નાથ'ના નાદ સાથે ભાવનગરમાં રાજ્યની બીજા નંબરની ૧૭ કિ.મી.ની શ્રી જગન્નાથજીની નગરચર્યા નીકળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશની ત્રીજા નંબરની અને અમદાવાદ પછી રાજ્યની બીજા નંબરની ભગવાન શ્રી જગન્નાથજીની ૪૦મી રથયાત્રાનું આજે વહેલી સવારે ૮:૦૦ કલાકે ભાવનગરમાં ભગવાન શ્રી જગન્નાથજી, મોટાભાઇ બલરામજી અને બહેન સુભદ્રાજીની મૂર્તિઓની શાસત્રોક્ત વિધિ બાદ કેન્દ્રિય રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન નિમુબેન બાંભણીયા, મેયર ભરતભાઇ બારડ અને સંતો-મહંતોની ઉપસ્થિતિમાં રથનું પ્રસ્થાન કરાવાયું હતુ.

કેન્દ્રીય રાજ્ય પ્રધાન નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, દેશની ત્રીજા નંબરની અને અમદાવાદ પછી ગુજરાત રાજ્યની બીજા નંબરની ભગવાન શ્રી જગન્નાથજી રથયાત્રાનું આયોજન ભાવનગર જિલ્લામાં થઇ રહ્યું છે ત્યારે જગન્નાથજી ભગવાન, બલરામજી અને બહેન સુભદ્રાજીનો રથ નગરચર્યા માટે રવાના થયો ત્યારે સમગ્ર નગરજનો દર્શન કરી ધન્યતાની લાગણી અનુભવી હતી. આ રથયાત્રા દરમિયાન અનેક અખાડાઓ, સ્વયંસેવકો, સુરક્ષાદળોમાં એકતાના સુંદર દર્શન થાય છે ત્યારે આ શહેરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે ભગવાન શ્રી જગન્નાથજીને પ્રાર્થના કરી હતી.

જય જય જગન્નાથ, હાથી, ઘોડા, પાલકી, 'જય કનૈયા લાલ કી' નાં ભક્તોનાં નાદ વચ્ચે ભગવાન જગન્નાથજી, ભાઇ બળદેવજી અને બહેન સુભદ્રાજી સાથે નગરની ૧૭ કિ.મી.ની પરંપરાગત નગરચર્યાએ સુભાષનગર ખાતેના નિજ મંદિરેથી નીકળ્યાં હતા. શહેરના ભાવિક ભક્તોમાં રથયાત્રા નીકળવાનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ દરમ્યાન મોટી સંખ્યામાં ભાવિકો એકત્રિત થયાં હતા અને ભગવાન જગન્નાથજીનાં દર્શનનો લાભ લીધો હતો. રથયાત્રાના પ્રારંભે માજી સૈનિકોએ સલામી આપીને પ્રારંભ કરાવ્યો હતો ત્યારબાદ અવનવા પ્લોટસ રથયાત્રામાં જોડાયા હતા.

આ વખતે રથયાત્રામાં અનેકવિધ શણગારો જોવા મળ્યા હતા. ગજરાજ, ઓપરેશન સિંદૂર, સાઇકલ ક્લબનો ટેબ્લો, અકસ્માતના ફોટોગ્રાફ્સ અને ટ્રાફિકના નિયમો અને તાજી બનેલી ઘટનાઓ દર્શાવતા ટેબ્લોની સાથે રથયાત્રાના માર્ગ પર શ્રવણ યાત્રાનો ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. રથયાત્રામાં ચોક્કસ થીમ આધારિત ફ્લોટસનાં ટ્રકને રથયાત્રામાં જોડવામાં આવ્યાં હતા. રથયાત્રા સાથે આરોગ્ય તથા ફાયર બ્રિગેડનો સ્ટાફ, પોલીસ, બી.એસ.એફ,સી.આર.પી.એફના જવાનો જોડાયાં હતાં. આ રથયાત્રામાં હાઈટેક સાધનો- ઉપકરણોનો ઉપયોગ કરીને સુરક્ષા પૂરી પાડવામાં આવી હતી.

ભાવનગરમાં ભગવાન જગન્નાથજી ની ૪૦મી રથયાત્રામાં દુર્ગાવાહિનીની બહેનો દ્વારા અખાડાના કરતબો અને ખેલ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં બહેનો દ્વારા તલવારબાજી, પટ્ટાબાજી, ટાઈગર જંપ, ચક્ર ફેરવવું, લાકડી ફેરવવી સહિતની કલાઓ દ્વારા નારી શક્તિને રજૂ કરી હતી. સમગ્ર રૂટ પર બહેનો દ્વારા ખાસ અખાડાના દાવો - કરતબો રજૂ કરવામાં આવ્યા હતા.

# મુખ્ય પ્રધાને ગાંધીનગરની પુન્દ્રાસણ શાળામાં ૧૯૭ બાળકોને શૈક્ષણિક કિટ આપી શાળા પ્રવેશ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પ્રવેશોત્સવ-૨૦૨૫ના બીજો દિવસ અને અષાઢી બીજના પાવન અવસરે ગાંધીનગર જિલ્લાની પુન્દ્રાસણ પ્રાથમિક શાળામાં ૧૯૭ બાળકોને શૈક્ષણિક કિટ ભેટ આપીને હોંશભેર શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. આ વેળાએ મુખ્ય પ્રધાને નાના ભૂલકાઓ સાથે સહજભાવે સંવાદ કરીને તેમને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કર્યા હતા.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, શિક્ષણના મહત્ત્વ અને જરૂરિયાત અંગે લોકોને જાગૃત કરવા તેમજ ગુજરાતની ભાવિ પેઢીને શિક્ષિત બનાવવાના આશય સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩થી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ મહાયજ્ઞનો પ્રારંભ કરાવ્યો છે. જેના પરિણામે આજે બાળકોનાં માતા-પિતા અને સમગ્ર સમાજને શિક્ષણનું મહત્ત્વ સમજાયું છે.

નબળી આર્થિક પરિસ્થિતિના પરિણામે કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા આશયથી રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ શિક્ષણલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. યોજનાઓનો મહત્તમ લાભ લઈને પોતાનાં બાળકોનું શિક્ષણ સુનિશ્ચિત કરવું એ સૌ મા-બાપની જવાબદારી છે તેવી અપિલ તેમણે બાળકોના વાલીઓને કરી હતી.

બાળકો શિક્ષિત થાય તે માટે દરેક સમાજ દ્વારા યથાયોગ્ય પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકાર વિવિધ સમાજની આવી શિક્ષણલક્ષી પહેલોમાં તેમની પડખે રહીને જરૂરી સહાય પૂરી પાડી રહી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, પોતાના ગામની શાળાને આદર્શ શાળા બનાવવા માટે શિક્ષકોએ અને એસએમસી કમિટીએ શાળા શિક્ષણકાર્યને વધુ ગુણવત્તાયુક્ત બનાવવાની દિશામાં ચિંતા અને ચિંતન કરીને યોગ્ય પ્રયાસો કરવા જોઈએ.

મુખ્ય પ્રધાને વાલીઓને પણ આગ્રહ સાથે બાળકોને દરરોજ શાળાએ ભણવા મોકલવા તેમજ તેના શિક્ષણમાં મદદરૂપ થવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ બાળકો જ ગુજરાતની ભાવિ પેઢી છે, જે વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે.

# વડોદરામાં રથયાત્રા દરમિયાન ફરજ પર રહેલા પોલીસ જવાન નરેશ રાઠવાનું હાર્ટ એટેકથી દુઃખદ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં રથયાત્રાના બંદોબસ્ત દરમિયાન એક દુઃખદ ઘટના બની હતી. હરણી પોલીસ મથકમાં ફરજ બજાવતા અને પ્રતાપનગર હેડ ક્વાર્ટર ખાતે રહેતા ૩૮ વર્ષના પોલીસ જવાન નરેશ હરજીભાઈ રાઠવાનું હાર્ટ એટેકના કારણે મોત નીપજ્યું હતું.

મૃતક નરેશભાઈ રાઠવા મૂળ છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટના રહેવાસી હતા. હાલમાં તેઓ વડોદરાના પ્રતાપનગર હેડ ક્વાર્ટર ખાતે રહેતા હતા અને છેલ્લા ૨ વર્ષથી તેઓ હરણી પોલીસ મથકમાં ફરજ બજાવી રહ્યા હતા.

આ ઘટના ત્યારે બની કે જ્યારે રથયાત્રા દરમિયાન નરેશભાઈ રાવપુરા પોલીસ મથકની હદમાં બંદોબસ્ત ફરજ પર હતા. ફરજ દરમિયાન અચાનક તેમને ગભરામણ શરૂ થઈ અને ઊલટી થવા લાગી હતી. તાત્કાલિક સહ કર્મચારીઓ દ્વારા તેમને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું દુઃખદ અવસાન થયું હતું. આ ઘટના બાદ પોલીસ દળ અને પરિવારમાં શોકની લાગણી ફેલાઇ ગઈ હતી.

# અમદાવાદ પ્લેન ક્રેશમાં ઈજાગ્રસ્ત ૧૨ મેડિકલ સ્ટુડન્ટ્સની સંપૂર્ણ ફી માફ કરવાની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં થયેલી પ્લેન ક્રેશ દુર્ઘટનામાં બી. જે. મેડિકલ કોલેજના એમબીબીએસના ૪ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા હતા, જ્યારે અન્ય વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. કોલેજના જુનિયર ડોક્ટર ઍસોસિએશન દ્વારા ઘાયલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ફી માફ કરવા માટે ગુજરાત યુનિ.ને રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે યુનિ. દ્વારા એમબીબીએસના ૧૦ અને ફિઝિયોથેરાપીના ૧ તેમજ ૧ રેસિડેન્ટ ડોક્ટર સહિત ૧૨ વિદ્યાર્થીઓની સંપૂર્ણ શૈક્ષણિક ફી માફ કરવામાં આવી છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા બી. જે. મેડિકલ કોલેજના ડીનને લખવામાં આવેલા પત્ર મુજબ સરકારના સૂચન અને જુનિયર ડોક્ટર એસો.ની રજૂઆતને ધ્યાને લઈને લઈને પ્લેન ક્રેશની ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા મેડિકલ વિદ્યાર્થીઓ માટે યુનિ.ની સંપૂર્ણ શૈક્ષણિક ફી માફ કરવામાં આવશે. કુલ ૧૨ વિદ્યાર્થીઓની તમામ પ્રકારની શૈક્ષણિક ફી માફ કરવામાં આવી છે. આ ૧૨ વિદ્યાર્થીઓમાં બી. જે કોલેજના એમબીબીએસ પ્રથમ વર્ષના બે અને બીજા વર્ષના ૮ વિદ્યાર્થીઓ છે. ઉપરાંત એક વિદ્યાર્થી ફિઝિયોથેરાપીના ફાઇનલ વર્ષનો છે. બી. જે. મેડિકલ કોલેજ મેનેજમેન્ટના જણાવ્યા મુજબ કોલેજના એમબીબીએસના પ્રથમ વર્ષના જે ૪ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા છે તેઓની શૈક્ષણિક ફી પરત કરવા માટે પણ રજૂઆત કરવામાં આવશે અને ફી પરત કરાશે. જ્યારે સરકારી કોલેજ હોવાથી સરકાર દ્વારા લેવાતી વાર્ષિક ટ્યુશન ફી પણ પરત કરવા માટે સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# પ્રગતિશીલ ખેડૂતોને એક લાખ સુધીના રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેતીને સરળ બનાવવા માટે સરકાર ખેડૂતો માટે દરરોજ નવી નવી યોજનાઓ લાવતી રહે છે. હવે રાજ્ય સરકારે પ્રગતિશીલ ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે મોટો નિર્ણય કર્યો છે. સરકાર પ્રગતિશીલ ખેડૂતોને એક લાખ સુધીના રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરશે.

રાજ્યમાં કૃષિ ક્ષેત્રે ઉત્સાહી અને પ્રગતિશીલ ખેડૂતો કે જેઓ પોતાની આગવી કોઠા સૂઝથી ખેતીના વિકાસમાં નવીનતા લાવવામાં તેમજ નવીન તકનીકો રજૂ કરવા માટે કાર્ય કરે છે. આવા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર યોજના અંતર્ગત રૂ. ૧ લાખ સુધીના રોકડ પુરસ્કાર આપી સન્માન કરવામાં આવશે. આ માહિતીનો ઉલ્લેખ ખેતી નિયામકની યાદીમાં કરવામાં આવ્યો હતો.

યાદીમાં વધુમાં જણાવાયા અનુસાર, આગવી કોઠાસૂઝથી કૃષિક્ષેત્રે આગવી સિદ્ધિ પ્રદાન કરેલ ખેડૂતોએ આ યોજનાનો લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીને નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. અરજી ફોર્મ ખેતી નિયામકની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

# ભરૂચનાં ૧૧ ગામમાં મનરેગાના નામે લાખોની ઉચાપતના કેસમાં કૉંગ્રેસ નેતાના પુત્ર સહિત ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ મનરેગા કૌભાંડ બાદ હવે ભરૂચ જિલ્લામાં પણ મોટા પાયે મનરેગા કૌભાંડ બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. બે એજન્સીઓએ મળીને ૧૧ ગામોમાં મનરેગા યોજના હેઠળ થયેલાં કામોમાં ગેરરીતિ આચરી રૂપિયા ૧૯.૬૪ લાખ સરકાર પાસેથી ગેરકાયદેસર રીતે વસૂલ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે કૉંગ્રેસના દિગ્ગજ નેતા હીરા જોટવા બાદ હાંસોટ તાલુકા પંચાયતના ક્લાર્ક રાજેશ ટેલરની અટકાયત કરવામાં આવી હતી. બાદમાં હીરા જોટવાના દીકરા દિગ્વિજય જોટવાની ધરપકડ કરવામાં આવી હતી. આ અંગે મદદનીશ પ્રયોજના અધિકારી પ્રતીક ચૌધરીએ ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ગીર સોમનાથ જિલ્લાના સુપાસી ગામના પીયૂષ ઉકાળીની જલારામ એન્ટરપ્રાઇઝ અને જોધા સભાડની મુરલીધર એન્ટરપ્રાઇઝ દ્વારા મનરેગાનાં કામો હેઠળ વધારે મટિરિયલ બતાવી ખોટા બિલ બનાવવામાં આવ્યા હતા. આ ખોટા બિલના આધારે જલારામ એન્ટરપ્રાઇઝે રૂ. ૬.૫૮ લાખ અને મુરલીધર એન્ટરપ્રાઇઝે રૂ. ૧૩.૫ લાખ મળી કુલ રૂ. ૧૯.૬૪ લાખ સરકાર પાસે વસૂલ્યા હતા.

જલારામ એન્ટરપ્રાઇઝ અને મુરલીધર એન્ટરપ્રાઇઝ દ્વારા ભરૂચ જિલ્લાના ત્રણ તાલુકાનાં ૧૧ ગામોમાં મનરેગા યોજના હેઠળ રોડ-રસ્તાનાં કામો હાથ ધરવામાં આવ્યા હતા. આ કામોમાં જરૂરિયાત મુજબનું મટિરિયલ વાપરવામાં આવ્યું ન હોવા છતાં, વધારે મટિરિયલ બતાવવામાં આવ્યું હતું. એટલું જ નહીં, મનરેગા યોજના હેઠળ લોકોને મળતી રોજગારી પણ છીનવી લઈને આ બંને એજન્સીઓએ નિયત માનવશ્રમનો ઉપયોગ કર્યો ન હતો અને જાતે જ યાંત્રિક મશીનરીથી રોડ-રસ્તાનાં કામો કર્યાં હતાં.

કૌભાંડ આચરવામાં આવેલાં ગામોમાં જંબુસર તાલુકાના કીમોજ, વહેલમ અને બોજાદરા, આમોદ તાલુકાના ધમણાદ, પુરુષા, રાણીપુરા અને દાદાપર, હાંસોટ તાલુકાના સમલી, કંટીયાજાળ, બોલાવ અને સુણેવખુદ ગામનો સમાવેશ થાય છે. પોલીસ ફરિયાદમાં ભરૂચ જિલ્લાના કુલ ૫૬ ગામોમાં રૂ. ૭.૩૦ કરોડનું કૌભાંડ આચરાયું હોવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે. ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસે બંને એન્ટરપ્રાઇઝના માલિકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# કેન્દ્રીય નાણાપ્રધાન ગાંધીનગરમાં ગિફ્ટ સિટીની મુલાકાતે, ગિફ્ટ આઈએફએસસીની પ્રગતિની સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના પ્રધાન નિર્મલા સીતારમણે ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસીસ સેન્ટર (આઈએફએસસી) ની મુલાકાત લીધી હતી અને ગિફ્ટ ઇન્ટરનેશનલ ફાઇનાન્સ સર્વિસીસ સેન્ટર (ગિફ્ટ આઈએફએસસી) ની પ્રગતિની સમીક્ષા કરી અને મુખ્ય બજાર સહભાગીઓ સાથે વાતચીત કરી હતી.

આ ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠકમાં ગુજરાત સરકારના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ પ્રધાન કનુભાઈ દેસાઈ, નાણાં સચિવ અને સચિવ, ડીઈએ, ભારત સરકારના નાણાં મંત્રાલયના તમામ વિભાગોના સચિવો, કોર્પોરેટ બાબતોનું મંત્રાલય, કાનૂની બાબતોના વિભાગ, ખાસ ફરજ પરના અધિકારી અને નિયુક્ત સચિવ, ડીઈએ, વાણિજ્ય વિભાગ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ખાસ સચિવ, ડેપ્યુટી ગવર્નર, આરબીઆઈ , આઈએફએસસીએ, ગિફ્ટ સિટી કંપની લિમિટેડ, સેબીના અધ્યક્ષો, ઈરડાના કાર્યકારી અધ્યક્ષ અને નાણાં મંત્રાલય અને ગુજરાત સરકારના સિનિયર અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ગિફ્ટ સિટી કંપની લિમિટેડ અને આઈએફએસસીએએ ગિફ્ટ આઈએફએસસીને એક અગ્રણી વૈશ્વિક નાણાકીય કેન્દ્ર તરીકે સ્થાન આપવાના હેતુથી મુખ્ય નીતિ, નિયમનકારી અને કર સુધારાઓ પર પ્રેઝન્ટેશન આપ્યું હતું.

કેન્દ્રીય નાણાં મંત્રીએ બેંકિંગ, વીમા, મૂડી બજારો, ભંડોળ ઉદ્યોગ, નાણાકીય કંપનીઓ, ચુકવણી સેવાઓ પ્રદાતાઓ, વિમાન અને જહાજ લીઝિંગ કંપનીઓ, ટેકફિન કંપનીઓ, આઈટીએફએસ પ્લેટફોર્મ પ્રદાતાઓ અને વિદેશી યુનિવર્સિટીઓના એમડી અને સીઈઓ, અધ્યક્ષો, સ્થાપકો અને સીએફઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.

# આસારામની વચગાળાના જામીન સાતમી જુલાઈ સુધી લંબાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે ૨૦૧૩ના બળાત્કાર કેસમાં આસારામને મોટી રાહત આપી હતી. હાઈ કોર્ટે તેમના વચગાળાના જામીન ૭ જુલાઈ, ૨૦૨૫ સુધી લંબાવ્યા છે. આસારામને ગાંધીનગરની સેશન્સ કોર્ટે ૨૦૧૩ના બળાત્કારના કેસમાં દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. તેમના વચગાળાની જામીન ૩૦ જૂને પૂરા થવાના હતા. ન્યાયમૂર્તિ ઈલેશ વોરા અને ન્યાયમૂર્તિ સંદીપ ભટ્ટની ખંડપીઠે આસારામના વચગાળાના જામીનની મુદ્દત લંબાવી હતી, જેથી તેમના વકીલો અરજી સંબંધિત જરૂરી દસ્તાવેજો રજૂ કરી શકે. હાઈ કોર્ટે જણાવ્યું કે આ કેસની સુનાવણી ૨ જુલાઈના રોજ થશે. અગાઉ, હાઈ કોર્ટે ૨૮ માર્ચના રોજ આપેલા વચગાળાના જામીન ત્રણ મહિના માટે લંબાવ્યા હતા, જે ૩૦ જૂનના પૂરા થવાના હતા.

જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ પી.એમ. રાવલની ખંડપીઠે જણાવ્યું કે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવી છે. વર્તમાન કેસના વિશિષ્ટ તથ્યોને ધ્યાનમાં રાખીને, ખાસ કરીને નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરિટીનું પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયાને કારણે અમે વચગાળાના જામીન ૭ જુલાઈ સુધી લંબાવવા તૈયાર છીએ.

# ગુજરાત હાઈ કોર્ટમાં સુનાવણી દરમિયાન વ્યક્તિ ટોઈલેટ પરથી હાજર રહ્યો હોવાના વીડિયોથી ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટની વર્ચ્યુઅલ સુનાવણી દરમિયાન એક અસામાન્ય અને શરમજનક ઘટના બની હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. સુનાવણી ચાલી રહી હતી ત્યારે એક વ્યક્તિ ટોયલેટ સીટ પર બેઠેલો જ ન્યાયાધીશ સમક્ષ હાજર થયો હતો અને કથિત રીતે શૌચક્રિયા કરતો જોવા મળ્યો હતો. બાર એન્ડ બેન્ચના અહેવાલ અનુસાર, આ ઘટના ૨૦ જૂનના રોજ જસ્ટિસ નિરજ એસ. દેસાઈની ખંડપીઠ સમક્ષ બની હતી.

વીડિયોમાં શરૂઆતમાં 'સમદ બેટરી' નામનો એક વ્યક્તિ બ્લૂટૂથ ઇયરફોન પહેરીને લોગ ઇન થયેલો દેખાયો હતો, થોડીવાર પછી, તે પોતાનો ફોન થોડા અંતરે મૂકે છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે તે ટોયલેટ સીટ પર બેઠો હતો. ત્યારબાદ વોશરૂમમાંથી બહાર આવતો પણ દેખાય છે. ત્યારબાદ તે થોડા સમય માટે સ્ક્રીન પરથી અદૃશ્ય થઈ જાય છે અને ફરીથી એક રૂમમાં દેખાયો હતો. કોર્ટના રેકોર્ડ મુજબ, આ વ્યક્તિ એફઆઈઆર રદ કરવા માટે દાખલ કરાયેલી અરજીમાં પ્રતિવાદી તરીકે હાજર થયો હતો. તે ફોજદારી કેસમાં ફરિયાદી હતો. નોંધનીય છે કે, બંને પક્ષો વચ્ચે સમાધાન થયા બાદ કોર્ટે એફઆઈઆર રદ કરી હતી. આ ઘટનાએ ન્યાયિક પ્રક્રિયાની ગરિમા અને ઓનલાઈન સુનાવણીના પ્રોટોકોલ અંગે ગંભીર સવાલો ઊભા કર્યા હતા.

જો કે આ અંગે તંત્ર સાથે સીધો સંપર્ક સાધી શકાયો નથી. ઉલ્લેખનીય છે કે ઓનલાઈન કોર્ટની કાર્યવાહી દરમિયાન અયોગ્ય વર્તનનો આ પહેલો કિસ્સો નથી. અગાઉ, એપ્રિલ મહિનામાં પણ ગુજરાત હાઈ કોર્ટે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર થયેલા એક અરજદાર પર રૂ.૫૦,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો, કારણ કે તે સુનાવણી દરમિયાન સિગારેટ પીતો જોવા મળ્યો હતો. તેવી જ રીતે, માર્ચમાં દિલ્હીની એક કોર્ટે પણ આવા જ એક કિસ્સામાં સિગારેટ પીતા જોવા મળેલા અરજદારને સમન્સ પાઠવ્યા હતા.

# વડોદરા જિલ્લામાં ૨૦ જોખમી સ્થળે પાણીમાં નહાવા કે ભીડ એકઠી કરવા પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એ. શાહે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારો તથા વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત)માં છેલ્લા બે-ત્રણ વર્ષમાં બનેલી દુર્ઘટનાઓની વિગતોના આધારે ૨૦ સ્થળોને જોખમી જાહેર કરીને પાણીમાં નહાવા કે ભીડ એકઠી કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું.

સ્થળોની યાદી જોઈએ તો, નર્મદા મેઇન કેનાલ ગામ-ડુમા, દેવ નદી ગામ-વ્યારા, હનુમાનપુરા ગામનું તળાવ, કોટંબી તળાવ, બસ સ્ટેશન પાછળ આવેલ નાળું, તરસવા ગામે, નર્મદા મેઇન કેનાલ ગામ-તેનતલાવ, નર્મદા માઇનોર કેનાલ ગામ-કુંઢેલા, અંબાવ ગામનું તળાવ, પલાસવાડા ગામનું તળાવ, ઓરસંગ નદી વડદલી અને ભાલોદરા ગામ,અંગુઠણ નારીયા રોડ પાસે આવેલ કૂવાની સામે આવેલ સરકારી કાંસનો ઊંડો ખાડો, દિવેર ગામે મઢીએ, નારેશ્વર ઘાટ, નર્મદા નદી લીલોડ એ સાયર ગામ, લાંછનપુર મહિસાગર નદીના પ્રવાહમાં, કનોડા મહિસાગર નદીના પટ્ટમાં પોઇચા(ક) ગામ, ચેકડેમ સિંધરોટ, મહિસાગર નદીના પાણીમાં, મુજપુર બ્રિજ મહી નદી, અંબાજી માતા તળાવ પાદરા અને મહિસાગર નદી તટ ડબકા ગામ સ્થળ/વિસ્તાર જાહેર કરી પાણીમાં ન્હાવા કે ભીડ થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ જાહેરનામું તા. ૦૨-૦૮-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# ક્રાઇમની તપાસમાં આધુનિક બાયોમેટ્રિક સિસ્ટમનો ઉપયોગઃ એમસીયુ શરૂ કરાયું

પાલઘરઃ ફોજદારી કેસના આરોપીઓની વિગતો એકઠી કરવા માટે રાષ્ટ્રવ્યાપી તમામ જિલ્લા સ્તરે મેઝરમેન્ટ કલેક્શન યુનિટ (એમસીયુ) સ્થાપવા નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યૂરો (એનસીઆરબી) દ્વારા નિર્દેશ અપાતાં મહારાષ્ટ્રમાં પાલઘર પોલીસે આવું યુનિટ સ્થાપીને પહેલ કરી છે.

એમસીયુ ક્રિમિનલ પ્રોસીજર એક્ટ, ૨૦૨૨ હેઠળ સ્થાપવામાં આવ્યું છે, જે ફોજદારી કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓના શારીરિક અને જૈવિક ડૅટા જમા, સંગ્રહ અને વિશ્લેષણ કરશે, એમ પોલીસે જણાવ્યું હતું. આમાં ફિંગરપ્રિન્ટ્સ લેવી, રેટિના સ્કેન, શરીરનું માપન, ઓળખના નિશાન અથવા જખમ, ફોટા, ફોરેન્સિક હેતુઓ માટે કાયદા હેઠળ મંજૂર અનુસાર પ્રાઇવેટ પાર્ટ્સની ઇમેજ લેવાનો સમાવેશ થાય છે. આ પ્રણાલી થકી રાજ્યના તમામ જિલ્લા અને જેલ પ્રશાસન હવે એકબીજા સાથે જોડાઇ જશે. આ આધુનિક યુનિટ પ્રિઝનર્સ એક્ટ, ૧૯૨૦ની જૂની ઓળખની જગ્યા લેશે. અગાઉ માત્ર ફોટો અને ફિંગરપ્રિન્ટ લેવાતા હતા, એમ અધિકારીએ કહ્યું હતું. આ માહિતી ૭૫ વર્ષ સુધી જમા કરાશે, જે એમસીયુમાં જેમની વિગતો હોય તેની લાંબા સમય સુધી ઓળખ ઉપલબ્ધ રહેશે અને દેખાવ બદલીને ન્યાયથી ભાગવાનો પ્રયાસ નહીં કરી શકશે.

અત્યાધુનિક બાયોમેટ્રિક ઓળખ પ્રણાલી જિલ્લા સ્તરના પોલીસદળમાં લાવવાની બાબતમાં આ મોટું સીમાચિહ્ન છે. ફોજદારી ન્યાય પ્રક્રિયામાં ટેક્નોલોજી પ્રેરિત, ડૅટા કેન્દ્રિત પદ્ધતિ અપનાવવા માટે રાષ્ટ્રના આગ્રહમાં તે યોગદાન આપશે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઇ)

# મહારાષ્ટ્રે ખેડૂતો માટે હેજિંગ ડેસ્કનો આરંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બાળાસાહેબ ઠાકરે કૃષિ વ્યવસાય અને ગ્રામીણ પરિવર્તન (સ્માર્ટ) પ્રોજેક્ટના પ્રથમ તબક્કા હેઠળ ખેડૂતોને વાજબી બજાર ભાવ અને ખેડૂતો માટે આવક વધારવાના હેતુથી પુણેમાં હેજિંગ ડેસ્ક શરૂ કર્યું છે.

આ ડેસ્ક શરૂઆતમાં કપાસ, હળદર અને મકાઈના પાક પર ધ્યાન કેન્દ્રિત કરશે. સમય જતાં, તેનો વિસ્તાર કરીને વધુ પાકનો સમાવેશ કરવામાં આવશે, એમ મુખ્ય પ્રધાનની કચેરી (સીએમઓ) તરફથી એક નિવેદનમાં જણાવાયું છે.

નેશનલ કોમોડિટી એન્ડ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ (એનસીડેક્સ) અને તેની સંશોધન શાખા એનસીડેક્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમોડિટી માર્કેટ્સ એન્ડ રિસર્ચ (એનઆઈસીઆર)ના સમર્થનથી આ પહેલનો હેતુ ખેડૂતોને બજાર ભાવમાં થતા વધઘટને કારણે થતા નુકસાનને ટાળવામાં મદદ કરવાનો છે, એમ તેમાં જણાવાયું છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેને કૃષિ ક્ષેત્રના વિકાસ માટે એક મોટું પગલું ગણાવ્યું હતું.

મહારાષ્ટ્રના કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદન (જીએસડીપી)માં કૃષિ ૧૨ ટકા ફાળો આપે છે, છતાં પાક ઉત્પાદન હજુ પણ પ્રકૃતિ પર ભારે નિર્ભર છે.

સફળ પાક હોવા છતાં ખેડૂતો ઘણીવાર તેમના ઉત્પાદન પર ભાવ નિયંત્રણનો અભાવ ધરાવે છે. આ અનિશ્ચિતતાનો સામનો કરવા માટે સરકારે નીતિઓ, આધુનિક કૃષિ પદ્ધતિઓ અને પાક વીમા યોજનાઓ દ્વારા ટેકો આપ્યો છે.

વ્યક્તિગત ખેડૂતોના મર્યાદિત સંસાધનો અને બજાર જ્ઞાનને ઓળખીને સરકારે હવે પુણેમાં એક સમર્પિત, કેન્દ્રિયકૃત કૃષિ હેજિંગ ડેસ્કની સ્થાપના કરી છે, એમ તેમાં જણાવાયું છે.

## ‘હેજિંગ ડેસ્ક’ શું છે?

‘હેજ’ એ એક એવું ઉપકરણ છે જે બાહ્ય જોખમો સામે રક્ષણ આપવા માટે બનાવવામાં આવે છે, જેમ કે ઘરનો દરવાજો, ખેતરની વાડ. ભાવમાં વધઘટથી ઉદ્ભવતા જોખમો સામે રક્ષણ આપવા માટેની આ પણ એક પ્રકારની વાડ છે, જેને ‘હેજિંગ’ કહેવામાં આવે છે. ‘હેજિંગ’નો મુખ્ય હેતુ ભવિષ્યમાં ભાવ ઘટાડાથી ઉદ્ભવતા જોખમને ઘટાડવાનો છે. ભવિષ્યમાં ભાવ વધારાનો લાભ લેવા માટે ઓપ્શન ટ્રેડિંગનો ઉપયોગ કરી શકાય છે. વિશ્વ બેંકની સલાહ અને પ્રોજેક્ટ અમલ યોજના અનુસાર, ખેડૂતો અને કૃષિ-પ્રક્રિયા કંપનીઓને કૃષિ પેદાશોના ભાવમાં ઘટાડાનું જોખમ ઘટાડવા માટે વાયદા બજારમાં ભાગ લેવામાં મદદ કરવા તેમજ તેમને આ સંદર્ભમાં માર્ગદર્શન અને તાલીમ આપવા માટે ‘હેજિંગ ડેસ્ક’ શરૂ કરવામાં આવ્યું છે.

# ગ્રાહકોની બાજુ સાંભળ્યા વિના જ વીજદર ઘટાડવાનો નિર્ણય લેવાયાની રાવ

પુણેઃ દરેક પ્રકારના ગ્રાહકો માટે વીજદરમાં ઘટાડો કરવાનો નિર્ણય રાજ્ય વીજ નિયામક પંચ દ્વારા ૨૮મી માર્ચે લેવામાં આવ્યો હતો. આ નિર્ણયને ફગાવીને મહાવિતરણ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવને બુધવારે પંચ દ્વારા સ્વીકાર્યો હોવાનો આક્ષેપ સજગ નાગરિક મંચ દ્વારા કરવામાં આવ્યો હતો. આ નિર્ણય લેવા પહેલા ગ્રાહકોનું કહેવું પણ સાંભળવામાં આવ્યું ન હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો.

મહાવિતરણના નવેમ્બર, ૨૦૨૪ના બહુવાર્ષિક વીજદર નક્કી કરવાના પ્રસ્તાવ પર રાજ્યના વીજ ગ્રાહકોને મંતવ્ય રજૂ કરવાની તક પંચ દ્વારા આપવામાં આવી હતી. ત્યાર બાદ ચાર મહિના બાદ ૨૮મી માર્ચે દર ઘટાડાના ૮૨૭ પાનાનો આદેશ રજૂ કર્યો હતો. ૨૦૨૫-૨૬માં ૧૦ ટકા અને ૨૦૨૯-૩૦ સુધી ૧૬ ટકા વીજદર ઘટાડો આદેશ આપવામાં આવ્યો હોવાનું મંચના સૂત્રોએ જણાવ્યું હતું. દરેક પ્રકારના ગ્રાહકો માટે પાંચથી ૧૫ ટકા વીજદર ઘટાડાનો નિર્ણય ઐતિહાસિક હતો. તેમાં દરેક પ્રકારના ગ્રાહકોને રાહત મળવાની હતી. હવેના નિર્ણયમાં ૧૦૦ યુનિટથી ઓછી વીજળી વાપરનારાઓને વધુ રાહત મળવાની છે. એપ્રિલમાં પોતાના નિર્ણયમાં કરાયેલા સુધારાની માહિતી મહાવિતરણ અને પંચે પોતાની વેબસાઇટમાં આપી નહોતી એમ પણ મંચના સૂત્રોએ જણાવ્યું હતું. ફક્ત મહાવિતરણના પ્રસ્તાવને આધારે નિર્ણય લેવાયો છે, ગ્રાહકોનું કંઇ સાંભળવામાં આવ્યું નથી, એમ તેમનું કહેવું છે.

# હાશકારો! મુંબઈમાં કોરોનાના નવા વેરિયન્ટનો એક પણ દર્દી નોંધાયો નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશ-વિદેશમાં કોરોનાના નવા વેરિયન્ટના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાએ તાજેતરમાં કરેલા જીનોમ સિક્વેન્સિંગના અહેવાલ મુજબ મુંબઈમાં કોરોનાના નવા વેરિન્યટનો એક પણ કેસ હજી સુધી નોંધાયો નથી. આ દરમ્યાન શુક્રવારે મુંબઈમાં કોરોનાનો એક પણ નવો દર્દી નહીં નોંધાતા પ્રશાસને પણ રાહતનો શ્વાસ લીધો હતો. મુંબઈમાં છેલ્લા બે મહિનાથી કોરોનાના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. મુંબઈમાં જીનોમ સિક્વેન્સિંગ માટે કોરોનાના દર્દીના નમુના તપાસવા માટે મોકલવામાં આવ્યા હતા, તેમાં એક પણ દર્દીમાં નવો વેરિયન્ટ જણાયો નહોતો.

પાંચમા પાનાનું ચાલુ

## કોસ્ટલ રોડ

સંરક્ષણ પર ભાર મૂક્યો, જેમાં મેન્ગ્રોવ્સના વાવેતરનો સમાવેશ થાય છે.

‘મુખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાથી વિકાસની વિશાળ સંભાવના ખુલે છે. આવા વિસ્તારોમાં સરકારી જમીનને સીમાંકિત કરવી જોઈએ અને બીકેસી જેવા નવા આર્થિક કેન્દ્રો તૈયાર કરવા જોઈએ,’ એમ ફડણવીસે કહ્યું હતું.

વર્સોવા-ભાયંદર કોસ્ટલ રોડના મહત્વ પર ભાર મૂકતાં, તેમણે એવો નિર્દેશ આપ્યો હતો કે પ્રોજેક્ટથી પ્રભાવિત મેન્ગ્રોવ્સને વધારાના વનીકરણ દ્વારા અન્યત્ર સ્થાપિત કરવા જોઈએ. ફડણવીસે જણાવ્યું હતું કે, વિલંબ ટાળવા માટે તમામ જરૂરી પર્યાવરણની અને બાંધકામ પરવાનગીઓ એકસાથે મેળવવી જોઈએ અને પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૨૮ની નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવો જોઈએ. તેમણે કહ્યું હતું કે પ્રોજેક્ટ માટે આશરે ૧૬૫ હેક્ટર જમીનની જરૂર છે, જેમાંથી મોટાભાગની જમીન સરકારી છે અને સંબંધિત વિભાગોને ૧૫ દિવસમાં જમીન ટ્રાન્સફર પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના આપી હતી.

જો વર્સોવામાં મત્સ્યોદ્યોગ વિભાગની ઇમારતને અસર થાય છે, તો વિભાગ સાથે સંકલન કરીને તેને સંપાદિત કરવા માટે તાકીદે પગલાં લેવા જોઈએ, એમ તેમણે ઉમેર્યું હતું. ફડણવીસે જણાવ્યું હતું કે, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) સાથે સંકલન કરીને મઢથી વર્સોવા સુધીનો કનેક્ટિંગ રોડ પણ વિકસાવવો જોઈએ.

ફડણવીસે વધુમાં કોસ્ટલ રોડ પર હોર્ડિંગ્સ અને ફ્લેક્સ બોર્ડ જેવી જાહેરાતની માળખાકીય સુવિધાઓ માટે આયોજન કરવાનું પણ સૂચન કર્યું હતું.

જાહેરાતોમાંથી થતી આવકનો ઉપયોગ રોડની જાળવણી અને વ્યવસ્થાપન માટે થવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું. વર્સોવા-ભાયંદર કોસ્ટલ રોડનો મુખ્ય ભાગ ૨૬ કિલોમીટર લાંબો હશે, જ્યારે કનેક્ટર રોડ સહિત કુલ નેટવર્ક ૬૩ કિલોમીટરનું હશે. આ પ્રોજેક્ટને છ પેકેજોમાં વહેંચવામાં આવ્યો છે અને ટેન્ડરિંગ પ્રક્રિયા પહેલાથી જ શરૂ થઈ ગઈ છે, એમ મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) તરફથી એક નિવેદનમાં જણાવાયું છે.

## મોદીનો

સુધી કૂચ કાઢવામાં આવશે. ઠાકરેએ તમામ મરાઠી વિદ્યાર્થીઓ, વાલીઓ અને તમામ પક્ષોના નેતાઓને આ આંદોલનમાં મોટી સંખ્યામાં ભાગ લેવા અપીલ કરી છે. ઉદ્ધવ ઠાકરે પણ આ કૂચમાં ભાગ લેવાના છે. અત્યારે જે રીતે આ મુદ્દાને સમર્થન મળી રહ્યું છે તે, આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખવામાં આવે તો ભાજપ માટે માથાનો દુખાવો બની શકે છે. રાજ ઠાકરેની જાહેરાત પછી, ભાજપની આંતરિક ગતિવિધિઓએ વેગ પકડ્યો છે. રાજ્યમાં ચાલી રહેલા મરાઠી-હિન્દી ભાષાકીય સંઘર્ષની પૃષ્ઠભૂમિમાં, ભાજપ આ મુદ્દે થતાં રાજકારણને હરાવવા માટે કટિબદ્ધ છે. તાજેતરમાં મળેલી ભાજપ કોર કમિટીની બેઠકમાં આ સંદર્ભમાં એક ખાસ રણનીતિ ઘડવામાં આવી છે.

આ રણનીતિ અનુસાર, ભાજપ મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો આપવાના નિર્ણય પર ધ્યાન કેન્દ્રિત કરીને મરાઠી ઓળખને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરશે. ભાજપ આ મુદ્દાને જનતા સમક્ષ લઈ જશે અને ‘વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ મરાઠી ભાષાને ઉચ્ચ કક્ષાનો દરજ્જો અપાવનાર વ્યક્તિ છે’ એ વાત પર પ્રચારમાં ભાર મૂકશે.

મરાઠી ભાષાને ઉચ્ચ વર્ગનો દરજ્જો આપવામાં આવ્યો છે તે હકીકત ભાષાના સંરક્ષણ અને જાળવણી માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે, તે જનતા સુધી પહોંચાડવામાં આવશે. તેથી, રાજ ઠાકરેના હિન્દી વિરોધી આંદોલનની પૃષ્ઠભૂમિમાં આ ભાજપનું ‘મરાઠી ગૌરવ’ ભાજપનું નવું પ્રચાર શસ્ત્ર હશે. રાજકીય રીતે, આગામી દિવસોમાં સ્પષ્ટ થશે કે ભાજપ આ રણનીતિ દ્વારા લોકોના મનમાં સ્થાન બનાવવામાં કેટલું સફળ થશે.

## ગણેશ મંડળોને

કરવામાં આવ્યો છે કે પીઓપી અને માટી મિશ્રિત મૂર્તિના વિસર્જન બાદ તૈયાર થનારા ગાળનો પુનઃઉપયોગ માટે સર્વશ્રેષ્ઠ પદ્ધતિ શું હોઈ શકે તેનો અભ્યાસ કરવો આવશ્યક રહેશે. તેથી તે માટે એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે, તેમાં ખાસ્સો એવો સમય લાગી શકે છે. એટલે હાલની પરિસ્થિતિમાં પીઓપીનો ગાળ અલગ રાખવો અને પ્રોજેક્ટનો અભ્યાસ થયા બાદ આ ગાળનો પુનઃઉપયોગ કરવો શક્ય બનશે.

પીઓપીની મૂર્તિનું પાણીમાં વિસર્જન કરવાથી પ્રદૂષણ થાય છે એટલે ગ્રીન ટ્રિબ્યુનલની ગાઈડલાઈન મુજબ કોર્ટે નૈસર્ગિક જળસ્રોતમાં પીઓપીની મૂર્તિના વિસર્જન પર પ્રતિબંધ મૂક્યો છે પણ રાજય સરકારની દલીલ બાદ પીઓપીની મૂર્તિ માટે મંજૂરી આપી છે પણ આ મૂર્તિને વિસર્જનને લઈને સરકારે શું વ્યવસ્થા કરી છે તેનો અહેવાલ કોર્ટમાં રજૂ કરવાનો છે.

આ દરમ્યાન રાજ્ય સરકારે તેનો અભ્યાસ કરવા રાજીવ ગાંધી સાયન્સ ઍન્ડ ટૅક્નોલોજી કમિશનની નિમણૂક કરી હતી. આ સમિતિએ અભ્યાસ બાદ તેણે પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો. અહેવાલ અનુસાર પીઓપીની મૂર્તિ બનાવવાની મંજૂરી આપી શકાય છે પણ મૂર્તિના વિસર્જન બાબતે પીઓપીના પુનઃઉપયોગ માટે કઈ ઉપાયયોજના અમલમાં લાવી શકાય છે તેનો અભ્યાસ કરીને તે માટે એસઓપી બનાવવી આવશ્યક રહેશે.

એસઓપી તૈયાર થાય ત્યાં સુધી પીઓપીની ગાળ અલગ ઠેકાણે સ્ટોર કરવાની વ્યવસ્થા કરવાની રહેશે. એ સાથે જ મૂર્તિ બનાવતા સમયે તેના રંગકામમાં પર્યાવરણને અનુરૂપ રંગ વાપરવાનો રહેશે. કેમિકલ અને ધાતુયુક્ત રંગ પર પ્રતિબંધ રહેશે.

## પરંપરાને

મૂર્તિઓનું વિસર્જન એક વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે કારણ કે પ્લાસ્ટર ઓફ પેરિસને પ્રદૂષક તરીકે જોવામાં આવે છે.

મુખ્ય પ્રધાનની કચેરી (સીએમઓ) તરફથી એક નિવેદનમાં જણાવાયું છે કે, તહેવારોની પર્યાવરણને અનુકૂળ ઉજવણીની ચર્ચા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતા ફડણવીસે સાંસ્કૃતિક પ્રથાઓને પર્યાવરણના સંરક્ષણ સાથે સંતુલિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

‘નીતિ મૂળ પરંપરાને અનુરૂપ હોવા છતાં લાંબા ગાળાના પર્યાવરણના ઉકેલોને એકીકૃત કરવી જોઈએ. તે કાનૂની પરીક્ષણોનો સામનો કરવા માટે પૂરતી મજબૂત પણ હોવી જોઈએ,’ એમ મુખ્ય પ્રધાને બેઠક દરમિયાન જણાવ્યું હતું.

સીએમઓના નિવેદનમાં નોંધવામાં આવ્યું છે કે બોમ્બે હાઈકોર્ટે પીઓપીની મૂર્તિઓના વિસર્જન અંગે ચોક્કસ નિર્દેશો જારી કર્યા હતા, અને તેના જવાબમાં, રાજ્ય સરકારે રાજીવ ગાંધી વિજ્ઞાન અને ટેકનોલોજી કમિશન દ્વારા તૈયાર કરાયેલો એક અભ્યાસ સોંપ્યો હતો.

કમિશનના અધ્યક્ષ ડો. અનિલ કાકોડકર દ્વારા રજૂ કરાયેલા અહેવાલમાં મોટી મૂર્તિઓ માટે ઊંડા સમુદ્રમાં વિસર્જનની શક્યતા શોધવા જેવી ભલામણો સામેલ હતી.

આ દરમિયાન, ફડણવીસે નાગરિક અધિકારીઓને ખાસ કરીને દરિયાકિનારા પર વિસર્જન પછી મજબૂત સફાઈ ઝુંબેશ અમલમાં મૂકવા અને મૂર્તિ નિર્માણમાં પર્યાવરણને અનુકૂળ સામગ્રી અને કુદરતી રંગોના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

તેમના અહેવાલમાં, ડો. કાકોડકરે રાસાયણિક આધારિત રંગોના પર્યાવરણીય જોખમો પર ભાર મૂક્યો હતો અને પાણીના પ્રદૂષણને ઘટાડવા માટે વધુ જાહેર જાગૃતિ અને પર્યાવરણને અનુકૂળ મૂર્તિ ઉત્પાદન તરફ વળવાની હિમાયત કરી હતી.

સીએમઓના પ્રકાશનમાં જણાવાયું છે કે રાજ્ય સરકાર રિપોર્ટની ભલામણો અને વધુ અભ્યાસ પર વિચાર કર્યા પછી હાઈ કોર્ટને તેના વલણ વિશે જાણ કરે તેવી અપેક્ષા છે.

## ત્રિભાષી ફોર્મ્યુલા

સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરે એક જ મંચ પર જોવા મળશે.

બંને નેતાઓએ ગુરુવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ હિન્દી અને ત્રિભાષી ફોર્મ્યુલા લાદવાનો ઉગ્ર વિરોધ કરશે, તે જ સમયે અલગ અલગ પ્રેસ કોન્ફરન્સ સંબોધશે. ઉદ્ધવે સાતમી જુલાઈએ આઝાદ મેદાન ખાતે યોજાનારા વિરોધ પ્રદર્શનમાં જોડાવાની જાહેરાત કરી હતી, જ્યારે રાજે જાહેરાત કરી હતી કે તેઓ પાંચમી જુલાઈએ ગિરગામ ચોપાટીથી બિન-રાજકીય કૂચ આયોજિત કરશે અને શિવસેના (યુબીટી) સહિત તમામ રાજકીય સંગઠનોના નેતાઓને આમંત્રણ આપશે.

શુક્રવારે પત્રકારો સાથે વાત કરતા શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે જણાવ્યું હતું કે રાજે તેમને છઠ્ઠી જુલાઈના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે ઉદ્ધવે તાત્કાલિક વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા સંમતિ આપી હતી, પરંતુ એવી ચિંતા વ્યક્ત કરી હતી કે છઠ્ઠી જુલાઈએ અષાઢી એકાદશી આવે છે અને તે દરેક માટે અસુવિધાજનક હશે. રાઉતે કહ્યું કે સેના (યુબીટી)ના વડાએ પાંચમી જુલાઈએ બંને પક્ષો દ્વારા સંયુક્ત વિરોધ પ્રદર્શનનું સૂચન કર્યું હતું અને રાજે પણ તેમાં સંમતિ આપી હતી. ‘મનસે અને સેના (યુબીટી)નું સંયુક્ત વિરોધ પ્રદર્શન પાંચમી જુલાઈએ થશે. ફક્ત સમયનો મુદ્દો છે કારણ કે રાજ ઠાકરે દ્વારા સૂચવેલ સમય સવારે ૧૦ વાગ્યાનો છે અને તે લોકો માટે અસુવિધાજનક હશે,’ એમ તેમણે ઉમેર્યું હતું કે પક્ષો સમયની ચર્ચા કરશે. ઠાકરે પિતરાઈ ભાઈઓ વચ્ચે સંભવિત સુમેળ અંગે ચર્ચા થઈ રહી છે, અને ભાષાનો મુદ્દો તેમને સંયુક્ત મોરચો બનાવવા માટે જરૂરી પ્લેટફોર્મ સાબિત થઈ શકે છે. રાજ્યસભાના સાંસદે કહ્યું હતું કે બંને પિતરાઈ ભાઈને લાગે છે કે ૧૯૬૦માં સંયુક્ત મહારાષ્ટ્ર રાજ્યની રચના માટે થયેલા આંદોલન જેવી જ લડાઈ થવી જોઈએ અને ઠાકરે પરિવારે તેનું નેતૃત્વ કરવું જોઈએ.

‘મુંબઈને તોડવા અને મહારાષ્ટ્રમાંથી મરાઠી માણસોને ભગાડવા માટે હવે આવા જ હુમલા થઈ રહ્યા છે,’ એમ રાઉતે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે અન્ય રાજકીય પક્ષોને પણ વિરોધમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવશે. મનસેના મુંબઈ એકમના પ્રમુખ સંદીપ દેશપાંડેએ કહ્યું હતું કે, ‘મરાઠી માણૂસ તરીકે રાજ સાહેબે મરાઠી માણસો માટે જે રીતે આગેવાની લીધી તેનાથી હું ખુશ છું અને ઉદ્ધવ સાહેબે પણ તેમના નેતૃત્વનો સ્વીકાર કર્યો છે.’

### અજિત પવારના પક્ષના અમોલ મિટકરી મોરચામાં જોડાશે

રાજ્યમાં ત્રિભાષી ફોર્મ્યુલા અને હિન્દીને ‘લાદવા’ના વિરોધમાં આયોજિત મોરચાને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની પાર્ટીના વિધાન પરિષદના સભ્ય અમોલ મિટકરીના રૂપમાં સત્તાધારી પક્ષમાંથી પહેલો ટેકો મળ્યો છે. ‘મને લાગે છે કે જો બંને નેતાઓ સાથે આવે અને મરાઠી ભાષા અને મહારાષ્ટ્રની ઓળખના સંદર્ભમાં મોરચો (કૂચ) કાઢે છે તો તેની સારી અસર પડશે. છેવટે, મરાઠી આપણી ભાષા છે, આપણી ઓળખ છે. જો બંનેએ સાથે મળીને બિનરાજકીય કૂચ કાઢવાનો આ નિર્ણય લીધો હોય, તો હું તે નિર્ણયનું સ્વાગત કરું છું, એમ અમોલ મિટકરીએ કહ્યું હતું. ઠાકરે ભાઈઓ પાંચ કે છ તારીખે કૂચનું આયોજન કરી રહ્યા છે. જો તે દિવસે કોઈ વિધાનસભાનું કામકાજ ન હોય, તો હું તે દિવસે કૂચમાં સહભાગી થઈશ, એમ અમોલ મિટકરીએ મરાઠી ન્યૂઝ ચેનલને કહ્યું હતું.

### શરદ પવારની પાર્ટી પાંચમી જુલાઈના મોરચામાં સહભાગી થશે

શરદ પવારના નેતૃત્વ હેઠળની એનસીપી (એસપી)એ શુક્રવારે કહ્યું હતું કે તેઓ પાંચમી જુલાઈના રોજ મહારાષ્ટ્રની શાળાઓમાં હિન્દી ‘લાદવા’ના નિર્ણયના વિરોધમાં આયોજિત કૂચને ટેકો આપશે.

સોશ્યલ મીડિયા પર ખુલ્લા પત્રમાં એનસીપી (એસપી)ના મહારાષ્ટ્ર એકમના અધ્યક્ષ જયંત પાટીલે આ નિર્ણયની જાહેરાત કરતાં કહ્યું હતું કે તેમની પાર્ટી મહારાષ્ટ્રના લોકો અને પ્રાદેશિક હિતની તરફેણમાં ઊભી રહેશે. જ્યારે મહારાષ્ટ્રના હિતની વાત આવશે ત્યારે અમે મહારાષ્ટ્ર સાથે છીએ. જ્યારે રાષ્ટ્રહિતની વાત આવશે ત્યારે અમે રાષ્ટ્રની સાથે છીએ. તેમણે આ મુદ્દાને ભાષાકીય અને પ્રાદેશિક ઓળખનો મુદ્દો ગણાવતાં પાર્ટીના પદાધિકારીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓને મોટી સંખ્યામાં પાંચમી જુલાઈની કૂચમાં સહભાગી થવા જણાવ્યું હતું.

## જૈન મરણ

ગોંડલ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જયવંતલાલ ઝુંઝાભાઇ સંઘાણીના ધર્મપત્ની ઉષાબેન સંઘાણી (ઉં. વ. ૮૪) મંગળવાર, તા. ૨૪-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. લાલભાઇ પટવાની સુપુત્રી. પૂ. અમરેન્દ્રસાગરમુની તથા સ્વ. જયશ્રીબેનના બેન. અલ્પેશ, સ્વ. સોનલ સંજય શાહ, સેજલ વિજય શાહ, કાજલ નીરવ મહેતાના માતુશ્રી. જય, હેત્વી, મહેક અને મિસ્કાના નાની. તે સ્વ. મનહભાઇ, સ્વ. ભગવાનદાસભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. ચંચળબેન, સ્વ. શાંતાબેન, સ્વ. ભાનુબેન, સ્વ. મનુબેન, સ્વ. વનિતાબેન, સ્વ. દીનાબેન, સ્વ. કંચનબેન, સ્વ. હીરાબહેન, સ્વ. ઇંદીરાબેન, વર્ષાબેનના ભાભી રવિવાર, તા. ૨૯-૬-૨૫ના ૪થી ૫. ઠે. અરિહંત ભુવન, ગાર્ડન લેન, શ્રેયસ સિનેમાની પાછળ, એલ. બી. એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ).

મુંબઇ નિવાસી સરોજબેન સુરેશભાઇ મણિયારના સુપુત્ર નિર્વાણ તા. ૨૫-૬-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. હીનાના પતિ. વૈશાલીના પિતા. પ્રીથ્વીના સસરા. વર્ષા-વિક્રમ, રત્ના-મહેશ, વિજય-સરોજના ભાઇ. ભરતભાઇ, સોનલ, પારુલ, વર્ષાના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

પાટણ નિવાસી કોકાના પાડાના હાલ પંચરત્ન બિલ્ડીંગ, હરેન્દ્રભાઇ શાહ (ઉં.વ.૭૯) નિર્મલાબેન શાંતિલાલ શાહના પુત્ર. વ્રજલાલ અંબાલાલ શાહના જમાઈ. તરુણાબેનના પતિ. પરાગભાઈ, વૈશાલીબેનના પિતા. ભવિતાબેન, દેવાંગભાઈના સસરા, મનનના, દ્વિજના દાદા - નાના. તા. ૨૬/૬/૨૦૨૫ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૮/૬/૨૦૨૫ના ૪.૦૦ થી ૬.૦૦. ભારતીય વિદ્યા ભવન ચોપાટી.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી હાલ મુલુંડ સ્વ. મુકેશભાઇ મનસુખલાલ વસાના ધર્મપત્ની હર્ષાબેન (ઉં.વ.૬૫) તા. ૨૫-૬-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રવીણભાઇ, નટવરલાલભાઇ, તરૂલતાબેન કિશોરભાઇ, સ્વ. ભારતીબેન રાજેન્દ્રભાઇ, વર્ષાબેન રાજેન્દ્રભાઇના ભાભી. વિશાલ, આનંદ અને અમિતાના માતુશ્રી. અવની, રીના, કેતનભાઇના સાસુ. ધારા, દિવ્યાંશ, આશ્વી, આરવી અને પૂજાના દાદી. પિયર પક્ષે સ્વ. મનસુખલાલ વનમાળીદાસ શાહ-વરતેજ, હાલ બેંગલારના દીકરી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા-ભાવયાત્રા રવિવાર, તા. ૨૯-૬-૨૫ના ૧૦થી ૧૨. ઠે. જીવરાજ ભાણજી હોલ, (અશોક હોલ), અશોક નગર સોસાયટી, અશોકનગર, નાહુર રોડ, મેહુલ સિનેમા નજીક, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ નિવાસી પ્રદીપકુમાર વોરા (ઉં. વ. ૮૩) તા. ૨૭-૬-૨૫ શુક્રવારના અવસાન પામેલ છે. તે લક્ષ્મીબેન કેવળચંદના પુત્ર. સ્વ. સુધીરભાઇ, હર્ષદભાઇ, અશોકભાઇ, ગૌતમભાઇ, શોભનાબેનના ભાઇ. સ્વ. રીચી, શ્રેણીકના કાકા. પ્રાર્થનાસભા તા. ૩૦-૬-૨૫ ૪થી ૬. ઠે.૧લે માળે, કાંતિલાલ હાઉસ, પંચરત્નની સામે, ઓપેરાહાઉસ, મુંબઇ.

**વાગડ વી. ઓ. જૈન**

ગામ પીપરાળા હાલ ગાગોદરના સ્વ. દામજી શાહ (ઉં.વ.૮૬) તા. ૨૬-૬-૨૫ ગુરુવારના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. લાડુબેન માલશીના પુત્ર. ગં. સ્વ. ચાપુના પતિ. સ્વ. જયેશ, ચેતન, રાજેશ, વિમળા, વનિતા, હિના, મનિષાના પિતાશ્રી. સુરેશ, ચેતન, મનસુખ, સંજય, પ્રિયંકા, રશ્મિના સસરા. શ્રેયા, વિનીત, જીત, પલક, વંશ, પર્વ, પ્રિશા, પ્રિયાંશ, ધિયાંશ, વિયોના, દૈવિકના નાના. હરખુબેન આણંદા કાંથડ ગાલાના જમાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા.૨૮-૬-૨૫ના ૪થી ૫.૪૦, ઠે. કરશન લધુ હોલ, દાદર ઠે. માઉલી પ્રાઇડ, બિલ્ડિંગ,નં,૩/૨૦૦૯, કુરાર વિલેજ, મલાડ (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બાલંભા નિવાસી હાલ પારલા, ગં. સ્વ. વિજયાબેન મનહરલાલ મહેતાના સુપુત્ર રાજેન્દ્ર (રાજુભાઈ)(ઉં. વ. ૬૯) શુક્રવાર તા. ૨૭-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પારૂલબેનના પતિ. કરણભાઈના પિતાશ્રી. તેજલબેનના સસરાજી તથા સુધીરભાઈ, ગં. સ્વ. તરૂલતાબેન રમેશચંદ્ર મહેતા, સૌ. ઉષાબેન નિરંજનભાઈ શાહ, સૌ. રેખાબેન કિશોરભાઈ શાહ, સૌ. રક્ષાબેન મહેન્દ્રભાઈ મહેતા તથા રીટાબેનના ભાઈ. ગં. સ્વ. પુષ્પાબેન જશવંતરાય મોદીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ધારી નિવાસી હાલ મીરારોડ, રમણીકલાલ ભાયચંદ ઝાટકીયાના ધર્મપત્ની અ. સૌ હંસાબેન (ઉં. વ. ૮૬) તે હિતેશ, હરેશ, બિંદેશના માતુશ્રી. નિમીષા, મનીષા નંદિનીના સાસુ. રીમા અંકિતકુમાર, સલોની દર્શિત, ઉર્જા, પનાવીના દાદી. ધોરાજી નિવાસી નાથાલાલ દયાળજી દોશીના દીકરી. ૨૬/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૯/૬/૨૫ના ૩ થી ૫. બી એ પી એસ સ્વામિનારાયણ મંદિર, સેક્ટર ૧૦, શાંતિનગર, મીની પાર્ટી હોલની સામે, મીરારોડ ઈસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન,**

મોરબી હાલ ઘાટકોપર, ડો. અશ્વિનભાઈ પ્રવિણચંદ્ર સંઘવી તા. ૨૫.૦૬.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ડો. વિભા સંઘવીના પતિ. ડો. અવિ સંઘવી અને આભા સંઘવીના પિતા. ડો. ગૌરવ શલ્યા અને ડો. શિવાની સંઘવીના સસરા. સ્વ. પુરુષોત્તમદાસ બાવીશીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૯.૦૬.૨૫ રવિવારના ૧૦ થી ૧૨. પારસધામ વલ્લભબાગ લેન ઘાટકોપર ઇસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેઢીયા (હાલે રાયપુર) ના મોહનલાલ ખીમજી પાસડ (ઉં. વ. ૮૩) તા. ૨૫-૬-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ખીમઇબાઇ ખીમજીના પુત્ર. મણીલાલ, મુલચંદ, ગોધરાના સ્વ. વિમળા, ધીરજ, ભોરારાના શાંતિ અરવિંદના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મુલચંદ શાહ, ૪૧૫, સમતા કોલોની, રાયપુર (છ.ગ.) ૪૯૨૦૦૧.

નાગલપુરના કલ્પનાબેન ગંગર (ઉં. વ. ૮૦) ૨૬-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. લક્ષ્મીબહેન પાનાચંદ ખીમજી ગંગરના પુત્રવધૂ. સ્વ. કિશોરચંદ્રના પત્ની. વિપુલ, વિમલના માતા. નવાવાસ હીરબાઇ પાલણ ભારમલ ગડાના પુત્રી. ખેરાજ, રામજી, છોટાલાલ, નાગલપુર જેતબાઇ ગોવરના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિપુલ શાહ, ૩૩/૧૪, વિજય વિલાસ સોસાયટી, આનંદ નગર, ઘોડબંદર રોડ, થાણે. પીનકોડ - ૪૦૦૬૧૫.

કોડાયના માતુશ્રી જયવંતીબેન દામજી ગાલા (ઉં. વ. ૭૭) તા. ૨૬-૬-૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. હીરબાઇ દેવરાજ વેરશીના પુત્રવધૂ. સ્વ. દામજીના પત્ની. ભાવના, બીના, રેખા, રાહુલના માતુશ્રી. બિદડા ઝવેરબેન ભવાનજી જેઠા ફુરીયાના સુપુત્રી. નાંગલપર

## પારસી મરણ

ગુલ સોલી ગઝદર તે મુરહમ સોલીના ધનિયાની. તે મરહુમો પીરોજા પેસ્તનજી દલાલના દીકરી. તે દેલનાઝના માતાજી. તે સાઇરસના સાસુજી. તે મરહુમો રુસીના બહેન. તે બીનાઇશાના મમઇજી. (ઉં. વ. ૮૮) રે. ઠે. મરીન ચેમ્બર, ફ્લેટ નં.૪, ૩જે માળે, મરીન લાઇન્સ, મુંબઇ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૮-૬-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે જોખીની અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

જીતેન્દ્ર નગીનલાલ મિસ્ત્રી (ઉં. વ. ૯૩) તે નીતીન તથા ઇલાના પપ્પા. ગૌતમના દાદા. પ્રતિમા તથા નમ્રતાના સસરા. નાયશાના મોટા દાદા તા. ૨૬-૬-૨૫ના અવસાન પામેલ છે. બેસણા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

મૂળ ગામ જાળીયાવાળા હાલ દહીંસર નિવાસી સ્વ. સોની લાભુબેન લુહાર (ઉં. વ. ૯૪) તા. ૨૫-૬-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વિસામણભાઇ કાથડભાઇ લુહારના ધર્મપત્ની. તે સ્વ. જીતેન્દ્રભાઇ કાથડભાઇ લુહારના ભાભી. ચુડાવાળા કાનજીભાઇ હમીરભાઇ ધકાણના દીકરી. જયંતિલાલ, વિનુભાઇ, વિલાસબેન જયંતીલાલ ઘઘડા સોનવડિયાવાળા, રેખાબેન મહેશકુમાર ધકાણ ઇંગોરાળાવાળાના માતુશ્રી. કૃણાલ, અમીશ, રૂચીત, રોનકનાં દાદી. સ્વ. નીરુબેન જયંતીલાલ, રક્ષાબેન વિનુભાઇના સાસુ. પ્રાર્થનાસભા તા. ૨૮-૬-૨૫ શનિવાર પથી ૬. ઠે. સોની વાડી, શિમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. સરસ્વતીબેન દયાલજી મોતીવાલા (ચોથાણી) કચ્છ ગામ ગઢશીશાના પુત્ર સ્વ. ગંગારામના પત્ની ગં. સ્વ. અનસુયાબેન (ઉં. વ. ૯૦) તા. ૨૫-૬-૨૫ના રામશરણ થયેલ છે. સ્વ. પ્રેમજી ઉમરશી મજેઠીયા કચ્છગામ ફરાદીના પુત્રી. સ્વ. પંકજ, સ્વ. ભાવના હરેશ ચંદન, અ. સૌ. વંદના હરેશ તન્નાના માતા. ગં. સ્વ. પ્રજ્ઞાબેનના સાસુ. અ. સૌ. હરિના નિમેષ ઠક્કરના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૨૯-૬-૨૫ રવિવારના પથી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, મુલુંડ (વેસ્ટ). બહેનોએ તે જ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મણિબેન વલ્લભજી રામજી ઠક્કરના પુત્ર ડુંગરસિંહભાઇ ઠક્કર (ઉં. વ. ૮૩) ગામ ભદ્રેશ્વર હાલ મુલુંડ તા. ૨૬-૬-૨૫ ગુરુવારના રામશરણ પામેલ છે. તે હેમલતાબેનના પતિ. તે સ્વ. જમનાબેન ઓધવજી મજિઠિયાના જમાઇ. કૌશિક અને સૌ. ભાવના જગદીશભાઇ કોઠારીના પિતાશ્રી. સૌ. જયોતિના સસરા. સ્વ. અરુણભાઇ, સ્વ. કિશોરભાઇ, સ્વ. મહાલક્ષ્મીબેન ચંદ્રકાંતભાઇ અનમ, સૌ. કલાબેન કિર્તિકુમાર કોટક, વિજયાબેન પંકજભાઇ ઠક્કર, સૌ. કપિલાબેન પ્રવીણભાઇ ચોથાણીના મોટાભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**વીરપુર દશા નીમા વણિક**

વીરપુર નિવાસી હાલ કાંદિવલી, સૌમિલકુમાર (ઉં. વ. ૬૮) તે સ્વ. વિમળાબેન રસિકલાલ કડકિયાના પુત્ર. સોનલબેનના પતિ. શ્રધ્ધા તથા સિદ્ધાર્થના પિતા. સ્મિતાબેનના ભાઈ. પાર્થના સસરા. સ્વ. કાંતિલાલ મોજીલાલ સુરાના જમાઈ ૨૩/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૯/૬/૨૫ના ૫ થી ૭. વર્ધમાન સ્થા જૈન સંઘ, પાંચમે માળે, પારેખ લેન કોર્નર, એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

નરોત્તમદાસ મોરારજી ઠક્કર (નથવાણી) (ઉં. વ. ૯૩) તે સ્વ. લલિતાબેનના પતિ. તે સ્વ. રણછોડદાસ બેટાઈના જમાઈ. દિપક-શિલ્પા, મનોજ-દક્ષા, ભારતીબેન પ્રકાશકુમાર સામાણીના પિતાશ્રી. સ્વ. ભગવાનદાસ, સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. દેવેન્દ્રભાઈ, મહેન્દ્રભાઈ, રમેશભાઈ, સ્વ. દમયંતીબેન, સ્વ. તારાબેન, સ્વ. મંજુલાબેન, ગં. સ્વ. ઈન્દુમતીબેન, ગં. સ્વ. મૃદુલાબેન, ગં. સ્વ. નલિનીબેનના ભાઈ. તા. ૨૫/૬/૨૫ના મદ્રાસ મુકામે શ્રીજીચરણ પામેલ છે.પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી જનોડ એકડા વિશા ખડાયતા**

બોરીવલી નિવાસી, અ.સૌ.વર્ષાબેન શાહ (ઉં. વ. ૭૧) તે ગોપાલચંદ્ર ઓચ્છવલાલ શાહ (ખારોલવાળા)ના ધર્મપત્ની, તે હેમાન્શુ તથા રીતેશના માતુશ્રી. ધ્વની તથા રૂચીના સાસુ. ટીબા ગામ નિવાસી કૃષ્ણદાસ મગનલાલ શાહની સુપુત્રી. સ્વ. મનુભાઈ, સ્વ. કિરીટભાઈ તથા ગોવિંદભાઈના ભાઈના ધર્મપત્ની અને અશોકભાઈના ભાભી. તા. ૧૭.૦૬.૨૫ને મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૯.૦૬.૨૫ને રવિવારે ૯.૦૦ થી ૧૦.૩૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (એલ.ટી.રોડ), ડાયંમડ ટોકીઝની સામે, બોરીવલી (વે).

---

ધનવંતી ધીરજલાલ, ના. ખાખર સુશીલા નવિનચંદ્ર, બિદડા જિતેન્દ્રના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રેખા ધરોડ, ઓ/૭૦૩, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇસ્ટ).

નાની તુંબડીના પૂનમ જયેશ સાવલા (ઉં. વ. ૪૭) તા.૨૫-૬-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન લાલજીના પુત્રવધૂ. જયેશના પત્ની હિત, વંશિકાના માતા. દમયંતી હીરજીના સુપુત્રી. ડુમરા કલ્પના શૈલેષ હરિયા, પરેશ હીરજીના બેન. (ત્વચાદાન અને ચક્ષુદાન કરેલ છે.) પ્રા.: સ્થળ : શ્રી વ. સ્થા. જૈન શ્રા. સંઘ દાદર (વે) સં. કરસન લધુ નીસર હોલ, ટા : ૨ થી ૩.૩૦. નિ. જયેશ સાવલા, ૪૦૧, બાલારામ એપા., સેક્ટર-૩૦, રબાલે, નવી મુંબઈ-૪૦૦૭૦૧.

નાની ખાખરના જતીન નવીન દેવજી દેઢિયા (ઉં. વ. ૪૫) તા. ૨૬-૬-૨૦૨૫ના અવસાન પામેલ છે. સરલાબેન નવીનભાઇના પુત્ર. હીયાના પિતા. જલ્પાના ભાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. ભાવિક મણીલાલ મારૂ, એ-૨૦૧, ગ્રીન હેજીસ, રોયલ કોમ્પલેક્ષ, બોરીવલી (વે).

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ડેડાણ નિવાસી સ્વ. અચરતબેન જમનાદાસ દેસાઈના પુત્ર પ્રતાપરાય (ઉં. વ. ૮૬) ૨૪/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સુશીલાબેનના પતિ. કમલેશ, જીજ્ઞેશ, કલ્પેશ તથા ભાવિકાના પિતા. સ્વ. નટુભાઈ, છોટુભાઈ, કનુભાઈ, સ્વ. ચંપાબેન, સ્વ. મંછાબેન, સ્વ. નીરુબેન, ઇલાબેનના ભાઈ. દીપ્તિ, સ્વાતિ, સપના જયેશભાઇ દોશીના સસરા. વિસાવદર નિવાસી મણિલાલ કરશનજી શેઠના જમાઈ. પ્રાર્થનાસભા બંને પક્ષની ૨૯/૬/૨૫ના રવિવાર ૧૦ થી ૧૨. પાવનધામ મહાવીરનગર, સચિન તેંડુલકર ગ્રાઉન્ડની સામે, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મોદીનો મરાઠી-પ્રેમઃ ઠાકરે ભાઈઓ સામે લડવાનો ભાજપે કાઢેલો તોડ

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ રાજ્યની શાળાઓમાં હિન્દીના ફરજિયાત શિક્ષણ અને ત્રિભાષાના અમલ સામે આક્રમક વલણ અપનાવ્યું છે, ત્યારે આ મુદ્દે બંને ઠાકરે ભેગા થાય તો થનારા સંભવિત નુકસાનને ખાળવા માટે ભાજપે નવી રણનીતિ વિચારી રાખી છે. જાણવા મળ્યા મુજબ ભાજપને બંને ભાઈઓની એકતા સામે લડવાનો તોડ મળી ગયો છે અને આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીના પ્રચારમાં તેનો ઉપયોગ કરવામાં આવશે. રાજ ઠાકરેએ પોતાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો છે કે કોઈપણ સંજોગોમાં પહેલા ધોરણથી હિન્દી ફરજિયાત કરવામાં આવશે નહીં. આ પૃષ્ઠભૂમિમાં રાજ ઠાકરેના નેતૃત્ત્વમાં પાંચમી જુલાઈના રોજ મુંબઈના ગિરગામ ચોપાટીથી આઝાદ મેદાન (જુઓ પાનું ૪) ▶▶

# ગણેશમંડળોને રાહતઃ પીઓપીની ઊંચી મૂર્તિઓનું દરિયામાં વિસર્જન શક્ય

## કમિશનનો રિપોર્ટ સરકારને સુપરતઃ જોકે અભ્યાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી પીઓપીનો ગાળ અલગ રાખવો પડશે



**બાપ્પાના આગમનની તૈયારીઃ** પરેલની વર્કશોપમાં ગણેશજીની મૂર્તિઓને આખરી ઓપી આપી રહેલા કારીગરો. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી) પરનો પ્રતિબંધ હટાવ્યા બાદ હવે સાર્વજનિક ગણેશોત્સવ મંડળની મોટી મૂર્તિઓની ગણેશમૂર્તિઓનું કિનારાથી દૂર દરિયાની અંદર ઊંડે અથવા વહેતી નદીમાં સુરક્ષિત અંતરે વિસર્જન કરી શકાશે. જોકે માનવી, પ્રાણી અને દરિયાઈ સૃષ્ટિને નુકસાન થાય નહીં તેનું ધ્યાન રાખવું પડશે એવો અહેવાલ રાજીવ ગાંધી સાયન્સ ઍન્ડ ટૅક્નોલોજી કમિશને શુક્રવારે રાજ્ય સરકારને સુપરત કર્યો હતો.

કમિશને શુક્રવારે રાજ્ય સરકારને સોંપેલા અહેવાલમાં એવો પણ ઉલ્લેખ (જુઓ પાનું ૪) ▶▶

# પરંપરાને અનુલક્ષીને દૂરગામી નીતિ ઘડાશેઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે અધિકારીઓને મોટી પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)ની ગણેશ મૂર્તિઓ પર પર્યાવરણની દૃષ્ટિએ રીતે ટકાઉ નીતિ બનાવવા જણાવ્યું હતું જેના ‘મૂળ પરંપરામાં’ હશે. ગણેશ ઉત્સવ દરમિયાન કુદરતી જળાશયોમાં પીઓપી (જુઓ પાનું ૪) ▶▶

# ‘ચપ્પલ ચોર’ છે ઈટાલિયન ફેશન હાઉસઃ કોલ્હાપુરી ચપ્પલની નકલ બનાવી પ્રાદાએ

## બે લાખની આસપાસ વેચાતા પ્રાદાના ચપ્પલની ફરિયાદ લઈ કારીગરો ફડણવીસને મળ્યા

મુંબઈઃ ઇટાલિયન લક્ઝરી ફેશન બ્રાન્ડ પ્રાદાના પુરુષો માટેના સ્પ્રિંગ /સમર કલેક્શનમાં દર્શાવવામાં આવેલા પગરખાં પ્રખ્યાત કોલ્હાપુરી ચપ્પલ જેવા જ દેખાતા હોવાથી મહારાષ્ટ્રના કારીગરોએ અંચઈ કરવામાં આવી હોવાની ફરિયાદ કરી છે. ઈટાલિયન કંપનીએ જ્યોગ્રાફિકલ આઈડેન્ટીફિકેશન (જીઆઇ)ના અધિકારોના ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો છે. ભાજપના રાજ્યસભાના સંસદસભ્ય ધનંજય મહાડિકના નેતૃત્વમાં કોલ્હાપુરમાં અસ્તિત્વમાં આવેલા આ પરંપરાગત પગરખાં તૈયાર કરનારા કારીગરોનું પ્રતિનિધિમંડળ ગુરુવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યું હતું.

સીએમ સમક્ષ લેખિત રજૂઆત કરી તેમને ઉલ્લંઘનની તપાસ કરવા અને ઉત્પાદનનું રક્ષણ કરવા વિનંતી કરવામાં આવી હતી. કોલ્હાપુરી ચપ્પલ રાજ્યના સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે.

પીટીઆઈ સાથેની વાતચીતમાં મહાડિકે જણાવ્યું હતું કે પ્રાદા દ્વારા પ્રમોટ કરવામાં આવી રહેલા ચપ્પલની પેટન્ટ અને ડિઝાઇન કોલ્હાપુરી છે અને તેને જોડી દીઠ ૧.૭ લાખથી ૨.૧૦ લાખ રૂપિયામાં વેચવામાં આવી રહી છે.

ભાજપના નેતાએ જણાવ્યું હતું કે પ્રાદા પોતાના ફૂટવેરને કોલ્હાપુરીની ઓળખ આપે અને સ્થાનિક કારીગરોને વળતર મળવું જોઈએ. જો પ્રાદા અમને ઓર્ડર આપશે તો અમે તેમને ચપ્પલ તૈયાર કરી આપીશું અને કોલ્હાપુરી બ્રાન્ડ વિશ્વમાં જાણીતી બનશે. એટલું જ નહીં. કારીગરોને પૈસા અને માન્યતા મળશે.

મહાડિકે વધુમાં જણાવ્યું હતું કે હાઇકોર્ટમાં જાહેર હિતની અરજી (પીઆઇએલ) દાખલ કરવામાં આવશે અને આ મામલે ચર્ચા કરવા માટે તેઓ કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલને મળવા માગે છે.

મુખ્ય પ્રધાનને લખેલા એક પત્રમાં મહાડિકે જણાવ્યું છે કે ૨૩ જૂને પ્રાદાએ મિલાનમાં પુરુષોનું સ્પ્રિંગ / સમર ૨૦૨૬ કલેક્શન રજૂ કર્યું હતું જેમાં મુખ્યત્વે કોલ્હાપુરી ચપ્પલ જેવા સેન્ડલ દર્શાવવામાં આવ્યા હતા, જેને ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા જીઆઈ ટેગ આપવામાં આવ્યો છે. (પીટીઆઈ)■

# બોઈસર પાણી ભરેલા ખાડામાં તરવા ગયેલાં ત્રણ બાળક ડૂબ્યાં

મુંબઈઃ શાળામાં ભણતા ત્રણ બાળક કન્સ્ટ્રક્શન સાઈટ પરના પાણી ભરેલા ખાડામાં તરવા જતાં ડૂબી ગયા હોવાની ઘટના પાલઘર જિલ્લાના બોઈસર ખાતે બની હતી. ડૂબવાને કારણે બે ભાઈ સહિત ત્રણનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે તેમનો એક મિત્ર બચી ગયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ જીવ ગુમાવનારા બાળકોની ઓળખ સૂરજ યાદવ (૭), ધીરજ યાદવ (૧૧) અને અંકિત ગુપ્તા (૧૧) તરીકે થઈ હતી. સૂરજ અને ધીરજ ભાઈ હોવાનું જાણવા મળ્યું હતું. બોઈસરના ગણેશ નગર વિસ્તારમાં રહેતા ચાર બાળક ગુરુવારની બપોરે દોઢેક વાગ્યે ઘર નજીકની કન્સ્ટ્રક્શન સાઈટ પર ગયા હતા. કહેવાય છે કે ઝૂંપડપટ્ટી પાસેની દીવાલ કુદાવીને ચારેય પાણી ભરેલા ખાડા નજીક પહોંચ્યા હતા. મોજ ખાતર ખાડાના પાણીમાં તરવા ઊતરેલા ચારમાંથી ત્રણ બાળક ડૂબવા લાગ્યા હતા, જ્યારે એક પોતાનો જીવ બચાવીને ખાડામાંથી બહાર નીકળી શક્યો હતો. ઘટનાની જાણ થતાં બોઈસર પોલીસ અને તારાપુર ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્રણેયના મૃતદેહ પાણીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. આ પ્રકરણે બોઈસર પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

# કોસ્ટલ રોડ નજીક બીકેસી જેવાં ફાઈનાન્શિયલ હબ બનાવાશે?

## મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને અધિકારીઓને મુખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સ નજીક સરકારી જમીન પર બીકેસી જેવા આર્થિક કેન્દ્રો વિકસાવવા નિર્દેશ આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે અધિકારીઓને મુંબઈના બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)નાં ધોરણે મુખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સ નજીકની સરકારી જમીન પર આર્થિક કેન્દ્રો વિકસાવવા જણાવ્યું હતું. પ્રસ્તાવિત વર્સોવાથી ભાયંદર કોસ્ટલ રોડ (નોર્થ કનેક્ટર) પરની સમીક્ષા બેઠકમાં મુખ્ય પ્રધાને સમયસર પરવાનગીઓ અને પર્યાવરણ (જુઓ પાનું ૪) ▶▶

# ત્રિભાષી ફોર્મ્યુલા સામે રાજ-ઉદ્ધવનો સંયુક્ત વિરોધ

## હિન્દીનો વિરોધઃ પાંચમી જુલાઈએ ઠાકરે ભાઈઓ એક મંચ પર આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અલગ થયેલા પિતરાઈ ભાઈ ઉદ્ધવ અને રાજ ઠાકરે મરાઠી ભાષાના હિત માટે એક થશે અને તેમના પક્ષો ધોરણ પહેલાથી પાંચમા ધોરણમાં હિન્દી ‘લાદવા’ અને રાજ્ય સરકારની ત્રિભાષી ફોર્મ્યુલા સામે સંયુક્ત રીતે વિરોધ પ્રદર્શન કરશે.

પાંચમી જુલાઈના રોજ વિરોધ પ્રદર્શનમાં શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ (જુઓ પાનું ૪) ▶▶

# અંધેરી-પુણેથી છ મહિલા સહિત સાત બાંગ્લાદેશી પકડાયાં

મુંબઈઃ ભારતમાં ઘૂસણખોરી કરીને ગેરકાયદે વસવાટ કરનારા સાત બાંગ્લાદેશી નાગરિકોને અંધેરી અને પુણેથી પકડી પાડવામાં એમઆઇડીસી પોલીસને સફળતા મળી હતી.

બાંગ્લાદેશીઓમાં છ મહિલાનો સમાવેશ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

એમઆઇડીસી પોલીસે પકડી પાડેલા બાંગ્લાદેશીઓની ઓળખ બાયજીદ અયુબ શેખ, નસરીન બેગમ, રોજિના અખ્તર, કાકોલી અખ્તર બ્રિષ્ટિ, રોમા બેગમ મોહંમદ જીલાની, પાખી બેગમ હુસેન અને કોહિનૂર અખ્તર ઉર્ફે ઑલિઝા તરીકે થઇ હતી. ■

# નવી મુંબઈમાં પચીસ વર્ષ સુધીની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા સિડકોનું આયોજન

થાણાઃ ૨૦૫૦ સુધીમાં નવી મુંબઈ માટે પાણીની પ્રતિદિન જરૂરિયાત ૧,૨૭૫ મિલ્યન લિટર થવાની હોવાથી એક વિસ્તૃત પુરવઠા વ્યૂહરચના જાહેર કરવામાં આવી છે એમ સિડકોના એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. આગામી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ, નવી મુંબઈ એરપોર્ટ ઈન્ફ્લુએન્સ નોટિફાઇડ એરિયા (નૈના) તેમજ અન્ય કેટલાક વિસ્તારની સામૂહિક આવાસ યોજનાઓને કારણે આ વિસ્તારમાં ઝડપથી વિસ્તરણ થઈ રહ્યું છે એમ સિટી એન્ડ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (સિડકો)ના મેનેજિંગ ડિરેક્ટર વિજય સિંઘલે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# પાંખમાં ઘાસ ભરાયુંઃ ઍર ઈન્ડિયાનું વિમાન પાંચ કલાક મોડું

મુંબઈઃ અમદાવાદ દુર્ઘટના બાદ એર ઈન્ડિયાની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઇ રહી. આજે એક વિચિત્ર ઘટનામાં, ઘાસ એરક્રાફ્ટની ડાબી પાંખમાં ફસાઈ જવાથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી બેંગકોક જતી એર ઈન્ડિયાની ફ્લાઇટ પાંચ કલાકથી વધુ મોડી પડી હતી. પાંખ સાફ કરી રહેલા ક્રૂનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહ્યો છે.

અહેવાલ મુજબ વિમાન, સવારે ૭:૪૫ વાગ્યે મુંબઈ એરપોર્ટથી ઉપડવાનું હતું. ફ્લાઇટ લગભગ બપોરે એક વાગ્યે રવાના થઈ. એક વીડિયો સામે આવ્યો છે જેમાં એરપોર્ટ ક્રૂ વિમાનની પાંખોમાંથી ઘાસનો માળો કાઢતા જોઈ શકાય છે.

સમસ્યા સર્જાઈ, પછી મુસાફરોને વિમાનમાંથી બહાર નીકળવાનું કહેવામાં આવ્યું અને તેમને નાસ્તો આપવામાં આવ્યો હતો. એરલાઈને સમસ્યાનું નિરાકરણ કર્યું, અને આખરે વિમાનને સેવા માટે મંજૂરી આપવામાં આવી, એમ નિવેદનમાં જણાવાયું હતું. જોકે, તેમાં નોંધવામાં આવ્યું હતું કે પાંખોમાં ઘાસ ક્યાંથી આવ્યું તે જાણી શકાયું નથી.

એરલાઈને પાછળથી જણાવ્યું હતું કે ફ્લાઇટ ક્રૂ દ્વારા નિયમનકારી ફ્લાઇટ ડ્યુટી સમય મર્યાદાનું પાલન કરવામાં આવ્યું હતું, જેના કારણે ઘટના પછી તરત જ વિમાન રવાના થઈ શક્યું નહીં. નવા ક્રૂના આગમન પછી ફ્લાઇટ રવાના થઈ હતી.

આ ઘટના ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) દ્વારા દેશભરના મહત્ત્વપૂર્ણ એરપોર્ટ પર અચાનક સુરક્ષા તપાસ હાથ ધર્યાના થોડા સમય પછી બની છે. અમદાવાદમાં લંડન જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ સાથે થયેલી દુઃખદ ઘટના બાદ સલામતી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. દિલ્હી અને મુંબઈ એરપોર્ટનું ચોવીસ કલાક નિરીક્ષણ કરીને, ડીજીસીએ એ વિમાન જાળવણી, ગ્રાઉન્ડ ઓપરેશન્સ અને વિમાન માળખામાં મોટી ખામીઓ શોધી કાઢી હતી. ■




# કેનેડિયન-અમેરિકનો પાસેથી સાયબર ખંડણીની વસૂલીઃ મુંબઈ-અમદાવાદમાં સીબીઆઈ ત્રાટકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સરકારી અધિકારીના સ્વાંગમાં ખોટા આરોપો કરીને કેનેડિયન અને અમેરિકન નાગરિકોને ડરાવી-ધમકાવીને સાયબર ખંડણી વસૂલવાના આંતરરાષ્ટ્રીય રૅકેટની તપાસ કરનારી સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશને (સીબીઆઈ) મુંબઈ-અમદાવાદમાં અનેક સ્થળે રેઇડ કરી હતી. આ રૅકેટમાં કથિત રીતે સંડોવાયેલા અને વૈભવી જીવનશૈલી ધરાવતા આરોપીને મુંબઈથી પકડી પાડવામાં આવ્યો હતો.

સીબીઆઈએ ગુરુવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ પ્રિન્સ જશવંતલાલ આનંદ તરીકે થઈ હતી. આરોપી આનંદ આંતરરાષ્ટ્રીય સાયબર ખંડણી વસૂલીમાં સંડોવાયેલી સિન્ડિકેટનો સૂત્રધાર હોવાનું કહેવાય છે. તેને વિશેષ સીબીઆઈ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ચાર દિવસની કસ્ટડી ફટકારી હતી.

વિદેશી નાગરિકોને ધમકાવીને સાયબર ખંડણી વસૂલવામાં આવતી હોવાની ફરિયાદોને પગલે સીબીઆઈએ ‘ઑપરેશન ચક્ર’ હાથ ધરી બુધવારે મુંબઈ અને અમદાવાદમાં અલગ અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આરોપી સરકારી અધિકારીના સ્વાંગમાં કેનેડા અને અમેરિકાના નાગરિકોને કૉલ કરતો હતો. વિવિધ પ્રકારના આરોપો કરી કાનૂની સકંજામાં સપડાવાનો ભય દેખાડી વિદેશી નાગરિકોને ધમકાવતો હતો.

બાદમાં તેમની પાસેથી ખંડણી તરીકે ક્રિપ્ટો કરન્સી સ્વરૂપમાં વસૂલી કરતો હતો.

ઑપરેશન દરમિયાન અધિકારીઓને જાણવા મળ્યું હતું કે આરોપીએ સાયબર ફ્રોડ માટે સુનિયોજિત સિસ્ટમ વિકસાવી હતી. આરોપી ખૂબ જ વૈભવી જીવનશૈલી જીવતો હોવાનું તેની પાસેથી જપ્ત કરાયેલી માલમતા પરથી જણાયું હતું.

આરોપી પાસેથી ૪૫,૦૦૦ યુએસ ડૉલર્સ મૂલ્યની વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ જપ્ત કરવામાં આવી હતી. તેની પાસેથી લક્ઝુરિયસ વાહનો, મોંઘીદાટ એસેસરીઝ અને બિનહિસાબી મિલકત સંપત્તિ પણ મળી આવી હતી. એ સિવાય તે છાશવારે વિદેશ ગયો હોવાના પણ પુરાવા મળ્યા છે, એવો દાવો સીબીઆઈએ કર્યો હતો. ■

# વંશવેલો આગળ વધારવા મૃત પુત્રના વીર્યની માતાની માગણી

મુંબઈઃ વંશવેલો ચાલુ રાખવા અપરિણીત મૃત પુત્રના વીર્યની માગણી કરતી અરજીની સુનાવણી બાકી હોવાથી બોમ્બે હાઈકોર્ટે મુંબઈના એક ફર્ટિલિટી સેન્ટરને એ મૃતક પુત્રના વીર્યને જાળવી રાખવાનો આદેશ આપ્યો છે.

ફર્ટિલિટી સેન્ટરે ફ્રોઝન વીર્ય આપવાનો ઇનકાર કર્યા બાદ મહિલાએ હાઇકોર્ટમાં અરજી કરી હતી, કારણ કે પુરુષે સંમતિ ફોર્મમાં મૃત્યુ પછી શુક્રાણુ ધરાવતા વીર્યને દૂર કરવા જણાવ્યું હતું. મૃત્યુ પામેલા પુત્રએ કેન્સરની સારવાર માટે કીમોથેરપી લઈ રહ્યો હતો ત્યારે વીર્યને ફ્રીઝ કરવાનું પસંદ કર્યું હતું. (પીટીઆઈ)■

# જુનિયર ભારતીયો ઇંગ્લૅન્ડમાં શાનથી જીત્યા, સિનિયરોને શરમાવ્યા

## વૈભવ સૂર્યવંશીએ ૪૮માંથી ૪૨ રન ચોક્કા-છગ્ગાથી બનાવ્યા: ફ્લિન્ટૉફના પુત્રની હાફ સેન્ચુરી પાણીમાં

બ્રાઇટન: ઇંગ્લૅન્ડમાં મંગળવારે શુભમન ગિલના સુકાનમાં ટીમ ઇન્ડિયાનો ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં શરમજનક પરાજય થયો હતો, પણ બે દિવસ બાદ (શુક્રવારે) મુંબઈના આયુષ મ્હાત્રેની કૅપ્ટન્સીમાં ઇન્ડિયા અન્ડર-૧૯ ટીમે ઇંગ્લૅન્ડ અન્ડર-૧૯ને પાંચ મૅચવાળી સિરીઝના પ્રથમ વન-ડે મુકાબલામાં ૧૫૬ બૉલ બાકી રાખીને છ વિકેટના માર્જિનથી હરાવીને વિજયી શરૂઆત કરી હતી. આઇપીએલમાં ૩૮ બૉલમાં ધમાકેદાર ૧૦૧ રનના સ્કોર સાથે સ્ટાર પર્ફોર્મ કરનાર અને રાજસ્થાન રૉયલ્સ પાસેથી ૧.૧૦ કરોડ રૂપિયાની કૉન્ટ્રેક્ટ મની મેળવનાર ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશી (૪૮ રન, ૧૯ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર)એ ફટકાબાજી કરીને ધમાલ મચાવી દીધી હતી. ભારતની અન્ડર-૧૯ ટીમની જીતમાં તેનું મોટું યોગદાન હતું. તેણે ૪૮માંથી ૪૨ રન ફોર-સિક્સરથી બનાવ્યા હતા.







વલસાડનો હેનિલ પટેલ (ડાબે). તેણે બે મહત્ત્વની વિકેટ લીધી હતી. વૈભવે (જમણે) જોરદાર ફટકાબાજી કરી. (બીસીસીઆઈ)

### ઇંગ્લૅન્ડમાં ગુજરાતના બે અન્ડર -૧૯ પ્લેયર ચમક્યા

ઇન્ડિયા અન્ડર-૧૯ ટીમને જીતવા ૧૭૫ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો. સારી શરૂઆત કર્યા બાદ ભારતીય ટીમે ૯૯ રનના સ્કોર પર ત્રીજી વિકેટ ગુમાવી હતી. જોકે અભિજ્ઞાન કુન્ડુ (૪૫ અણનમ, ૩૪ બૉલ, એક સિક્સર, ચાર ફોર) નામના વિકેટકીપરે તેમ જ ગુજરાતના મૌલ્યરાજસિંહ ચાવડા (૧૬ રન, ૧૫ બૉલ, બે ફોર) અને રાહુલ કુમારે (૧૭ અણનમ, પચીસ બૉલ, એક સિક્સર)એ નાની-મોટી ભાગીદારી કરીને ભારતને જીત અપાવી દીધી હતી. કુન્ડુ-રાહુલ વચ્ચે પાંચમી વિકેટ માટે પંચાવન રનની અતૂટ ભાગીદારી થઈ હતી. એ અગાઉ, ઓપનિંગમાં કૅપ્ટન મ્હાત્રે (૨૧ રન, ૩૦ બૉલ, ચાર ફોર) વચ્ચે ૭૧ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી.

યજમાન ટીમ વતી એ. એમ. ફ્રેન્ચ નામના બોલરે સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

ઇન્ડિયા અન્ડર-૧૯ ટીમે ૧૭૫ રનના ટાર્ગેટ સામે ૨૪ ઓવરમાં ૧૭૮/૪ના સ્કોર સાથે વિજય હાંસલ કર્યો હતો.

એ પહેલાં, ઇંગ્લૅન્ડ અન્ડર-૧૯ ટીમ ૪૨.૨ ઓવરમાં માત્ર ૧૭૪ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. એમાં ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર ઍન્ડ્રયૂ ફ્લિન્ટૉફના ૧૭ વર્ષીય પુત્ર રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન રૉકી ફ્લિન્ટૉફ (૫૬ રન, ૯૦ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. તેની વિકેટ વલસાડના પેસ બોલર હેનિલ પટેલે લીધી હતી. હેનિલ ડોમેસ્ટિક ક્રિકેટમાં ગુજરાત વતી રમે છે. તેણે ઇંગ્લૅન્ડ અન્ડર-૧૯ના ઓપનર બી. જે. ડૉકિન્સ (૧૮ રન)ને પણ આઉટ કર્યો હતો.

કનિષ્ક ચૌહાણે ત્રણ વિકેટ તેમ જ હેનિલ ઉપરાંત આર. એસ. અંબરિશ અને મોહમ્મદ એનાને બે-બે વિકેટ લીધી હતી. ■

# આઇસીસીએ નિયમ બદલ્યો: ક્રિકેટરને હવે માથામાં બૉલ વાગે તો...

## પાવરપ્લેને લગતા નિયમમાં પણ મોટો ફેરફાર થયો

દુબઈ: ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ શુક્રવારે તમામ ફૉર્મેટ માટેના કેટલાક નવા નિયમો જાહેર કર્યા હતા જે મુજબ ખાસ બે ફેરફારો કરવામાં આવ્યા છે. એક, જો કોઈ ખેલાડીને રમતી વખતે માથામાં બૉલ વાગશે (આવી ઈજા કંકશન તરીકે ઓળખાય છે) તો તેણે ફરજિયાત ઓછામાં ઓછા સાત દિવસ સુધી મેદાનથી દૂર રહેવું પડશે. બીજું, પુરુષોની ટી-૨૦માં જો કોઈ કારણસર ઓવરની સંખ્યા ૨૦થી ઘટાડવામાં આવશે તો (ફીલ્ડિંગની મર્યાદાવાળી) પાવરપ્લેની ઓવરની સંખ્યાની ગણતરી ઓવરને આધારે નહીં, પણ બૉલને આધારે કરવામાં આવશે. ઉદાહરણ તરીકે, જો ઓવર ૨૦થી ઘટાડીને ૧૫ કરવામાં આવી હશે તો પાવરપ્લેની સંખ્યા ચાર કે પાંચ ઓવરને બદલે ૪.૩ રહેશે. બીજી રીતે કહીએ તો પાવરપ્લે ૪.૩ ઓવર સુધીનો રહેશે.

અત્યાર સુધી એવો નિયમ એવો છે જેમાં ૨૦-૨૦ ઓવરની મૅચમાં પહેલી છ ઓવર પાવરપ્લેની છે. હવે કુલ ઓવરની સંખ્યા ઘટાડવામાં આવશે તો પાવરપ્લેની ઓવરની સંખ્યાને લગતી ગણતરી નવા નિયમ મુજબ કરવામાં આવશે. આ નવો નિયમ આગામી જુલાઈ મહિનાથી (બીજી જુલાઈએ શ્રીલંકા-બાંગ્લાદેશ વચ્ચેની સિરીઝથી) લાગુ પડશે.

કંકશનનો શિકાર થનાર ખેલાડી ઓછામાં ઓછા સાત દિવસ ફરજિયાત આરામ કરીને પછી જ પાછો રમવા આવી શકશે. દરેક ટીમે પ્રત્યેક મૅચ માટે એક એવા ખેલાડીનું નામ ટીમની યાદી સાથે આપવું પડશે જે મૅચ દરમ્યાન કંકશનનો શિકાર થનાર ખેલાડીને બદલે રમી શકશે. અગાઉ એવું બનતું જેમાં યજમાન ટીમ કંકશનનો શિકાર થનાર પોતાના ખેલાડીના સ્થાને અનેક ખેલાડીઓના ગ્રૂપમાંથી એકને સિલેક્ટ કરીને તેને રમવા બોલાવતી હતી. જોકે હવે ટીમ દ્વારા મૅચની પહેલાં જે પ્લેયરનું કંકશનના રિપ્લેસમેન્ટ તરીકેનું નામ અપાયું હશે એ જ ખેલાડી રમી શકશે.

બીજો એક નવો નિયમ એ છે કે હવેથી વાઇડ બૉલ નક્કી કરવા માટે બૉલ જ્યારે ફેંકવામાં આવ્યો હોય ત્યારે બૅટ્સમૅનના પગ કઈ પૉઝિશનમાં હતા એને પણ ધ્યાનમાં લેવામાં આવશે. બીજું, વાઇડ બૉલ સંબંધમાં અમ્પાયર માટે માર્ગદર્શક બની રહે એ હેતુથી પ્રૉટેક્ટેડ એરિયા માર્કર લાઇન હવે પૉપિંગ ક્રીઝ (બૅટ્સમૅન માટેની ફૉર્વર્ડ લિમિટ) સુધી લંબાવવામાં આવશે. ■



### પાવરપ્લે માટેની ઓવરની ગણતરી હવે નવી રીતે

| કુલ ઓવર | પાવરપ્લેની ઓવર | કુલ ઓવર | પાવરપ્લેની ઓવર |
|---|---|---|---|
| ૨૦ | ૬.૦ | ૧૨ | ૩.૪ |
| ૧૯ | ૫.૪ | ૧૧ | ૩.૨ |
| ૧૮ | ૫.૨ | ૧૦ | ૩.૦ |
| ૧૭ | ૫.૧ | ૯ | ૨.૪ |
| ૧૬ | ૪.૫ | ૮ | ૨.૨ |
| ૧૫ | ૪.૩ | ૭ | ૨.૧ |
| ૧૪ | ૪.૧ | ૬ | ૧.૫ |
| ૧૩ | ૩.૫ | ૫ | ૧.૩ |


નોંધ: આ નવા ફેરફાર હમણાં માત્ર પુરુષોની ટી-૨૦ ક્રિકેટ માટેના જ છે.

# ડબ્લ્યૂટીસીના નવા રૅન્કિંગમાં ઇંગ્લૅન્ડ ટૉપ પર અને ભારત છેલ્લે

દુબઈ: વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની નવી દ્વિવાર્ષિક સીઝન શરૂ થઈ ગઈ છે અને એમાં અત્યારથી જ રસાકસી જોવા મળી રહી છે. નવી સીઝનમાં હજી ચાર જ દેશની કુલ માત્ર બે ટેસ્ટ રમાઈ છે જેમાંથી એક ટેસ્ટ ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેની છે. ઉલ્લેખનીય છે કે ડબ્લ્યૂટીસીનું નવું રૅન્કિંગ-ટેબલ હજી માંડ અઠવાડિયા જૂનું છે અને એમાં ઇંગ્લૅન્ડ નંબર-વન છે, જ્યારે ભારત સાવ છેલ્લે છે. જોકે એમાં થોડા જ દિવસમાં ફેરફાર જોવા મળશે.

ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેની બીજી ટેસ્ટ બીજી જુલાઈથી બર્મિંગહૅમમાં રમાશે. બ્રિટિશ ટીમ પાંચ મૅચની સિરીઝમાં ૧-૦થી આગળ છે.

ડબ્લ્યૂટીસીની આ ચોથી સીઝન છે. પ્રથમ સીઝનમાં ન્યૂ ઝીલૅન્ડ અને બીજી સીઝનમાં ઑસ્ટ્રેલિયા ચૅમ્પિયન બન્યું હતું. તાજેતરમાં ત્રીજી સીઝનનું







ચૅમ્પિયનપદ સાઉથ આફ્રિકાએ હાંસલ કર્યું હતું.

બેન સ્ટૉક્સના સુકાનમાં ઇંગ્લૅન્ડે પહેલી ટેસ્ટમાં ભારતને પાંચ વિકેટે હરાવ્યું એટલે ઇંગ્લૅન્ડના નામે ૧૨ પૉઇન્ટ લખાઈ ગયા હતા. ઇંગ્લૅન્ડની ટકાવારી ૧૦૦ ટકા છે.

ડબ્લ્યૂટીસીની નવી સીઝનમાં બાંગ્લાદેશ અને શ્રીલંકાની પણ એક ટેસ્ટ રમાઈ છે. એ ટેસ્ટ ડ્રૉ થતાં બન્ને ટીમને ચાર-ચાર પૉઇન્ટ મળ્યા છે અને એમની સફળતાની ટકાવારી ૩૩.૩૩ ટકા છે. ભારત એક ટેસ્ટ હાર્યું છે એટલે એના નામે કોઈ જ પૉઇન્ટ નથી.

બાંગ્લાદેશ-શ્રીલંકા વચ્ચે બીજી ટેસ્ટ ચાલે છે જેમાં પહેલા ત્રણ દિવસની રમત થઈ ચૂકી છે. કોલંબોની આ ટેસ્ટમાં બાંગ્લાદેશે પ્રથમ દાવમાં ૨૪૭ રન બનાવ્યા બાદ શ્રીલંકાએ ઓપનર પથુમ નિસન્કાના ૧૫૮ રન, દિનેશ ચંદીમલના ૯૩ રન તથા વિકેટકીપર કુસાલ મેન્ડિસના ૮૪ રનની મદદથી ૪૫૮ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશે શુક્રવારે બીજા દાવમાં છ વિકેટે માત્ર ૧૧૫ રન કર્યા એટલે શ્રીલંકાને (હજી ૯૬ રનથી આગળ હોવા બદલ) આ મૅચ એક દાવથી જીતવાની તક છે.

બ્રિજટાઉનમાં ઑસ્ટ્રેલિયાએ સિરીઝની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ૧૮૦ રન કર્યા જેના જવાબમાં વેસ્ટ ઇન્ડિઝે ૧૯૦ રન કરીને ૧૦ રનની લીડ લીધી હતી. ઑસ્ટ્રેલિયાએ ગુરુવારના બીજા દિવસે રમતના અંત સુધીમાં ૯૨ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ■

# રવિ શાસ્ત્રી કહે છે, ‘૧૯૬૮ કરોડ રૂપિયા પૂરતા નથી, ભારતને વધુ હિસ્સો મળવો જોઈએ’

## ભારત સૌથી વધુ આવક ઊભી કરી આપતું હોવાથી આઇસીસીની વાર્ષિક કમાણીમાંથી બીસીસીઆઇને સૌથી વધુ ૩૮.૫ ટકા હિસ્સો મળે છે

નવી દિલ્હી: ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ની આવકમાંથી ભારતને ૨૦૨૪-૨૭ની યોજના હેઠળ વર્ષે ૧,૯૬૮ કરોડ રૂપિયાનો સૌથી વધુ હિસ્સો મળશે, પરંતુ ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન અને વર્તમાન કૉમેન્ટેટર રવિ શાસ્ત્રીનું એવું માનવું છે કે આઇસીસીની આવકમાંથી ભારતને હાલમાં જે સૌથી વધુ (૩૮.૫ ટકાનો) હિસ્સો મળે છે એ માત્ર વ્યવહારું છે, પણ પૂરતો નથી.

ભારતના ભૂતપૂર્વ હેડ-કોચ શાસ્ત્રી એક બ્રિટિશ મૅગેઝિનને આપેલી મુલાકાતમાં કહે છે કે ‘ભારત જેટલા પ્રમાણમાં આઇસીસીને આવક ઊભી કરી આપે છે એને અનુરૂપ આઇસીસીની કમાણીમાં ભારતનો હિસ્સો હોવો જોઈએ. જ્યારે ભારતની ટીમ વિદેશમાં જઈને રમે છે ત્યારે ટીવી રાઇટ્સ અને અન્ય કમાણીની દૃષ્ટિએ આઇસીસીને અનેકગણો ફાયદો થતો હોય છે. ટીવી રાઇટ્સ દ્વારા થતી કમાણી જ આ વાતનો સ્પષ્ટ પુરાવો છે.’

### કોને કેટલો હિસ્સો મળે છે

ઉલ્લેખનીય છે કે ક્રિકેટજગતના તમામ ક્રિકેટ બોર્ડમાં બીસીસીઆઇ સૌથી શ્રીમંત છે. ક્રિકેટજગતમાં ભારત અને બીસીસીઆઇ સૌથી વધુ આવક અપાવે છે. આઇસીસીની કુલ કમાણીમાં જે ૩૮.૫ ટકાનો જે સર્વોચ્ચ હિસ્સો ભારતને મળે છે એ બીજા નંબરના હિસ્સા કરતાં છ ગણો વધુ છે. બીજા નંબરનો ૬.૮૯ ટકાનો હિસ્સો ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડને અને ત્રીજા નંબરનો ૬.૨૫ ટકાનો ભાગ ઑસ્ટ્રેલિયાના ક્રિકેટ બોર્ડને આપવામાં આવે છે.

આઇસીસી દ્વારા જ કમાણીમાંથી હિસ્સા મુજબની વહેંચણીનું આ મૉડેલ તૈયાર કરવામાં આવ્યું છે. આ ત્રણ ક્રિકેટ બોર્ડ માટેની આવકની વહેંચણી ઉપરાંત બીજા નવ દેશના ક્રિકેટ બોર્ડ વચ્ચે બાકીના ૧૨ ટકા હિસ્સાની કમાણી વહેંચવામાં આવે છે.

### શાસ્ત્રીએ ૧૯૭૦ના દાયકાનું ઉદાહરણ આપ્યું

રવિ શાસ્ત્રી કહે છે, ‘આઇસીસીને દર વર્ષે જે કંઈ કમાણી થાય છે એમાંથી મોટા ભાગની કમાણી ભારતમાંથી અને ભારત દ્વારા જ થાય છે એટલે ભારતને કુલ કમાણીમાંથી વધુ પૈસા મળવા જોઈએ. આ તો અર્થશાસ્ત્ર આધારિત છે. આવતી કાલે જો કોઈ વધુ મજબૂત બોર્ડ હશે તો એને એના યોગદાન મુજબ મોટો હિસ્સો મળશે. જેમ ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં બનતું હતું એમ ત્યારે કમાણીનો મોટો હિસ્સો અન્ય કોઈ દેશ તરફ જતો હતો. એને ધ્યાનમાં લેતાં ભારતને એની ભૂમિકા મુજબ વધુ હિસ્સો મળવો જોઈએ.’

કેટલાક દેશો (ખાસ કરીને પાકિસ્તાન)ની આઇસીસીની કમાણીમાં વધુ હિસ્સો મેળવવાની ઘણા લાંબા



સમયથી માગણી રહી છે. આ દેશોનું એવું કહેવું છે કે ક્રિકેટના ત્રણ મોટા બોર્ડ વચ્ચે કમાણીનો જે મોટા ભાગનો હિસ્સો વહેંચાઈ જાય છે એને લીધે એ ત્રણ દેશ સિવાયના દેશોમાં ક્રિકેટની રમતનો વિકાસ સીમિત થઈ જાય છે. ■

## ભાલાફેંકના ચૅમ્પિયન નીરજ ચોપડાની ઉદારતા

# ચાહકે મૅચ જોવા ૨,૦૦૦ રૂપિયાની મદદ માગી ત્યારે નીરજે વીવીઆઈપી સગવડ કરીને ચોંકાવી દીધો

બેંગલૂરુ: ભાલાફેંકમાં બે ઑલિમ્પિક મેડલ જીતી ચૂકેલા અને ભારતીય લશ્કરમાં નાયબ સુબેદારની પ્રથમ પદવી મેળવ્યા બાદ હવે લેફ્ટનન્ટ કર્નલનો હોદ્દો ધરાવતા નીરજ ચોપડાએ માનવતા અને ઉદારતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપ્યું છે. તેના એક ચાહકે તેની (નીરજની) આગામી ટૂર્નામેન્ટની મૅચ જોવા માટે સોશિયલ મીડિયામાં ૨,૦૦૦ રૂપિયાની મદદ માગી ત્યારે નીરજે તેને અનેકગણી વધુ મોટી મદદ કરીને તેને આશ્ચર્યમાં મૂકી દીધો હતો.

પાંચમી જુલાઈએ બેંગલૂરુના કાંતીરવા સ્ટેડિયમમાં ‘નીરજ ચોપડા ક્લાસિક’ નામની ભાલાફેંકની ઇવેન્ટ યોજાવાની છે. કોઇમ્બતુરમાં રહેતો રણજીત કુમાર રવિચન્દ્રન ભાલાફેંકની રમતનો ફૅન છે. તેણે સોશિયલ મીડિયા પરની ટવીટમાં એનસી ક્લાસિક તરીકે જાણીતી આ ઇવેન્ટ જોવા માટેના ખર્ચને પહોંચી વળવા એક્સ (ટ્વિટર) પર રૂપિયા ૨,૦૦૦ સુધીની મદદ માગી હતી. રણજીતે ટવીટમાં લખ્યું હતું,




‘કોઈ મારા માટે ૨,૦૦૦ રૂપિયા સ્પૉન્સર કરી આપશો? મારે કોઇમ્બતુરથી બેંગલૂરુ આવીને નીરજ ચોપડાની એનસી ક્લાસિક ઇવેન્ટ જોવી છે.’

નીરજ ચોપડાએ રણજીતના આ ટવીટનો પ્રતિસાદ આપીને સમગ્ર ખેલજગતને ચોંકાવી દીધું છે. ટવીટમાં નીરજે રણજીતને ‘ફુલ વીવીઆઇપી’ સન્માન ઑફર કર્યું છે. નીરજે તેના માટે માત્ર વીવીઆઇપી ટિકિટ જ સ્પૉન્સર નથી કરી, પણ સ્ટેડિયમ નજીકની લક્ઝરી હૉટેલમાં એક દિવસ માટે તેના રહેવાની વ્યવસ્થા પણ કરી આપી છે.

બેંગલૂરુની પાંચમી જુલાઈની ઇવેન્ટ માટેની ટિકિટનો ભાવ ૧૯૯ રૂપિયાથી માંડીને ૪૪,૯૯૯ રૂપિયા છે. એક સીટ દીઠ ટિકિટના આ ભાવ સામાન્ય સ્ટૅન્ડથી માંડીને પ્રીમિયમ કોર્પોરેટ બૉક્સ સ્ટૅન્ડ સુધીના છે.

નીરજે તેના આ નસીબવંતા ચાહક માટેની ટવીટમાં લખ્યું છે, ‘નમસ્તે રણજીત, બેંગલૂરુમાં તમારા માટે એક વીવીઆઇપી અનુભવ રાહ જુએ છે, કારણકે તમારા પ્રવાસનો બધો ખર્ચ મારા તરફથી. રૅડિસન્સ હૉટેલનો પણ આભાર. તમે (રણજીત) મારાથી માત્ર ૯૦ મીટર દૂરના અંતરે જ રહેવાના છો. સી યુ સૂન.’

આ ટવીટમાં ‘૯૦ મીટર’ લખવા પાછળનો નીરજ ચોપડાનો આશય એ હતો કે તેણે તાજેતરમાં પહેલી જ વખત ભાલાફેંકમાં ૯૦ મીટરનું વિઘ્ન પાર કર્યું હતું. તેણે પોતાના એ લકી નંબર (૯૦)ને ચાહક માટેના ટવીટમાં દર્શાવ્યો હતો.

એનસી ક્લાસિક ઇવેન્ટ આ પહેલાં ૨૪મી મેએ યોજાવાની હતી, પણ ભારત-પાકિસ્તાન વચ્ચેના ઘર્ષણને કારણે એ ઇવેન્ટ મોકૂફ રાખવામાં આવી હતી. નીરજે ત્રણ જ દિવસ પહેલાં ચેક રિપબ્લિકના ઑસ્ટ્રાવામાં ગોલ્ડન સ્પાઇક ઇવેન્ટમાં ભાલો (તમામ હરીફોમાં સૌથી વધુ) ૮૫.૨૯ મીટર દૂર ફેંકીને ગોલ્ડ મેડલ જીતી લીધું હતું. એના ચાર દિવસ અગાઉ પણ તે પૅરિસ ડાયમંડ લીગમાં ટાઇટલ જીત્યો હતો. ■

# વેસ્ટ ઇન્ડિઝના વર્તમાન ક્રિકેટર વિરુદ્ધ ૧૧ મહિલાઓનો બળાત્કારનો આક્ષેપ


ગયાના: વેસ્ટ ઇન્ડિઝમાં એક તરફ ગયાના ટાપુએ ક્રિકેટ જગતને ક્લાઇવ લૉઇડ, રોહન કન્હાઈ, લાન્સ ગિબ્સ, રૉય ફ્રેડરિક્સ, ઑલ્વીન કાલિચરણ, કૉલિન ક્રૉફ્ટ, ફાઉદ બૅકસ, રોજર હાર્પર, કાર્લ હૂપર, શિવનારાયણ ચંદરપૉલ, રામનરેશ સરવન વગેરે નામાંકિત ખેલાડીઓ આપ્યા છે ત્યારે બીજી તરફ આ જ ટાપુનો એક ક્રિકેટર જે વેસ્ટ ઇન્ડિઝની વર્તમાન ટીમમાં સામેલ કરવામાં આવતો હોય છે તેની સામે બળાત્કારના આક્ષેપો થયા છે.

ગયાના ટાપુના આ યુવાન વર્તમાન ક્રિકેટર વિરુદ્ધ અગિયાર મહિલાઓએ બળાત્કારનો તેમ જ જાતીય સતામણીનો આક્ષેપ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે વેસ્ટ ઇન્ડિઝ વતી હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી રહેલા ગયાનાના ખેલાડીઓમાં ખાસ કરીને રોમારિયો શેફર્ડ, શિમરૉન હેટમાયર, કીમૉ પૉલ, વીરાસામી પરમૉલ વગેરેનો સમાવેશ છે.

વેસ્ટ ઇન્ડિઝની ટીમ હાલમાં ઑસ્ટ્રેલિયા સામે સિરીઝ રમી રહી છે.

કેટલાક કૅરિબિયન અખબારો અને વેબસાઇટના અહેવાલ મુજબ જે ક્રિકેટરની વિરુદ્ધ બળાત્કારના આક્ષેપો થયા છે એ ગયાનાનો છે અને વેસ્ટ




બ્રિજટાઉન ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાના પ્રથમ દાવના ૧૮૦ રનના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે ૧૯૦ રન બનાવ્યા બાદ શુક્રવારે બીજા દાવમાં કાંગારુઓના ૬૦ ઓવરને અંતે પાંચ વિકેટે ૧૯૧ રન હતા.

ઇન્ડિઝની વર્તમાન ટીમનો હિસ્સો છે. તેની વિરુદ્ધના આક્ષેપો સંબંધમાં તપાસ થઈ રહી છે.

આ ખેલાડીની વિરુદ્ધમાં જે ૧૧ મહિલાઓએ બળાત્કારના આક્ષેપ કર્યા છે એમાં એક ટીનેજર છે. તેમણે આક્ષેપ કર્યો છે કે આ ક્રિકેટરે તેમની જાતીય સતામણી કરી હતી, તેમના પર બળાત્કાર ગુજાર્યો હતો તેમ જ કેટલીક અન્ય અસભ્ય માગણીઓ પણ કરી હતી.

એક અહેવાલમાં એવું પણ જણાવાયું છે કે આ ખેલાડી વર્તમાન કૅરિબિયન ક્રિકેટનો હિસ્સો હોવાથી તેને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

ગયાનાના વકીલ નાઇજેલ હ્યુઝે એક અખબારને જણાવ્યું હતું કે ‘બે વર્ષ પહેલાં એક છોકરી મારી પાસે આવી હતી અને તેણે જે ક્રિકેટર વિરુદ્ધ બળાત્કારનો આક્ષેપ કર્યો હતો એ કૅરિબિયન ટીમમાં હતો.’

એ ટીમે જાન્યુઆરી, ૨૦૨૪માં ઑસ્ટ્રેલિયાને હરાવ્યું હતું અને એ ખેલાડી ગયાના પાછો આવ્યો ત્યારે તેનું હીરોની જેમ શાનદાર સ્વાગત થયું હતું. ■

# હવે પ્રજ્ઞાનાનંદ ભારતનો નંબર-વન ચેસ ખેલાડી, વિશ્વમાં ચોથા ક્રમે

તાશ્કંદ: ગ્રૅન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદ અહીં ઉઝચેસ કપ માસ્ટર્સ-૨૦૨૫ જીતીને ભારતના ચેસ ખેલાડીઓમાં સર્વોચ્ચ ક્રમાંકિત થઈ ગયો છે તેમ જ તે વિશ્વભરના ચેસ ખેલાડીઓના લાઇવ-રેટિંગ્સમાં ત્રણ ક્રમની છલાંગ લગાવીને ચોથા નંબર પર આવી ગયો છે.

તાશ્કંદનું ટાઇટલ જીતને લીધે પ્રજ્ઞાનાનંદનું લાઇવ રેટિંગ ૨૭૭૮.૩ થઈ ગયું છે. એ રીતે તે વિશ્વમાં સાતમા નંબર પરથી ચોથા સ્થાને આવી ગયો છે. કરીઅરમાં તેનું આ હાઇએસ્ટ રેટિંગ પણ છે.

૧૯ વર્ષના પ્રજ્ઞાનાનંદે વર્લ્ડ ચૅમ્પિયન ડી. ગુકેશ (૨૭૭૬.૬)ને પણ પાર કરી લીધો છે. ગુરુવાર સુધી અર્જુન એરીગૈસી (૨૭૭૫.૭) ભારતનો સર્વોચ્ચ ક્રમાંકિત હતો. તે વિશ્વનાથન આનંદ પછીનો પ્રથમ સર્વોચ્ચ ક્રમાંકિત ભારતીય બન્યો હતો, પરંતુ પ્રજ્ઞાનાનંદે અર્જુનને પણ પાછળ રાખી દીધો છે.

પ્રજ્ઞાનાનંદની અગાઉ વિશ્વના ટોચના ત્રણ ખેલાડીઓમાં મૅગ્નસ કાર્લસન (૨૮૩૯.૨) પ્રથમ નંબરે, હિકારુ નાકામુરા (૨૮૦૭.૦) બીજા નંબરે અને ફૅબિયાનો કૅરુઆના (૨૭૮૪.૨) ત્રીજા નંબરે છે. ■



# વીક એન્ડ

## સ્પોર્ટ્સ મૅન

સારિમ અન્ના
feedback@bombaysamachar.com

# પંતનું પાગલપણું: ચાહકો માટે મનોરંજન... હરીફો માટે માથાનો દુખાવો

**રિષભ** પંત થોડા મહિના પહેલાં જાણે અંધારામાં ભટકી રહ્યો હતો. ઇંગ્લૅન્ડ સામેની તાજેતરની પ્રથમ ટેસ્ટના બન્ને દાવની વિક્રમજનક સેન્ચુરીથી વિરોધાભાસી ઘટના જોઈએ તો તે આ વર્ષની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયા સામેની મેલબર્નની ચોથી ટેસ્ટની બન્ને ઇનિંગ્સમાં લાપરવાહીભર્યા શૉટ બદલ સસ્તામાં વિકેટ ગુમાવી બેઠો હતો. તેની એ બેદરકારી કાંગારુંઓ સામેની શ્રેણીમાં ભારતના ૧-૩થી થયેલા પરાજયનું એક કારણ હતી. ખાસ કરીને એ માટે કે ત્યાં સુધી સિરીઝ ૧-૧થી લેવલમાં હતી, પરંતુ ટીમ ઇન્ડિયાને પંતનો સાથ ન મળ્યો એટલે ટ્રોફી છેવટે ગુમાવવી પડી હતી. ટીમ મૅનેજમેન્ટ તેનાથી ખૂબ નારાજ હતું.

પંતની કરીઅરમાં જે અપ અને ડાઉન આવ્યા એવા ક્રિકેટ જગતમાં ભાગ્યે જ કોઈની કારકિર્દીમાં આવ્યા હશે. ઑસ્ટ્રેલિયાની નિરાશાજનક ટૂર બાદ વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી (જેમાં ભારત ચૅમ્પિયન બન્યું) દરમ્યાન તેને ઇલેવનમાં સ્થાન નહોતું મળ્યું અને ટી-૨૦ મૅચોમાં સંજુ સૅમસનના રૂપમાં ટીમ ઇન્ડિયાને વિકલ્પ મળી ગયો હતો. આઇપીએલમાં તે લખનઊનો કૅપ્ટન હતો જેમાં ખુદ પંતનો પર્ફોર્મન્સ સારો નહોતો અને તેની ટીમ પણ પૉઇન્ટ્સ-ટેબલમાં નીચલા ભાગમાં રહી હતી.

**સંરક્ષણાત્મક અભિગમ રાખ્યા બાદ અચાનક ફટકાબાજી શરૂ કરી દેવી, સમરસૉલ્ટથી સેન્ચુરી સેલિબ્રેટ કરવી એ રિષભની નોખી પહેચાન છે**

પંતે ૨૦૧૮માં ઇંગ્લૅન્ડની ટૂર દરમ્યાન નૉટિંગહૅમ ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી ટીમમાં તેના સ્થાન સામે કોઈ જ સવાલ નહોતા ઉઠ્યા. ડિસેમ્બર, ૨૦૨૨માં તે ભયાનક કાર-અકસ્માતમાં ગંભીર રીતે ઈજા પામ્યો હતો. જીવતો બચશે કે નહીં એવો ઘણાને ડર હતો અને એવી પણ શંકા હતી કે જીવી જશે તો પણ પહેલાંની જેમ પાછો મેદાન પર ઊતરશે કે નહીં? જોકે મહેનત અને ધગશથી તે સ્વસ્થ થઈ ગયો અને મેદાન પર વાપસી કરીને તેણે ભારતીય ટીમમાં ફરી સ્થાન મેળવ્યું હતું. એટલું જ નહીં, ટીમમાં પોતાની ગુમાયેલી જગ્યા પાછી બનાવી લીધી હતી.



રિષભ પંતે તાજેતરમાં લીડ્સમાં સમરસૉલ્ટની સ્ટાઇલમાં સદી સેલિબ્રેટ કરી હતી.

ઑસ્ટ્રેલિયામાં ૧-૩થી થયેલી હાર બાદ બધુ પાછું વિખેરાઈ ગયું હતું. જોકે પસંદગીકારોએ તેના પર ભરોસો મૂક્યો અને તેને ટીમનો વાઇસ-કૅપ્ટન બનાવ્યો. વર્ષોથી આપણે પંતના ચહેરા પર જે સ્મિત અને હાસ્ય જોયા એ ઘણા મહિનાઓ સુધી ગુમ થઈ ગયા, પણ તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની લીડ્સ ટેસ્ટમાં તેણે સ્પિનર શોએબ બશીરના બૉલમાં છગ્ગો ફટકારીને સાતમી ટેસ્ટ-સદી પૂરી કરી એ સાથે તે પાછો અસલ ખુશમિજાજમાં જોવા મળ્યો હતો. ટીમ ઇન્ડિયાને ફરી મોટું યોગદાન આપતો થયો એ બદલ તે ખુશ હતો જ, તેણે મહાન વિકેટકીપર-બૅટ્સમૅન તરીકે મહેન્દ્રસિંહ ધોનીનો છ ટેસ્ટ સેન્ચુરીનો ભારતીય રેકૉર્ડ તોડ્યો એ માટે પણ આનંદિત હતો.

ભારત નવા ટેસ્ટ યુગમાં પ્રવેશી રહ્યું છે અને ટીમના નવા ઘડતરમાં ૨૭ વર્ષીય પંતને પ્રાથમિકતા મળી રહી છે. પંતને આ જ વિશ્વાસની જરૂર હતી જે તેને મળવા લાગ્યો છે. રોહિત શર્મા, વિરાટ કોહલી અને આર. અશ્વિન જેવા અનુભવીઓએ ટેસ્ટ ટીમને અલવિદા કરી ત્યાર પછીની પ્રથમ ટેસ્ટ શ્રેણી રમાઈ રહી છે અને એમાં કે. એલ. રાહુલ, રવીન્દ્ર જાડેજા, જસપ્રીત બુમરાહ અને કૅપ્ટન શુભમન ગિલ ઉપરાંત પંતનો અનુભવ પણ ટીમ માટે ઉપયોગી છે. આઇપીએલમાં લખનઊની ટીમનું નેતૃત્વ સંભાળતી વખતે તેના ચહેરા પર એક પ્રકારનો બોજ દેખાતો હતો. પોતે બૅટિંગમાં નબળું પર્ફોર્મ કરી રહ્યો હતો અને તેની ટીમ હારી રહી હતી એટલે તેના પર સ્ટ્રેસ ચોખ્ખું નજરે પડતું હતું, પરંતુ ટેસ્ટ ટીમમાં તે ખીલીને રમી રહ્યો છે. ઇંગ્લૅન્ડ સામેની લીડ્સની પ્રથમ ટેસ્ટમાં ખુદ બ્રિટિશ કૅપ્ટન બેન સ્ટૉક્સે પંતના આત્મવિશ્વાસની ઝલક જોઈ હતી અને હસી પડ્યો હતો. પંતની બે સેન્ચુરી છતાં ઇંગ્લૅન્ડ સામેની પહેલી ટેસ્ટ ભારત હારી ગયું એ વાત જુદી છે, પરંતુ સિરીઝમાં આગળ જતાં પંતના પર્ફોર્મન્સ પર ટીમનો મોટો મદાર રહેશે.

ઑસ્ટ્રેલિયામાં એકધારી બે ઇનિંગ્સમાં લાપરવાહીથી શૉટ મારીને વિકેટ ગુમાવી ત્યારે કૉમેન્ટરી-બૉક્સમાંથી સુનીલ ગાવસકરે તેના માટે ‘સ્ટુપિડ...સ્ટુપિડ...સ્ટુપિડ’ની કમેન્ટ કરીને ક્રિકેટ જગતને ચોંકાવી દીધું હતું. જોકે સની હવે ઇંગ્લૅન્ડમાં એ જ પંતની ફટકાબાજી પર આફરીન થયા છે. પંતની ખૂબી એ છે કે તે આસાનીથી પોતાની ઇનિંગ્સ ડેવલપ કરવાની સાથે પોતાના જોડીદાર પરનું માનસિક દબાણ પણ હટાવી આપતો હોય છે. ભારતીય બૅટ્સમૅન ચેતેશ્વર પુજારાનું કહેવું છે, ‘હું જ્યારે પંતની સાથે બૅટિંગ કરતો હતો ત્યારે મેં જોયું કે તે બોલરની લાઇન અને લેન્ગ્થ બગાડી નાખતો હતો અને સામા છેડે એનો સીધો ફાયદો મને થતો હતો. રન બનાવવાનું મારા માટે પણ આસાન થઈ જતું હતું.’

જેમ વીરેન્દર સેહવાગ પોતાની આગવી સ્ટાઇલમાં ફટકાબાજી કરતો એમ સૂર્યકુમાર યાદવની પણ ભિન્ન સ્ટાઇલ છે અને પંતનો પાવર પણ લોકોને અલગ અંદાઝમાં જોવા મળતો હોય છે. બોલર વિચારી ન શકે એ રીતે તે અચાનક ફટકાબાજી શરૂ કરી દેતો હોય છે. થોડી વાર શાંતિથી રમ્યા પછી ઓચિંતા તે ચોક્કા-છગ્ગાની રમઝટ બોલાવવા લાગે છે. પ્રેક્ષકોને અને દર્શકોને આ જ તો ગમતું હોય છે. પુજારા કહે છે, ‘પંત અચાનક રક્ષણાત્મક અભિગમ અપનાવીને રમતો હોય છે, પરંતુ અચાનક બોલરને દગો દઈ દેતો હોય છે અને ફટકાબાજી શરૂ કરીને બધાને ચોંકાવી દેતો હોય છે. બૉલની લેન્ગ્થને બહુ જલદી પારખીને શૉટ મારી દેવાની તેનામાં ગજબની ક્ષમતા છે.’

ઘણા બૅટ્સમેનોની ખાસિયતને હરીફ ટીમના બોલર પારખી લેતા હોય છે અને એ જ મૅચ કે સિરીઝમાં અથવા પછી ક્યારેક તેનો સામનો કરવાનો સમય આવે ત્યારે તેની વિકેટ લઈને તેને તેની એ નબળાઈ બતાવી દેતા હોય છે. હમણાં તો પંત જે સ્ટાઇલથી રમતો હોય છે એ હરીફ બોલર્સ શોધી નથી શક્યા. શોધી લેશે ત્યારે બની શકે કે પંત નવી સ્ટાઇલ અપનાવીને તેમને તેમની મર્યાદા બતાવી દેશે.

ધોની પછી ભારતને વિકેટકીપર તરીકે સારો વિકલ્પ મળી ગયો એ હજી તો સંપૂર્ણપણે પુરવાર નથી થયું અને ધોનીની બરાબરી તો સદીઓ સુધી કોઈ નહીં કરી શકે, પરંતુ એટલું તો નક્કી છે કે પંત ‘લંબી રેસ કા ઘોડા’ હૈ. બીજું, તેણે ટીમમાં ફરી જમાવટ કરીને ઘણા યુવા વિકેટકીપરો માટે દરવાજો બંધ કરી દીધો છે. જેમ પાર્થિવ પટેલ ઊભર્યો ત્યારે અજય રાત્રાની કારકિર્દી સીમિત થઈ ગઈ હતી એમ ધોનીના યુગમાં દિનેશ કાર્તિક કે વૃદ્ધિમાન સાહાને રમવાની બહુ ઓછી તક મળી હતી. પંતના યુગમાં ધ્રુવ જુરેલ કે સંજુ સૅમસન કે ઇશાન કિશન કે બીજા કોઈને આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં બહુ તક ન પણ મળે.

વિકેટકીપિંગમાં ડાઇવ મારીને કૅચ ઝીલવો કે બૉલ રોકવો એ પંતની વિશેષતા છે અને સેન્ચુરી પૂરી કરીને સમરસૉલ્ટ (ફ્રન્ટ-ફ્લિપ કે કાર્ટવ્હીલ)ની સ્ટાઇલમાં સેલિબ્રેશન કરવું એ જ બતાવી આપે છે કે પંત કાર-અકસ્માતવાળી ઘૂંટણની ઈજાને ક્યારનીયે ભૂલી ગયો છે. પંતના પાગલપણામાં પણ કોઈક યોજના હોય છે, હરીફોને કોઈક પ્રકારનો સંદેશ હોય છે. જેની સાતમાંથી ત્રણ ટેસ્ટ-સદી ઇંગ્લૅન્ડમાં અસરદાર સ્વિંગ અને સીમ અપાવતી પિચો પર થઈ હોય એ જ પંતનો ખરો પરચો. જે કામ બીજું કોઈ નથી કરી શકતું એ પંત કરી રહ્યો છે એટલે બ્રિટિશરોની નજરમાં તે હંમેશાં અગ્રેસર રહેશે. બૅટિંગમાં દરેક બોલર તેની સામે ખાસ સાવધ રહેશે અને ભારતની જ્યારે ફીલ્ડિંગ હોય ત્યારે હરીફ ટીમનો દરેક બૅટ્સમૅન બૉલને પંતના ગ્લવ્ઝથી દૂર રાખવાનું પસંદ કરશે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# વાદળોથી ફુજીને છુપાવીને બેઠેલો લેક આશી...

**હાકોનેમાં** એક સ્પિરિચ્યુઅલ દરવાજા માટે ત્રણ કલાક લાઇનમાં ઊભાં રહ્યાં પછી લેક આશી પર પાઇરેટ શિપમાં બેસીને માઉન્ટ હાકોને જવાનો સમય આવ્યો ત્યાં સુધીમાં તો વાદળ છવાઈ ગયાં હતાં. આગલી રાત્રે ભરપૂર સ્નો પડ્યો હતો. બીજા દિવસે ૧૫ ડિગ્રીમાં આખો દિવસ તડકો રહેશે એવું વેધર પ્રેડિક્શન હતું. હવે થયું એવું કે આગલી રાત્રે અહીં હાઇ અલ્ટીટ્યુડ પર અઢળક વૃક્ષો પર એવો સ્નો ઠલવાયો હતો કે બપોરે બાર-સાડાબાર સુધી તો બધાં વૃક્ષો નીચે મંદ મંદ ઓગળતા સ્નોનો જાણે વરસાદ જ પડતો હતો. અને ગેટ માટે અમારે જ્યાં લાઈનમાં ઊભા રહેવાનું થયું ત્યાં તો વૃક્ષોની કેનોપી બનાવેલી હોય તેવું લાગતું હતું. અને ત્યાં ઘણાંએ તો છતરી ખોલી નાખી હતી. અમે પણ હૂડીની ટોપી ચડાવીને જ ઊભાં હતાં.



આસપાસના પહાડો પર સ્નોની ટોપી પહેરાવામાં આવી હોય તેવું લાગતું હતું. ત્યાં સમય તો વેડફાયો જ, સાથે ત્યાં ઝાડ નીચે લાઈનમાં ઊભાં રહેવામાં બહાર તડકો જતો રહ્યો હતો. હવે ઠંડીમાં આવી જગ્યાએ દસ-પંદર ડિગ્રીમાં તડકા વિના જો પવનના સુસવાટા થવા માંડે તો શિયાળા કરતાં પણ વધારે થથરી જવાય. ખાસ તો એટલા માટે કે શિયાળામાં માણસ ઠંડી માટે મગજથી તૈયાર હોય, વસંતમાં આવો અણધાર્યો દિવસ અચાનક જ વાદળિયો અને ઠંડો થઈ જાય પછી ફ્રસ્ટ્રેટ તો થવાય જ ને.

શિન્જુકુ સ્ટેશન પરથી આ વિસ્તારના મેપ સાથેનું બ્રોશર મળ્યું હતું. તે મુજબ અહીં કુલ પાંચ પોઇન્ટ પરથી માઉન્ટ ફુજી દેખાવાનો હતો. હજી સુધી તો માત્ર બસ પાર્કિંગથી જે ઝલક દેખાઈ તે પછી ફુજીને ફુરસતે જોવાનો જરાય મેળ નહોતો પડ્યો. પાછાં ચાલીને જતાં ફુજી તો શું માઉન્ટ હાકોને પણ માંડ માંડ દેખાય એટલાં વાદળો અને ધુમ્મસ આવી ગયાં હતાં.

હજી એક પોઇન્ટ બોટમાંથી ફુજી દેખાવાની વાત કરતો હતો. જરા તડકો નીકળે તો બોટમાંથી તો ફુજી દેખાઈ જ જશે એ કોન્ફિડન્સથી અમે પાઇરેટ શિપ પર પણ દિશા પાક્કી કરીને બેઠાં હતાં. લેકમાં તડકામાં પેડલ અને મોટર બોટ રેન્ટ કરીને બેઠેલાં લોકો હવે પાણી પર ઠરી રહ્યાં હતાં. અમે પણ મોટે ઉપાડે બહારની તરફ ડેક પર રહીને ફુજીના વ્યૂ માટે ગોઠવાયેલાં. તેમાં ઠરી જ ગયાં. આ લેક છેક ૩૦૦૦ વર્ષ પહેલાં માઉન્ટ હાકોનેનો જ્વાળામુખી ફાટ્યો તેના ક્રેટરમાં બન્યો હતો. આજે તો આ લેક આખી દુનિયાભરમાં ખ્યાતનામ છે. આ વોલ્કેનો છેલ્લે ૧૧મી સદીમાં ફાટ્યો તે પછી માહોલ સતત શાંત રહ્યો છે. અને વોલ્કેનોના કારણે અહીં આસપાસમાં ગરમ પાણીના ઝરાઓની કોઈ કમી નથી. ખાસ તો આવાં હોટ સ્પ્રિંગ આસપાસ આ રિજનનાં સૌથી ખ્યાતનામ ‘ઓનસેન’ એટલે કે સ્પા રિસોર્ટ આવેલાં છે. તેમાં મોટાભાગનાં તો અલગ સ્તરનાં લક્ઝરી રિસોર્ટ છે. એક રાતના રૂમ દીઠ દોઢ-બે લાખવાળાં અલગ જ સ્તરનાં ઓનસેન માટે અહીં લોકો દુનિયાભરથી પૈસા બચાવીને આવે છે. જોકે અહીં પોસાય તેવાં નોર્મલ લક્ઝરી સ્પાની પણ કોઈ કમી નથી. અમે તો બંનેમાંથી કોઈનું પણ બુકિંગ નહોતું કરાવેલું. આગળ ક્યોટો અને ઓસાકા પાસે સ્પાનો પ્લાન હતો. હાકોનેમાં હજી આ બોટ રાઈડની બીજી પાર ઘણું બાકી હતું.

બોટ પરથી ફુજી તો ન દેખાયો, પણ અઢારમી સદીમાં બનેલા ઓનશી પાર્કને જોવાનો મેળ જરૂર પડી ગયો. ત્યાં પણ લોકો મોટા ઉપાડે સારા વેધરમાં પિકનિક કરવા આવેલાં. એડો શાસન દરમ્યાન આ લેક ક્યોટો અને ટોક્યો વચ્ચેના જળમાર્ગનો પણ મોટો ભાગ હતો. અને હજાર વર્ષ પહેલાં તો અહીં ડ્રેગનનો ત્રાસ હોવાની લોકવાયકા પણ છે. તે સમયે ડ્રેગનના પ્રકોપથી બચવા માટે લોકો લેકના કિનારે યુવતીઓની બલી ચઢાવતાં હતાં. ગમે તેટલો ભવ્ય ઇતિહાસ હોય, સ્ત્રીઓ પર અત્યાચારના ઉલ્લેખ ક્યાંક ને ક્યાંકથી આવી જ જાય છે. એકદમ આંખોને ઠંડક આપતી જગ્યાની પણ લોકવાયકાઓ પાસે જરા અલગ અપેક્ષા હતી. હવે તે ડ્રેગન કુઝુર્યુની વાર્તાઓ આજે પણ લોકપ્રિય છે. નવ માથાવાળો આ ડ્રેગન પણ સ્કોટલેન્ડના લોખ નેસ મોનસ્ટરની માફક કોઈને ક્યાંક દેખાતો હોવાનો ભાસ થવાની પણ વાત છે. તેમાં વળી આ ડ્રેગનને કોઈ સંતે પાણીની નીચે કોઈ પથ્થરથી બાંધીને બુદ્ધિસ્ટ ફિલોસોફી શીખવાડી હોવાની વાતો સાથે અહીંનો મિસ્ટીરિયસ માહોલ ઓર મજેદાર બનતો જતો હતો.

એક અલગ ચીલો એવી લોકવાયકાનો પણ છે કે આ ડ્રેગન તો આ રિજનની રક્ષા કરતો હતો અને ઘણાં તેની પૂજા પણ કરે છે. હવે આટલા વિરોધાભાસી ડ્રેગન વિષે પહેલાં તો ક્યાંય નથી સાંભળ્યું. કુઝુર્યુની વાતો જાપાનીઝ એનિમેશન ફિલ્મો, નાટકો અને બાળ વાર્તાઓમાં જોવા મળી જ છે. તેને સમર્પિત ઘણી શ્રાઇન પણ છે આ રિજનમાં. એવામાં ડ્રેગનનો ગામ પર પોઝિટિવ પ્રભાવ પણ રહ્યો હોવો જોઈએ. હોકોનેમાં કુઝુર્યુનું મંદિર પણ છે. ત્યાં પૂજા કરનારને સારો લાઇફ પાર્ટનર મળતો હોવાની પણ વાત છે. અહીં ઘણાં સ્થાનિકો તો બાધા લઈને આવે છે. આ મંદિરમાં દર મહિનાની ૧૩ તારીખે લગ્ન કરવા ઇચ્છુક લોકો આવીને પૂજા કરતાં હોવાની વાત છે. હવે ભારત યાદ આવ્યા વિના કઈ રીતે રહે. જાપાનની માયથોલોજી ઘણી રીતે આપણી દંતકથાઓ સાથે તાલ મિલાવતી હોય તેવું લાગતું હતું.



એવામાં એક શ્રાઇનની બહાર તો શિવજીનું ચિત્ર પણ દેખાઈ ગયું. શંકર ભગવાન જાપાનમાં દાઇકોકુતેન તરીકે પૂજાય છે અને ત્યાંના સાત શક્તિશાળી ભગવાનમાંના એક છે. સ્વાભાવિક છે તેમની પણ ઘણી શ્રાઇન હોવાની જ. જાપાનીઝ કલ્ચરમાં ઓલમોસ્ટ દરેક હિંદુ ધર્મ અને દંતકથાઓનું સ્થાનિક સ્વરૂપ છે. જાપાનના કલ્ચરનો ભારતનો પ્રેમ હજી પહેલી વાર જોવા મળ્યો હતો. કમ સે કમ શંકર ભગવાન તો દેખાઈ ગયેલા, બાકી ત્યાં ઓલમોસ્ટ ભગવાન તરીકે જ પૂજાતો પર્વત ફુજી, એટલે કે ફુજી સાન હવે એવી રીતે વાદળોની પાછળ છુપાઈ ગયેલો કે લેકના કોઈ પણ ખૂણેથી ન જતાં દેખાયો, ન વળતાં. ■






ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# એવો બદલાવ શું કામનો જ્યાં માણસો પેદા થતા જ બંધ થઇ જાય?

વિશ્વની હાલની વસતિ છે ૮.૨ અબજ. ૨૦૩૭ સુધીમાં આ આંકડો નવ અબજને આંબી જશે. વધતી જતી વસતિએ વિશ્વમાં અનેક પેચીદી સમસ્યાઓને જન્મ આપ્યો છે. એમાં આઘાતજનક વાત એ છે કે વસતિનો ઘટાડો ય આપણી ચિંતામાં વધારો કરે એવા તબક્કે આપણે પહોંચી ગયા છીએ. વીસમી સદીના ઉત્તરાર્ધ દરમિયાન વિશ્વની વસતિમાં વધારો નોંધાવાની શરૂઆત થઇ. એકવીસમી સદીમાં ય એ ચાલુ રહ્યો. પણ જો ગ્રોથ રેટ, એટલે કે વસતિ વધારાની દરની વાત કરીએ તો સાવ જુદું ચિત્ર આંખ સામે આવે છે.

અહીં એક રસપ્રદ મુદ્દાની સાથે થોડી આંકડાબાજી પણ વણાયેલી છે.

૧૯૫૫ થી ૨૦૨૫ સુધીના આંકડાઓ તપાસતા જણાશે કે ૧૯૫૫થી ૧૯૭૦ દરમિયાન વસતિમાં દર વર્ષે આશરે બે ટકાનો વધારો થતો હતો. આ સૌથી મહત્તમ દર હતો. એ પછી આ દરમાં નજીવો ઘટાડો નોંધાયો તેમ છતાં વિશ્વની વસતિ નોંધપાત્ર ઢબે વધતી રહી. ૨૦૨૦ આવતા સુધીમાં વસતિ વધારાનો દર ઘટીને ૧.૦૯% જેટલો જ રહ્યો. અને ૨૦૨૫માં તો વસતિ વધારાનો દર ગગડીને ૦.૮૫ ટકાએ પહોંચી ગયો અને ૨૦૫૦ આવતા સુધીમાં વસતિનો વૃદ્ધિ દર અડધા ટકા કરતાં ય ઓછો થઇ જવાનો છે!

જો આવું ને આવું ચાલ્યું તો આવનારાં વર્ષોમાં મેડિકલ અપગ્રેડેશનને પગલે માણસનું આયુષ્ય તો લાંબું થતું જશે, પણ નવા માણસો જન્મવાનો દર ઘટી જતા જૂના-ઘરડા માણસોથી પૃથ્વી ઉભરાવા માંડશે.(જે આજે જાપાનમાં છે )

જો ચારેકોર ડગુમગુ ચાલતી રિટાયર્ડ વ્યક્તિઓ જ રહેતી હોય તો દુનિયામાં ઇન્ડસ્ટ્રિયલ પ્રોડક્શનથી માંડીને ખેતીવાડીની જવાબદારી કોણ ઉપાડશે? આવા તો અનેક પેચીદા પ્રશ્નો વસતિમાં થતા ઘટાડાને કારણે ઉદભવશે. વધારે આઘાતજનક વાત તો એ છે કે વૈજ્ઞાનિકો વસતિના ઘટાડાને Irreversible એટલે કે ઉલટાવી ન શકાય તેવો માને છે!

ટૂંકમાં કોઈ પણ મોટી દુર્ઘટના કે ભીષણ યુદ્ધો વિના જ ધીમી ગતિએ માનવજાતનું નિકંદન નીકળી જશે, પણ આવું થવા પાછળ કારણ શું?

ઘણાં કારણ છે. વિકસિત દેશોમાં મોડાં લગ્ન



અને ગર્ભપાતનું પ્રમાણ વધી રહ્યું છે. દરેક પ્રકારનું પ્રદૂષણ માનવજાતની ફળદ્રુપતાને ખતમ કરી રહ્યું છે. આ બધા સિવાય કેટલાંક એવાં પરિબળો છે, જે છેલ્લાં અઢી દાયકા દરમિયાન આવેલા સામાજિક પરિવર્તનની દેણ છે.

જોબ શોધવા નીકળેલા કોઈ પણ યુવાન કે યુવતીની અપેક્ષાઓ હોવી જોઈએ એના કરતાં વધુ પડતી ઊંચી છે. સંઘર્ષ કરવામાં કોઈને રસ નથી, પણ સેલેરી તો પાંચ આંકડાથી જ શરૂ થવી જોઈએ. મહિને પચ્ચીસ-ત્રીસ હજારની સેલેરી 'સામાન્ય' ગણાય છે. અહીં સમસ્યા એ છે કે આટલી સેલેરી મેળવવા જેટલી પાત્રતા બહુ ઓછા યુવાન-યુવતીઓમાં છે. આ વિરોધાભાસ અપેક્ષાઓ અને વાસ્તવિકતાઓ વચ્ચેનો માનસિક સંઘર્ષ નોતરે છે. એમાં ને એમાં યુવાનો કોઈ પણ પ્રકારની રિલેશનશિપથી દૂર ભાગવાનું પસંદ કરે છે. પહેલા પાંચ હજાર કમાતો યુવક અભણ યુવતી સાથે પરણીને સુખી સંસાર ભોગવતો. આજે ચોવીસ વર્ષની ઉંમરે પચ્ચીસ હજાર કમાતી ભણેલી યુવતીને પોતાની જોબથી અને વળતરથી સંતોષ નથી...

સત્ય આ બે અંતિમોની વચ્ચે ક્યાંક છે, પણ આ બધાની કલેકટીવ ઇફેક્ટ તરીકે કોઈ જલ્દી પરણવા તૈયાર થતું નથી બાળકો તો દૂરની વાત. જે પરણી ગયા છે એ લોકોય મોંઘવારીમાં વધુ બાળકોનો આર્થિક બોજ વેંઢારવા તૈયાર નથી. આ બધા કરતા જુદું એવું એક ઓર ફેક્ટર છે રોમેન્ટિક ડીસઇન્ટરેસ્ટ. રોમાન્સ કરવામાં જ કોઈને હવે રસ નથી!

**આ વિશે એક વિષદ સર્વે પણ થયો છે. શું કહે છે પ્યુ રિસર્ચ પોલનાં પરિણામો?**

વોશિંગ્ટન ડીસી ખાતે કાર્યરત પ્યુ રિસર્ચ સેન્ટર (Pew Research Center) સાંપ્રત સમય સાથે જોડાયેલ લોકોની વિચારસરણી અને વિશ્વ પર પ્રભાવી પ્રવાહો અંગે જાતજાતનાં સંશોધનો કરે છે. મે' ૨૦૨૪ દરમિયાન થયેલા 'પ્યુના' એક પોલ મુજબ માત્ર ૪૦ ટકા સિંગલ અમેરિકન્સ જ કેઝ્યુઅલ રિલેશનશિપમાં રસ ધરાવે છે. ગંભીર અથવા કમિટેડ કહી શકાય એવી રિલેશનશિપને તો દૂરથી જ પ્રણામ. ૧૮થી ૨૯ વર્ષની ઉંમર એવી છે જ્યારે તમારા હોર્મોન્સ તેજીલા તોખારની માફક હણહણતા હોય, વિજાતીય પાત્રને જોઈને ઘેલા કાઢવાની ઈચ્છા થતી હોય અને ગમતીલા પાત્ર સાથે સમય ગાળવા મળે તો મન રીતસર મોર બનીને થનગનાટ કરતું હોય. બટ નોટ નાઉ! હવે આ બધી ફીલિંગ્સ વીતેલા જમાનાની ગણાય. 'પ્યુ' પોલ મુજબ હાલની ૧૮-૨૯ની ઉંમરવાળી પેઢીના ૩૭% લોકોને પ્યાર-ઈશ્ક-મહોબ્બતના ચોંચલામાં લગીર રસ નથી પડતો, બોલો! એમનાથી મોટી ૩૦ થી ૪૯ વચ્ચેની પેઢીના ય ૩૯% લોકો આવા જ છે.

**લાગણીશીલ ગણાતી સ્ત્રીઓ પ્રેમમાં પાડવા બાબતે શું વિચારે છે?**

વેલ, 'પ્યુ' દ્વારા અમેરિકન પીપલ પર થયેલા સર્વે મુજબ ૭૦ ટકા મહિલાઓ કોઈ પણ પ્રકારની 'જંજાળ'થી દૂર રહેવા માગે છે. અડધોઅડધ ટીનએજર્સ પોતાની તરુણાવસ્થા કોઈ સિરિયસ પાર્ટનર વિના જ વિતાવી નાખે છે. અમેરિકન સમાજ માટે આ બહુ મોટી ઘટના છે. હજી બે દાયકા પહેલાં એવું વાતાવરણ હતું કે ટીનએજર સંતાન કોઈ રિલેશનશિપમાં ન હોય તો મા-બાપને ચિંતા થતી કે બધું બરાબર તો છે ને!

આ બધાનો અર્થ એવો સહેજે ય નથી આ બધી પ્રજા સેક્સથી સાવ દૂર રહીને બ્રહ્મચારી બની ગઈ છે. ઊલટાનું સેક્સ વિશેની માન્યતાઓમાં ધરમૂળથી જે બદલાવ આવ્યો એને કારણે હવે એનો છોછ સંપૂર્ણપણે નીકળી ગયો છે. બધું ઈઝીલી અવેલેબલ છે એટલે સેક્સ માટે થઈને રિલેશનશિપમાં જવાની જરૂર જ નથી રહી! સેક્સ વીથ બડી, ફ્રેન્ડ વિથ બેનિફીટ, સુગર ડેડી કે વિકએન્ડ પાર્ટનર જેવા કન્સેપ્ટ આપણા સંસ્કારપ્રેમી હ્રદયોની ક્રૂર ચીરફાડ કરી નાખે એવા છે.

છેલ્લા અઢી દાયકા દરમિયાન જોશભેર આવેલા આ બદલાવ માટે ક્યાંકને ક્યાંક આપણે પોતે જ જવાબદાર છીએ.

ભારતની સ્થિતિ ય કંઈ બહુ જુદી નથી. મુંબઈ, સુરત, વડોદરા, અમદાવાદ જેવાં શહેરની કોલેજિયન યુવતીઓને પૂછશો તો એમાંની ઘણી લગ્ન માટે અનિચ્છા જાહેર કરશે અથવા મોડેથી કરવા માગશે. દરેકને વ્યક્તિગત પસંદગી હોય શકે છે. ઇતિહાસ ગવાહ છે કે સામાજિક બદલાવોને ઉથાપી નથી શકાતા. તમને ગમે કે ન ગમે, સમાજ અને એનાં મૂલ્યો સમયાંતરે બદલાતા જ રહે છે. પણ આ બદલાવ એટલી હદે આવી જાય કે ભવિષ્યમાં માણસોના પેદા થવા પર જ પ્રશ્નાર્થ લાગી જાય, એ કેવું? આ પ્રશ્ન ગંભીરતાથી વિચારવા જેવો ખરો... ■

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# થોડામાં ઘણું - સાદગીની પૂર્ણતા

સામાન્ય રીતે એમ થતું આવ્યું છે કે સ્થાપત્યની રચનામાં બિનજરૂરી દેખાવ ક્યારેક મહત્ત્વનો બની રહે છે. આ પ્રકારના દેખાવ માટે મકાન ઉપર એક પછી એક જાણે સ્તર ચઢાવતાં જાય છે. આ પ્રકારની પ્રક્રિયામાં સુંદર દૃશ્ય અનુભૂતિ તો સર્જાય પણ તે દૃશ્ય અનુભૂતિ જાણે કે બહારથી ઉમેરાયેલી વ્યવસ્થા હોય તેમ લાગે. તેની અપેક્ષાએ સ્પેનના બાર્સિલોનામાં ૧૯૨૯માં આયોજાયેલ આંતરરાષ્ટ્રીય પ્રદર્શની દરમિયાન જર્મન સ્થપતિ મીસ વાન્ડે રોએ એક નવા જ દૃષ્ટિકોણ પર કામ કર્યું. અહીંયા બાંધકામની મૂળ સામગ્રી અને તકનીક થકી જ મકાનની સુંદરતા માટેની વર્ણમાળા સ્થાપિત કરી.

આધુનિક સ્થાપત્ય શૈલીના ત્રણ ધુરંધર સ્થપતિઓ ગણાય છે - અમેરિકાના ફ્રેન્ક લોઇડ રાઇટ, ફ્રાન્સના લી કાર્બુઝિયર તથા જર્મનીના મીસ વાન્ડે રો. અમેરિકાના સ્થપતિ રાઈટના સર્જનમાં ક્યાંક પરંપરાગતતાની છાંટ જોવા મળશે. તેમના કામમાં અસર વર્તાય છે પણ તેમના મકાનોના વિગતિકરણની શૈલી પ્રમાણે તે ક્યાંક ભૂતકાળ સાથે જોડાયેલાં રહે છે. તેમની સરખામણીમાં કાર્બુઝિયરે પૂર્ણ ભૌમિતિક આલેખનને વધુ મહત્ત્વ આપેલું. સાવ જ સાદગી ભરેલી તેમની રચનાઓમાં પાછળથી કંઈક બદલાવ આવેલો અને પોતાની રચનાના પ્રમાણમાં એકધારાપણાથી તેઓ જાણે વિમુખ થયેલાં. તેમની કારકિર્દીના છેલ્લાં તબક્કામાં તેમણે પોતાની રચનાના સિદ્ધાંતો સાથે છૂટછાટ પણ લેવા માંડી હતી. આ બધામાં વાન્ડે રોનું સ્થાપત્ય તથા તેમની શૈલીના મૂળ સિદ્ધાંતો જ્યારે જાણે આજે પણ સાંદર્ભિક જણાય છે. સ્થાપત્યના ક્ષેત્રમાં તેમનું નામ આજે પણ આદરપૂર્વક લેવાય છે. આ સ્થપતિ એ આધુનિક સ્થાપત્ય શૈલીમાં કેટલાક આગવાં અવિસ્મરણીય નમૂનાઓનું સર્જન કર્યું છે જેની અસર લાંબા સમય સુધી સ્થાપત્યના ક્ષેત્રમાં રહી છે.

સન ૧૯૨૯માં બનાવાયેલ આ જર્મન પેવેલિયન એમ તો સામાન્ય રચના છે. આ મકાન એક રીતે જોતાં મકાન ઓછું અને આધુનિક સામગ્રીમાંથી બનાવાયેલું, આધુનિક વિચારધારા પ્રમાણેનું, તેમાં રહી શકાય એવું શિલ્પ વધારે છે. નાની જગ્યાએ જાણે ખૂણામાં ઊભું હોય, તેમ ઊંચી પ્લીન્થ પર, આજુબાજુની ચહલપહલથી અલાયદું લાગે તેવું, ભવિષ્યની સંભવિત સ્થાપત્ય-શૈલીની સાથેના સેતુ સમાન આ મકાન ખુલ્લું મુકાયા બાદ સમગ્ર પ્રદર્શી પ્રદર્શનમાં મહત્ત્વનો નમૂનો બની રહેલું. આ મકાન સાથે આમ તો ખાસ કોઈ ઉપયોગીતા સંકળાઈ ન હતી કે નહોતા રખાયાં તેમાં કોઈ પ્રદર્શન માટેના નમૂના. આ મકાન જ પ્રદર્શન સમાન હતું.







ભવ્ય પગથિયાં, કુદરતી સામગ્રી અને આધુનિક સામગ્રી સાથેનો સંવાદ, શુદ્ધતા દર્શાવતી હોય તેવી રચના, લંબચોરસ માળખામાં રચાયેલું સ્થાન નિર્ધારણ, જમીન સાથે સમાંતરિતતાથી સ્થપાયેલ નમ્ર પ્રમાણમાપ, ટેકા પર ઉંચકાયેલ પ્લીન્થથી પ્રતીત થતો મકાન તરતું હોવાનો ભાસ, આવનજાવનનો માર્ગ સૂચિત કરતી દીવાલો, નજરને ચોક્કસ સ્થાને લઈ જઈ શકે તેવી મકાનની મકાનના વિવિધ ભાગોની ગોઠવણ, જાણે નવાં જ અર્થ નીકળતાં હોય તેવી આંતરિક અનુભૂતિ, એકબીજા સાથે સહજતાથી સંકળાઈ જતાં આંતરિક સ્થાન - આ અને આવી બાબતો આ મકાનને આગવું બનાવે છે.

વાસ્તવમાં તો આ આંતરરાષ્ટ્રીય પ્રદર્શની પૂરું થયા પછી સન ૧૯૩૦માં આ મકાન તોડી પડાયું હતું. ખરેખર તો તેને ઉપયોગીતા બાદ તોડી પડાય તે રીતે જ તેની રચના કરવામાં આવી હતી. પાછળથી તે મકાનનું સ્થાપત્યકીય મૂલ્ય સમજી સન ૧૯૮૩માં તેને તેના મૂળ સ્થાને જ જેની તે સ્થિતિમાં ફરીથી બનાવાયું. અત્યારનું હયાત મકાન તેની પુનર્રચના છે. આજ વાત એ બાબતની સાબિતી છે કે સ્થાપત્યના ક્ષેત્રમાં આ રચનાનું કેટલું મહત્ત્વ છે. સામાન્ય રીતે પુરાતત્ત્વ વિભાગ દ્વારા પ્રાચીન મકાનોનો જીર્ણોદ્ધાર કરાય છે, અહીં તો ૬૦ વર્ષના સમયગાળામાં જ એક મકાનને ફરીથી બનાવી દેવાયું. આજે તેમાં આજ સ્થપતિ દ્વારા ડિઝાઇન કરાયેલ માત્ર એક ખુરશી રખાય છે જેના પર બેસવાની મનાઈ છે.

આ મકાનથી જાણે સ્થાપત્યમાં સુંદરતાની વ્યાખ્યા જ બદલાઈ ગઈ. ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે સમાજમાં દરેક પ્રકારની ડિઝાઇન માટે નવી વિચારધારા જરૂરી બની હતી. લાકડાની ખુરશીમાંથી જ્યારે લોખંડની ખુરશીને સમાજમાં સ્વીકૃતિ મળતી ગઈ ત્યારે તે લોખંડની ખુરશીને સારી દેખાડવા પ્રયત્નો થતા ગયાં. આવું જ સ્થાપત્યમાં હતું. અત્યાર સુધી સ્થાપત્યની સુંદર રચના માટે પ્રમાણમાં ઓછાં જોવાં ગમતાં મકાનના ભાગોને ઢાંકી દેવાતાં. હવે પ્રાથમિક ભૌમિતિક આકાર, સામગ્રી અને તેને વપરાશની તકનીક તેમજ સામાન્ય ભૌમિતિક ગોઠવણ થકી સુંદરતા ઉભારવાના પ્રયત્નો થયાં. સ્થાપત્યમાં આ એક મોટો બદલાવ હતો.

ક્રમશઃ બધું બદલાવવા માંડ્યું. હવે માળખાકીય સુંદરતા પણ લોકો માનતા થયાં. બાંધકામની તકનિકમાં પણ દેખાવ માટેની સંવેદનશીલતા સ્થપાતી ગઈ. મકાનની દરેક બાબત હવે મહત્ત્વની ગણાવા માંડી અને મૂળભૂત સામગ્રી જ દેખાવ તેમજ ફિનિશિંગ માટે મહત્ત્વની બનતી ગઈ. પ્રથમ વિશ્વયુદ્ધ પછી જર્મનીની પ્રગતિ દર્શાવવા માટે આ પેવેલિયન બનાવવામાં આવેલું, આ રચનાથી વિશ્વ સમજી ગયું કે હવે જર્મની ક્યાં છે અને તે કઈ દિશામાં જઈ રહ્યું છે. મકાનની રચના દ્વારા એક પ્રકારની રાજકીય વિચારધારાનો સંદેશો પહોંચાડવાનો આ એક સફળ પ્રયોગ હતો. યુદ્ધમાં વિનાશ પામેલા દેશે ફરીથી મેળવેલી ઉપલબ્ધિઓના પ્રતીકમાં આ મકાનનો ઉલ્લેખ અનિવાર્ય છે.

હલકાપણાની અનુભૂતિ, અંદર બહાર પ્રસરતાં સ્થાન, પાણીના બે કુંડનો આંતરિક સ્થાન નિર્ધારણમાં અસરકારક ઉપયોગ, પ્રકાશને યોગ્ય રીતે પરાવર્તિત કરતો નાનો કુંડ તથા મકાનના પ્રતિબિંબને ઝીલી એને મહાનતા આપતો મોટો કુંડ, ફરસ તથા દીવાલોમાં મોંઘાં આરસના ઉપયોગથી ઊભરતી દૃશ્ય-સમૃદ્ધિ, તથા નમ્રતા સાથે દૃઢતા રજૂ કરતી રચના - આ બધી આ મકાનની ઉલ્લેખનીય બાબતો. આધુનિક સમયમાં કેટલાક મકાનો એવા છે કે જેમને કારણે, જે તે સમય પછીની સ્થાપત્યની વિચારધારામાં મોટો બદલાવ આવી શક્યો છે. આ મકાન એ શ્રેણીમાં આવે. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# જાતે-પોતે મૂરખ બન્યાની મજા જ જુદી છે...



**દસ- બાર** જૂના મિત્રો ભેગા થયા હોય અને ખીખીઆટાના અવાજ જો ચાર ઘર લગી સંભળાતા હોય તો સમજી લેવું કે જૂની વાતો નીકળી છે અને એમાં પણ મૂરખ બન્યાની વાતો છે.

મજા એ વાતની છે કે જ્યારે મૂરખ બન્યા હોય ત્યારે આપણે કોઈકના પર ગુસ્સો કરી નારાજ થયા હોઈએ. એ જ વાત અમુક સમય પછી કે વર્ષો પછી આપણે જાતે જ આપણા મિત્રોમાં પરિવારમાં શેર કરીએ અને 'હું કઈ રીતે મૂરખ બન્યો' તે વાત વટથી કહી પોતે પણ હસીએ અને બીજાને પણ હસાવીએ.

નાના હોઈએ ત્યારે જ કોઈ મૂરખ બનાવે તેવું નથી આ મૂરખ બનાવવાની અને બનવાની મજા દરેક ઉંમરે આવતી જ હોય છે.

મારી સાથે બનેલી એક ઘટના જણાવું તો...

અજાણતા મૂરખ સાબિત થવાય અને પછી આપણે મૂરખ છીએ તેવું લાગવા માંડે ત્યાર પછીની આપણી હરકત ખરેખર હાસ્ય ઉત્પન્ન કરે તેવી અને હાસ્યાસ્પદ પણ હોય છે.

મુંબઈમાં એક જૈન સોશિયલ ગ્રુપના સળંગ ચાર પ્રોગ્રામ હતા. બીજા દિવસે એક જૈન શ્રેષ્ઠી અમારી હાસ્ય શૈલી પર ઓળઘોળ થઈ અમને ત્રણેય કલાકારોને પોતાને ઘરે ચા - નાસ્તા માટે લઈ ગયા.

અડધો પોણો કલાક ચા-પાણી નાસ્તા પછી બેઠા અને જતી વખતે સૌરાષ્ટ્રની સંસ્કૃતિ પ્રમાણે એક નાનકડો છોકરો ત્યાં બેઠો હતો તેના હાથમાં અમે ₹૧૦૦ની નોટ મૂકી અને બહુ લાડ પ્રેમથી કહ્યું 'લે બેટા, ચોકલેટ ખાજે' તરત જ ઘરધણીએ કહ્યું : 'અરે મિલનભાઈ એને ના હોય'...

મેં કહ્યું, 'ભલા માણસ, અમારી સૌરાષ્ટ્રની સંસ્કૃતિ છે એટલે પ્રેમથી આપીએ છીએ. લે બેટા, કેડબરી ખાજે ' ઘરધણીએ પણ પ્રેમથી ઇનકાર કર્યો મિલનભાઈ 'એને ન હોય'

મેં થોડા ઊંચા અવાજે અને વઢવાની સ્ટાઇલથી કહ્યું,

'વડીલ, અમે સ્ટેજ પરથી સંસ્કારની વાત કરીએ સંસ્કૃતિની વાત કરીએ અને જો તમારી પરંપરા ભૂલી જઈએ તો વ્યાજબી નહીં. તમે ના બોલો છોકરાનો હક લાગે. લઈલે બેટા, કેડબરી ખાજે.'

હવે વડીલ પણ અવાજ ઊંચો કરી ને બોલ્યા,

'મિલનભાઈ, એને ન હોય એ પાડોશીનો છે.'

ત્યાં સુધીમાં તો છોકરાએ અમારા હાથમાંથી ઝપટ કરી અને સોની નોટ લઈ લીધેલી. હવે અમારો ઉમળકો અફસોસમાં પલટાઈ ગયો હતો.

હાસ્ય કલાકારો હું, ગુણવંત ચુડાસમા અને તરુણ કાટબામણા એકબીજા સામે જોઈ અને આંખો આંખોમાં એક નિર્ણય પર પહોંચી ગયા. ત્રણેયને મૂરખ બન્યાનો અહેસાસ તીવ્ર થતો ગયો અને એક મિશનની શરૂઆત થઈ. અમારે કેટલું ધ્યાન રાખવાનું હતું? 'ઓપરેશન સિંદૂર'માં જેટલું ધ્યાન રખાયું હશે એટલું જ 'ઓપરેશન ૧૦૦ ની નોટ'માં રાખવાનું હતું.

છોકરાને જગ્યા પરથી ઊભો ન થવા દેવો ને સોની નોટ મુઠ્ઠીમાંથી છોડાવવી....અને એ વખતે જૈન શ્રેષ્ઠી પોતાના જ ઘરમાં આ ઘટના સ્થળે હાજર ન હોવા જોઈએ એટલે કે બીજા રૂમમાં હોવા જોઈએ.

ઘરધણી પણ અમારા ચાહક હતા એટલે આગતા સ્વાગતામાં અમને રેઢા મૂકવા માગતા ના હતા. પછી મૌન રીતે અમે ત્રણેય અલગ અલગ કાર્યો નક્કી કરી લીધા.

મારે છોકરાને એન્ગેજ રાખવાનો અને ઊભો નહીં થવા દેવાનો. ગુણવંત ભાઈએ ઘરધણીને ગમે તેમ કરી અમારા વચ્ચેથી રવાના કરવાના અને તરુણ એમની સાથે જઈ બે મિનિટ પાછા આવી ન જાય તેનું ધ્યાન રાખે.

દુશ્મનોના દેશમાંથી ટેન્ક પાછી લેવાની હોય તેમ અમે 'ઓપરેશન ૧૦૦ની નોટ' શરૂ કર્યું.

ગુણવંતભાઈએ નવકાર મંત્રના દર્શન કરવા માટેનો તરુણનો નિયમ ઘરધણીને જણાવ્યો અને ઘરધણી ઊભા થયા. તરુણને ઘરધણી પાછળ મોકલ્યો.

આ તરફ, છોકરો સજ્જડ મુઠ્ઠી બાંધી અને ઘરે જવાની પેરવીમાં હતો. અમે કોઈપણ સંજોગોમાં સોની નોટ ખોટા હાથમાં જવા દેવા માગતા ના હતા.

જેવા ઘરધણી અને તરુણ દેખાતા બંધ થયા એટલે અમે છોકરાને ચીટિયો ભર્યો છોકરાની મુઠ્ઠી થોડી ઢીલી પડી અને સોની નોટ અમે છોકરા પાસેથી પરત પડાવી લીધી. છોકરાએ રડવાનું શરૂ કર્યું એટલે અમે એને આંગળી પકડી બહારના દરવાજા સુધી મૂકી આવ્યા.

ઘરધણી છોકરાના રડવાના અવાજથી વિચલિત થઈ જ્યારે પરત મારી પાસે આવ્યા ત્યારે અમે ડાહ્યા ડમરા થઈ નિરાંતે બેસી ગયા હતા અને સામેથી જણાવી દીધું કે 'છોકરો જબરો સ્વમાની હો... સો રૂપિયાની નોટ ન લીધી તે ન જ લીધી. કેટલું સમજાવ્યો કે આ લક્ષ્મી કહેવાય, તેને ઠુકરાવાય નહીં, ગલ્લામાં નાખજે, મમ્મીને આપજે, કેડબરી ખાજે,... પણ આ તારે રાખવા ના જ છે.'

છેલ્લે તો ડોળા કાઢીને પણ કીધું તો રોવા મંડ્યો અને સોની નોટ અમારા હાથમાં ધરાહારથી પકડાવતો ગયો.'

'ચાલો વડીલ, ખૂબ મજા આવી. ફરી મળીશું' કહી અને ત્રણેય કલાકારો વિજય યાત્રામાં નીકળ્યા હોય તેમ હોટલ પરત ફર્યા. અલબત્ત, પેલી સોની નોટ ટેક્સી ભાડામાં વપરાઈ ગઈ. ■

**વિચાર વાયુ**

*દસ રૂપિયાની ખોટી નોટ આપી અને ખરીદેલું છાપુ ચાર દિવસ પહેલાનું જૂનું નીકળે તેનું નામ કર્મનો સિદ્ધાંત.*

## ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# સાયબર સ્પેસમાં થતાં અણધાર્યા અપરાધોનો લેટેસ્ટ એક્સ-રે...

**આ હેડલાઈન્સ પર જસ્ટ નજર દોડાવી જાવ, જેમકે...**

- દુનિયામાં દર સેકન્ડે ૧.૬૩ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ થાય છે. ભારતમાં છેલ્લાં ૬ વર્ષમાં ૪૨ ગણા કેસ વધ્યા છે...
- ડિજિટલ ઈકોનોમી સામે સાયબર ફ્રોડનો ખતરો વધી રહ્યો છે એને કારણે રૂપિયા ૨૦,૦૦૦ કરોડ (જી હા,૨૦ હજાર કરોડ!)ની નુકસાની થઈ શકે...
- ૨૦૨૪-ગત વર્ષે એકલા મહારાષ્ટ્રમાં રૂપિયા ૮૧૧ કરોડના સાયબર ફ્રોડ થયા એમાંથી માંડ ૨૭ કરોડની રિકવરી થઈ!



સાયબર ક્રાઈમની દુનિયા બહુ ઝડપથી વિસ્તરી રહી છે. હાહાકાર મચાવી દે એવા તાજા બ્રેકિંગ ન્યૂઝ એ છે કે એપલ ગૂગલ ફેસબુક જેવાં સોશિયલ મીડિયા યુઝર્સના ૧૬ અબજ પાસવર્ડની આબાદ તફડંચી થઈ છે અને આ ડેટા ‘ડાર્ક વેબ’ પર વેંચાતા મળે છે!

આ પહેલાં પણ આશરે ૮૨ કરોડ ભારતીય નાગરિકોની આધાર- પાન કાર્ડથી લઈને એમના બેન્ક ઍકાઉન્ટસ ઉપરાંત પાસપોર્ટ -ઈન્કમ ટેકસની અંગત માહિતી વેચાણ માટે ‘ડાર્ક વેબ’ પર વહેતી કરવામાં આવી હતી! જો કે આવા ગંભીર ગુનાઓના માધ્યમ ‘ડાર્ક વેબ’થી પણ વધુ ખતરનાક માધ્યમ છે ‘ડીપફેક’. અહીં બે વિજાતીય પાત્ર વગર પણ ઉત્તેજક ફિલ્મ કે વીડિયો તૈયાર કરી શકે છે. આ છે ડિપ ડાર્કફેકનો ડિજિટલકસબ...આના દ્વારા કોઈની પણ નકલી વીડિયો ક્લિપ તૈયાર કરીને સાઈબર સ્પેસ- સોશિયલ મીડિયામાં વાયરલ કરી શકાય..અને એમ ન કરવા માટે તગડી ખંડણી વસૂલ કરવામાં આવે છે! આજે વધતો જતો ફુગાવો મોંઘવારી- બેરોજગારી સાથે એક જ વસ્તુ હરીફાઈ કરી શકે એવી છે આજની તારીખમાં છે સાયબર ક્રાઈમ...

સાયબર ક્રાઈમમાં પણ રોજ નવા નવા પ્રકારના અપરાધ સતત ઉમેરાઈ રહ્યા છે. પહેલાં ક્રેડિટ કાર્ડના ગાફલા થતા પછી OTP મેળવીને બેન્ક અકાઉન્ટમાં ગાબડાં પાડીને તમારી ૪ બેલેન્સ અલોપ કરી દેવામાં આવતી. અને હજુ ગઈ કાલ સુધી ‘હાઉસ એરેસ્ટ’ નામે તગડી ખંડણી વસૂલીના ખેલ ખૂબ ચાલ્યા હવે આજની તારીખે આ સાયબર ગઠિયાઓની લેટેસ્ટ મોડસ ઓપરેન્ડી છે.

‘તમે પાકિસ્તાન વતી જાસૂસી કરી રહ્યા છો એવા અમારી પાસે સજ્જડ પુરાવા છે એ પોલીસ સુધી ન પહોંચાડવા હોય તો અમને XXXXXX રકમ પહોંચાડી દો, નહીંતર.’

આવા બધા જ પ્રકારના સાયબર ક્રાઈમ આર્થિક ફ્રોડના જે સત્તાવાર આંકડા સામે આવે છે એ ચોંકાવનારા છે. આ આંક શેરબજારના સેન્સેક્સ કરતાં ય વધુ ઝડપથી પલટાતા રહે છે..

આ હેડલાઈન્સ પર જસ્ટ નજર દોડાવી જાવ, જેમકે...

* દુનિયામાં દર સેકન્ડે ૧.૬૩ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ થાય છે ભારતમાં છેલ્લાં ૬ વર્ષમાં ૪૨ ગણા કેસ વધ્યા છે.

* ડિજિટલ ઈકોનોમી સામે સાયબર ફ્રોડનો ખતરો વધી રહ્યો છે એને કારણે રૂપિયા ૨૦,૦૦૦ કરોડ (જી હા,
૨૦ હજાર કરોડ ! ) ની નુકસાની થઈ શકે.

* ૨૦૨૪-ગત વર્ષે એકલા મહારાષ્ટ્રમાં રૂપિયા ૮૧૧ કરોડના સાયબર ફ્રોડ થયા એમાંથી માંડ ૨૭ કરોડની રિકવરી થઈ!

વાત જરા વિગતે જાણીએ આ બધી ગુનાખોરી સાથે પરોક્ષ રીતે સાયબર ક્રાઈમના બે પાસા બહુ ખતરનાક રીતે સંકળાયેલા છે, જેનો સામાન્ય માણસને અંદાજ સુધ્ધાં આવતો નથી. એ બે પ્રકાર છે :

* ડાર્ક વેબ...
* ડીપફેક...

શરૂમાં આપણે ડાર્ક વેબની ટૂંકમાં વાત કરીએ...

ગઈ કાલ સુધી બેન્ક લૂંટ માટે ગુનેગારો ચહેરો નકાબમાં છુપાવી સદેહે અપરાધ સ્થળે પહોંચવું પડતું. આજે એની જરૂર રહી નથી. સાયબર અપરાધી કોઈ એકાંત ખૂણે બેસી એના લેપટોપની કેટલીક કી-ઈન કરી તમારા બેન્ક ખાતામાં ગુપચુપ ખાતર પાડી શકે છે અથવા તો આખી બેન્ક સુધ્ધાં લૂંટી શકે છે!

જમાના પહેલાં આપણે અંધારી આલમનો ઉલ્લેખ કરતા ત્યારે એ વખતના વિલનને, જેમકે દાઉદ- છોટા રાજન -ઈકબાલ મીરચી-છોટા શકીલ, વગેરે, વગેરેને આપણે નામ તસવીર સાથે ઓળખી બતાવતા. એ લોકો દેશબહાર દુબઈ -પાકિસ્તાન - નેપાલ બેંગકોક -મલેશિયામાં લપાઈને સોનાથી લઈને ઈલેક્ટ્રોનિક્સ ચીજ-વસ્તુઓ અને નશીલા પદાર્થોનું સ્મગલિંગ કરીને લાખો રૂપિયાની ઊથલપાથલ કરતા.

આજે સાઈબર ક્રાઈમની દુનિયાનો માહોલ જ સાવ યુ-ટર્ન થઈ ગયો છે. જેનો ચહેરો આપણે કે પોલીસે કદી જોયો પણ નથી એવા ઓનલાઈન અપરાધીએ પરદેશના કોઈ ખૂણે છુપાવાની જરૂર નથી. તમારા પડોશના ફ્લેટમાં બેસી બિયરની ચુસ્કી લેતાં લેતાં એ અનામી અપરાધી પેરિસની બેન્કમાંથી કરોડો ડૉલર ગપચાવી શકે છે !

આજે સાયબરની અંધારી આલમમાં વધુ આધુનિક અને વધુ ખતરનાક ડાકુઓ પ્રવેશી ગયા છે. અતિ આધુનિક ડિજિટલ વિદ્યાના જોરે એ જેટલી સિફતથી જંગી લૂંટ ચલાવી શકે છે એથી વધુ સહજતાથી ‘સુપારી’ લઈ કોઈ તગડા રાજકારણીની કિનખાબી કતલ કરી શકે છે અથવા તો તમે ‘વરદી’ આપો તો એની સરકાર પણ ઊથલાવી શકે છે..!

**આ ડિજિટલ ડાકુઓનું માધ્યમ છે ‘ડાર્ક વેબ’.**

તમારા બેન્ક ખાતામાં ખાતર પાડી રકમ ગુપચાવાનું કામ આમ તો હેકિંગ ટેકનિકથી થાય છે, પણ એથી વધુ ગંભીર ગુનાઓની પરાકાષ્ઠા કહી શકો એવા ક્રાઈમ આ ‘ડીપ વેબ’ દ્વારા થાય છે. જોકે, આ ડીપવેબ પછી આજકાલ વેબ ક્રાઈમમાં જેની ચલતી વધુ છે એ ક્રાઈમ્સનો પ્રકાર છે : ડીપફેક

ડીપફેક દ્વારા તૈયાર થતા વીડિયો સ્કેમમાં છેલ્લાં બે વર્ષમાં ૧૬ થી ૧૯ ગણો વધારો થયો છે. આના સૌથી વધુ શિકાર થતા હોય છે આજના ટીનએજ -તરુણ અને યુવાનો...એક અંદાજ પ્રમાણે આ વર્ષે ૭૫ લાખથી પણ વધુ ડીપફેક વીડિયો ક્લિપ્સ બનશે. એમાં ૨૫ ટકાથી વધુ સ્કેમ રોમાન્સની હશે યુવાનોને ફસાવવાની!

અભિનેત્રી શિલ્પા શેટ્ટીના કરોડપતિ પતિ રાજ કુન્દ્રાના જ્યારથી પોર્નોગ્રાફીનાં ઢગલાબંધ સ્કેન્ડલ્સ જાહેરમાં પ્રગટ થયાં પછી આ ‘ડીપફેક’ શબ્દ વધુ ચલણમાં આવ્યો છે, કારણ કે રાજ કુન્દ્રાના કિસ્સામાં જે મોડલ્સ-નવોદિત એકટ્રેસનાં નામ ઉછળ્યાં એમાંથી કેટલીકે કહ્યું કે અમારી ઈમેજ ‘ડીપફેક’ કરીને આવી પોર્નોગ્રાફી વીડિયો કે શોર્ટ ફિલ્મોમાં વાપરવામાં આવી છે..!

**-તો આ ‘ડીપફેક’ વળી શું છે?**

વેલ, સરળ ભાષામાં સમજીએ તો કમ્પ્યુટર દ્વારા સર્જિત ‘આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ’ (AI- કૃત્રિમ બુદ્ધિ)ની મદદથી કોઈ પણ મૂળ તસવીર કે વીડિયો ક્લિપ્સમાં જોઈતા કે ભળતા ફેરફાર કરવાની પ્રક્રિયાને ‘ડીપફેક’ કહે છે. આ ફેરફાર એ હદે એટલી કુશળતાથી કરવામાં આવે છે કે એ તદ્દન સાચા ભાસે. આજના ડિજિટલ યુગમાં ‘ડીપફેક’નો વધુમાં વધુ દુરુપયોગ ફેક ન્યૂઝ-ખોટા સમાચાર તૈયાર કરવામાં ઉપરાંત પોર્નોગ્રાફી સામગ્રી તૈયાર કરવામાં વપરાય છે. અગાઉ ફોટોગ્રાફર એના ડાર્કરૂમમાં બે અલગ અલગ ફોટાને લઈને એક ભળતી જ તસવીર તૈયાર કરી આપતો. આ ટેકનિક ‘ફોટો શોપ’ તરીકે ઓળખાતી. આપણે ત્યાં રાજકારણમાં અગાઉ પ્રતિસ્પર્ધી નેતાને જાહેરમાં વગોવવા આવી ‘ફોટો શોપ’ કે ‘ફોટો મોન્ટાજ’ કે ‘મોર્ફિંગ’ તરીકે જાણીતી ટેકનિક વપરાતી. આજે ‘ડીપફેક’ માટે એથી વધુ આધુનિક ડિજિટલ ટેકનિક વપરાય છે. આનો વ્યાપક ઉપયોગ બહુ ભડભડિયા એવા ડોનલ્ડ ટ્રમ્પ પર સૌથી વધુ થયો છે. FBI એજન્સીના એક રિપોર્ટ અનુસાર નકલી ઓડિયો-વીડિયો દ્વારા તૈયાર થતી ડીપફેક સ્કેમના કારણે અમેરિકાને દર વર્ષે સરેરાશ ૪૦ હજાર ડૉલરનો ફટકો પડે છે.

હકીકતમાં છેલ્લાં દસેક વર્ષમાં અદ્યતન ડિજિટલ ટેકનિકને લીધે પુરુષ- સ્ત્રી કલાકારોની મદદ વગર પણ વિદેશોમાં ‘ડિપફેક’નો વ્યાપક ઉપયોગ અશ્લીલ ફિલ્મો- વીડિયો ક્લિપ્સ બનાવવા માટે થઈ રહ્યો છે. આવી ફિલ્મ્સ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ‘સિન્થેટિક પોર્ન’ કહે છે.


બીજી તરફ, આપણે ત્યાં સાચુકલી પોર્નનું ઉત્પાદન કુટિર ઉદ્યોગ બની ગયું છે. એની સાથોસાથ, હવે ઓનલાઈન બીજાની બદનામી કરવા ઉપરાંત ખંડણી વસૂલીના અપરાધ વધી રહ્યાં છે. આપણી પોલીસ કે સાયબર ડિટેકશન સેલ માટે ચિંતાનો વિષય એ છે કે આના અપરાધીઓ મોટેભાગે આજની યુવા પેઢી છે. આવા યુવા -અપરાધી મોટેભાગે પ્રેમભંગ પછી સામેની વિજાતીય વ્યક્તિને બદનામ કરીને બદલો લેવા ઈચ્છતા હોય છે. આ અશ્લીલ સામગ્રી ‘ડીપફેક’ ટેકનિકથી તૈયાર થાય છે. (આવી રેડીમેડ કીટ પણ ‘ડાર્ક-ડીપ વેબ’ પરથી ખરીદી શકાય છે!), જેને ‘ફેસબુક’ અને ‘ઈન્સ્ટાગ્રામ’ જેવાં સોશિયલ પ્લેટફોર્મ પરથી અપલોડ કરવામાં આવે છે... બીજો વર્ગ એવો પણ છે કે જે માત્ર પોતાની આર્થિક તંગી ટાળવા જાણીતી હસ્તી વિશેની ‘ડીપફેક’ દ્વારા વાંધાજનક સામગ્રી તૈયાર કરીને એની પાસેથી ખંડણી વસૂલવાના પેંતરા કરે છે.

આવા ‘ડીપફેક’ની વધુ ફરિયાદ ઉત્તર પ્રદેશ સાયબર સેલને મળે છે. વર્ષે એમને સરેરાશ ૨૫૦ જેટલી ફરિયાદ મળે છે. મુંબઈ તો ફિલ્મ, ફેશન - ગ્લેમર ઉદ્યોગનું કેન્દ્ર છે. અહીં પણ ૨૦૦ની આસપાસ જેટલી ફરિયાદ પોલીસ પાસે આવે છે. એમાં કેટલાંક તો બોલિવૂડના આમિર- કાજોલ, કેટરિના -વિદ્યા બાલન- રશ્મિકા જેવાં સેલેબ્સ પણ છે. ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# પૂર ને સરકારી સૂર... સમસ્યાનાં સોલિડ સમાધાન!



આપણા દેશમાં બે જ હાલત હોય, કાં તો દુકાળ યા તો પૂર. મોટેભાગે જ્યારે જ્યારે દેશમાં વરસાદ આવે ત્યારે ક્યાંક તો પૂર આવે જ એટલે સરકારો તરફથી નિવેદનોનાં સૂર પણ છેડવામાં આવે જ. આટલાં વર્ષોથી આ બિચારા નિવેદનો જ તો છે જે કોઇ પહાડની જેમ અડગ આડા ઊભા રહીને પૂરને આવતાં રોકે છે! તો હવે મારું પણ ‘સરકારી નિવેદન’ જેવું જ એક નિવેદન એ છે કે ‘પૂરની સમસ્યાનો દૂરગામી અર્થાત્ લાંબા ગાળાનો અને કાયમી ઉકેલ લાવવો રહ્યો’

‘હવે આ લાંબા ગાળાનો ઉપાય કેટલા લાંબા સમય બાદ એટલે કે કેટલો મોડો થશે અને આવનારી કઈ સદીમાં એનો ઉકેલ આવશે?’ આવો પ્રશ્ન પુછાય એ પહેલાં તો પૂરના પાણી ઊતરવા માંડે છે અને એવામાં પછી પાછી નવી સમસ્યાઓ ઊભી થઇ જાય છે. જ્યાં સુધી પાછું પૂર આવે, ત્યાં સુધીમાં લોકો પાછલાં પૂરની સમસ્યાને ભૂલી જાય છે.

આપણા દેશમાં બધાં રાજ્ય એમની સમસ્યાઓથી ન્યૂઝની ચમકમાં આવે છે, જ્યારે કેન્દ્ર સરકાર એમનાં નિવેદનોથી ફરી ચમકવા લાગે!

ભગવાન પણ ઉદાર છે. સરકાર બંનેને સમાન તક આપે છે.

આપણા દેશમાં ભોળા લોકોનો સ્વભાવ જ એવો છે કે જ્યાં સુધી એમને દાંતમાં દુ:ખાવો નહીં થાય ત્યાં સુધી પેટમાં દુ:ખાવાની ફરિયાદ કરતા રહે છે. એટલે પેટમાં દુ:ખાવાની સમસ્યાનો ઉકેલ દાંતનો દુ:ખાવો બની જાય છે. પૂરની સમસ્યામાં હંમેશ નિવેદન આવે કે- ‘આપણે હવે લાંબા ગાળાનાં પગલાં લેવાં જોઈએ.’

હું ઘણી વખત વિચારું છું કે આ લાંબા ગાળાનાં પગલાં એક્ઝેટલી શું છે? એક જે પગલાં લાંબા છે, તો એ પગલાં આપણાં સુધી ચાલીને આપણી નજીક ક્યારે આવશે? અને જો સમસ્યાનો ઉપાય સરકાર પાસે ઓલરેડી છે તો એને લાગુ કેમ કરવામાં આવતો નથી? ઇન શોર્ટ, સમસ્યાઓનો ઉકેલ માણસ કરશે કે પછી એ પણ કોઇ કુદરતી શક્તિઓ જ કરશે?

ભગવાન કે કુદરત પાસે પૂરની સમસ્યાનો સરળ ઉકેલ છે ‘દુકાળ’. બહુ વરસાદ નથી જોઈતો? તો ચલો, ઓછો વરસાદ લો... પણ હે ભગવાન, તમે કેન્દ્ર સરકારને પૂછો કે એમની પાસે એવા કયા લાંબા ગાળાના ઉપાયો છે? જે આજે નહીં તો શું એ આવતી કાલે લાગુ કરશે? કે પછી નિવેદનો જ આપશે? હમણાં જે પૂર આવ્યા એના પછી કે આવતા વર્ષે પૂર આવે એ પછી તો ચોક્કસ કરશે જને?

ચલો, એવું આપણે ધારી લઈએ. જો કે બિચારી કેન્દ્ર સરકાર તો પૂર સમસ્યાનો ઉકેલ લાવવા માગે જ છે પણ નથી લાવી શકતી, કારણ કે એ ઉકેલ લાંઆઆઆઆઆબા ગાળાનાં છે!

કદાચ એક ઉકેલ એ છે કે જેજે નદીમાં પૂર આવે છે એ બધીને ૨૦૨૦ ફૂટ ઊંડી કરવામાં આવે જેથી પૂરનું વધારાનું પાણી બહાર જ ન આવે અને અંદર નદીમાં જ પડ્યું રહે. બીજો ઉકેલઃ નદીને લાંબી કરવામાં આવે, જેથી પૂરનું વધારાનું પાણી લાંબા અંતર સુધી ફેલાયા કરે, પણ પહોળાઈમાં નહીં, હોં!.

ત્રીજો ઉકેલ એય હોઇ શકે કે નદીઓને સમાંતરે જ બીજી નવી નદીઓ બનાવવામાં આવે, જેથી પૂરના સમયે છલકાયેલા પાણીને બીજી નદીમાં ઓટોમેટિક ટ્રાન્સફર કરી દેવામાં આવે- સરકારી ઓફિસરની જેમ!

કદાચ લાંબા ગાળાનો ઉકેલ એ પણ હોય કે બધી નદીને બે માળની એટલે કે ડબલડેકર કરવામાં આવે! જેથી વધારાનું પાણી બીજા માળેથી કાઢી નાખવામાં આવે.

એક પદ્ધતિ એ પણ અજમાવી શકાય કે નદીઓ તોફાની છે ને જેમાં કાયમ પૂરની સંભાવના છે એ બધી નદીને તરત જ શોર્ટકટ વડે દરિયા તરફ વાળી નાખવાની!

મને લાગે છે કે એક કમિટીએ બેસીને નદીઓના બધા રસ્તાઓ પર ફરીથી વિચાર કરવો જોઈએ. એવું હોવું જોઈએ કે વરસાદમાં વધારે પૂર આવતું હોય એવી નદીઓના ઉદગમ સ્થાન પર જ પ્રતિબંધ લગાડી દેવો જોઈએ. અથવા તો દેશમાં પાણીના ગોદામ હોવા જોઈએ જેથી એ ગોડાઉનમાં વધેલા પાણીનો બહુ બધો બરફ સ્ટોક કરી શકાય, જે દુકાળ અને ગરમીમાં કામ આવે!

આ ઉપરાંત રેલવે પરનાં પાણી વેગનોની વ્યવસ્થા હોવી જોઈએ, જે પૂરવાળા વિસ્તારોમાંથી તરત પાણી ઊંચકીને દુકાળવાળા વિસ્તારોમાં પાણી પહોંચાડી શકાય. અથવા તો બેસ્ટ તો એ છે કે પૂરગ્રસ્ત વિસ્તારોના લોકોનાં શરીરમાં પાણી પીવાની તરસ કે ક્ષમતા ખૂબ વધારવામાં આવે. એવો સરકારી પ્રચાર કરવાનો કે ‘વધારે પાણી પીઓ અને પૂરની સમસ્યા ભગાડો!’

આમાં દેશહિતની વાત આવતાં વેંત જ લોકો પાણી સાથે બીજું બધું પણ ઢીંચવા માંડશે!

આવા ઉપાય લાગુ નહીં થાય ત્યાં સુધી દર વરસે નદીનાં પૂર સાથોસાથ સરકારી નિવેદનનાં પૂર આવે જ રાખશે ને જે કદી અટકશે જ નહીં! ■

## વિશેષ

ડો. ભુપેન્દ્રસિંહ અભાણી
feedback@bombaysamachar.com

# અષાઢી બીજનો આગવો અંદાજ

**ગગન ગાજે ને મોરલા બોલે, માથે ચમકતી વીજ, એ હાલો પાંજે કચ્છ મે, આવી અષાઢી બીજ.**

કચ્છી નવું વર્ષ, જગન્નાથપુરીની રથયાત્રા, અમદાવાદ તથા ભાવનગર રથયાત્રા અને અષાઢી બીજ એટલે સત દેવીદાસ - અમર દેવીદાસની જગ્યાનો પરબધામનો પ્રખ્યાત મેળો. આ બધાં સ્થળોએ અષાઢી બીજની ખૂબ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે.



કચ્છી માડુઓ જેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય તે તેમનું નવું વર્ષ એટલે અષાઢી બીજ.**‘અષાઢી બીજ જો મેળે કચ્છી ભા ભેણે કે લખ લખ વધાઈયું’** આમ કહી કચ્છી લોકો એકબીજાને નવા વર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

કચ્છની અનેક ઇતિહાસ કથાઓ અષાઢી બીજ સાથે જોડાયેલ છે. જેમાંની એક છે કચ્છના કુશળ શાસક લાખો ફુલાણી જ્યારે દેશવટો ભોગવી કચ્છ પરત આવ્યા, તે દિવસે કચ્છમાં મન મૂકીને વરસાદ વરસ્યો અને તરસ્યા કચ્છી માડુ આનંદીત થઈ ઊઠ્યા અને ત્યારથી આ દિવસ ઉજવવામાં આવે છે.

અષાઢી બીજનો દિવસ હિન્દુ વૈદિક પંચાંગના વિક્રમ સંવત મુજબ વર્ષના નવમા મહિનાનો બીજો દિવસ છે, જ્યારે શક સંવત મુજબ વર્ષનાં ચોથા મહિનાનો બીજો દિવસ છે. જૈનોના ચાતુર્માસનો આરંભ આ મહિનાથી થાય છે તો કન્યાઓના ગૌરીવ્રત, અલુણા વ્રત જેવા તહેવાર આ મહિનામાં આવે છે. તો અષાઢી પૂર્ણિમાને ગુરુપૂર્ણિમા તરીકે ઉજવણી થાય છે,

ગુરુ પૂર્ણિમા : **‘ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુદેવો મહેશ્વરઃ, ગુરુ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ’** અષાઢ સુદ પૂનમ એટલે ગુરુપૂર્ણિમા. ગુરુ વિદ્યાર્થીને ઉચિત જ્ઞાન આપીને વિદ્યાર્થી જીવનનું રૂપાંતર કરે છે. કાચાપીડને યોગ્ય માવજત આપી કુંભકાર કુંભ બનાવે છે તે જ રીતે ગુરુ વિદ્યાર્થી રૂપી પિંડને જ્ઞાનનો ઘાટ આપી વિદ્યાર્થી કુંભ બનાવે છે. ગુરુ સત્યમ, શિવમ, અને સુન્દરમ્ એવું મનભાવક સ્વરૂપ છે. માટે જ આપણા ભક્ત કવિઓ વારંવાર પોતાના પદ/ ભજનમાં લખતા જોવા મળે છે, ‘એવા ગુરુને પ્રતાપે........’

પૂર્ણિમાની જેમ જ અષાઢ વદ અમાસ એટલે દિવાસો. આ દિવસે દરિયાકાંઠે વસનારા માછીમાર લોકો પોતાનાં વહાણોને શણગારે, દરિયાદેવનું અક્ષત, ચંદન, પુષ્પ અર્પણ કરી શ્રીફળ વધેરી પૂજન કરે છે અને સતી - શુરાના પાળીયાને સિંદૂર લગાવી ધૂપ - દીપ કરી નૈવેદ ધરી પૂજન અર્ચન કરે.

આ દિવસે ખાસ કરીને જગન્નાથપુરીમાં તથા અમદાવાદ, ભાવનગર અને અન્ય શહેરોમાં અભૂતપૂર્વ રથયાત્રા નીકળે છે. જેમાં જગન્નાથપુરીની રથયાત્રા સૌથી મોટી રથયાત્રા માનવામાં આવે છે, તો અમદાવાદની રથયાત્રા સવારથી સાંજ સુધી ચાલે છે જેમાં અમદાવાદીઓ થાક્યા વગર ઉત્સાહભેર જોડાય છે.

*‘કોઈને ખેતર વાડીયુ તો કોઈને ગામ ગરાસ,*
*આકાશી રોજી ઉતરે પરબે નકલક દેવીદાસ’*

કાઠિયાવાડમાં પ્રખ્યાત પરબની જગ્યામાં અષાઢી બીજ રંગેચંગે ઉજવવામાં આવે છે. જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના પ્રખ્યાત તીર્થધામ પરબધામમાં દર વર્ષે આ મેળો ઉજવાય છે, જેમાં લાખો લોકો એક પંગતમાં બેસી પ્રસાદ લે છે. આ જગ્યાનું મહત્ત્વ જાણીએઃ ભગવાન દત્તાત્રેય આપેલા વચનને પાળવા નિર્ગુણ સ્વરૂપમાંથી સગુણ સ્વરૂપ ધારણ કર્યું અને પૂંજા ભગતે રબારીને ઘેર જન્મ લીધો. માતાએ તેનું નામ દેવો રાખ્યું. દેવો જેમ જેમ મોટો થવા લાગ્યો તેમ તેમ તેનું મન સેવા અને ભક્તિ તરફ વળવા લાગ્યું. ગુરુના આદેશ મુજબ ભગવા વસ્ત્રો પહેરી દુખીયાઓની સેવા કરવા લાગ્યા, દેવામાંથી દેવીદાસ થયા. રક્તપિતના દર્દીઓને પોતાને ત્યાં આશ્રમમાં લાવી તેમની સેવા કરતા અને ભજન ભક્તિ કરતા તેમને મા અમરમાં તથા શાર્દૂલ ભગતનો સંગાથ મળ્યો.

દેવીદાસબાપુએ પોતાનું આખું જીવન ગુરુના વચન મુજબ પરમાર્થનાં કાર્યો કરતા કરતા પૂર્ણ કર્યું. દેવીદાસબાપુએ વિક્રમ સંવત ૧૮૩૯ અષાઢ સુદ બીજને શનિવારના દિવસે સમાધિ લીધી. આ દિવસે માતા અમરમાએ પણ સમાધિ લીધી અને તેથી તેની સ્મૃતિ કાયમ જળવાઈ રહે તે માટે અષાઢી બીજ ઉજવવામાં આવે છે. અત્યારે પૂજ્ય કરસનદાસ બાપુ તારીખ ૧ ઓક્ટોબર ૧૯૬૨થી મહંતપદે બિરાજમાન છે.

તેમના આશીર્વાદ અને દેખભાળથી હાલ ખૂબ જ ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું છે અને દર વર્ષે અષાઢી બીજના મેળામાં લાખો લોકો આવે છે. મેળામાં આવતા ભક્તજનોને માટે ભોજન પ્રસાદ તૈયાર કરવા ૫૦૦X૫૦ ફૂટના મહાકાય પાંચ રસોડામાં રસોઈ તૈયાર કરવામાં આવે છે. ૩૦૦૦ કાઉન્ટર મુકાય છે. એક સાથે એક લાખ લોકો પંગતમાં બેસીને પ્રસાદ લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. ભોજન પ્રસાદની સામગ્રી લાવવા લઈ જવા ૧૦૦ ટ્રેક્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. આમ, ભજન, ભોજન તથા ભક્તિના ત્રિવેણી સંગમ સમો આ મેળો બની રહે છે. ■

# ભાજપે ત્રણ રાજ્યમાં સંગઠનાત્મક ચૂંટણીઓની દેખરેખ માટે 'રાજ્ય ચૂંટણી અધિકારીઓ'ની નિમણૂક કરી

નવી દિલ્હી : ભાજપે શુક્રવારે મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળમાં તેની સંગઠનાત્મક ચૂંટણીઓની દેખરેખ માટે 'રાજ્ય ચૂંટણી અધિકારીઓ'ની નિમણૂક કરી હતી.

કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુ અને હર્ષ મલ્હોત્રા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન રવિશંકર પ્રસાદને અનુક્રમે ત્રણેય રાજ્ય માટે કાર્ય સોંપવામાં આવ્યું છે.

સંગઠનાત્મક ચૂંટણીઓના રાષ્ટ્રીય રિટર્નિંગ અધિકારી કે લક્ષ્મણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ત્રણેય સાંસદ આ રાજ્યોના પ્રમુખો અને રાષ્ટ્રીય પરિષદના સભ્યોની ચૂંટણીના પ્રભારી કેન્દ્રીય નેતાઓ હશે.

આ નિમણૂકથી પાર્ટીમાં સંગઠનાત્મક ચૂંટણીઓ માટે પહેલાથી જ ખેંચાયેલી કવાયત પૂર્ણ કરવા માટે એક નવો વેગ મળવાની શક્યતા છે, જે વર્તમાન જે પી નડ્ડા, જે કેન્દ્રીય પ્રધાન પણ છે, તેમના સ્થાને નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી સાથે સમાપ્ત થશે.

શાસક ભાજપ પાસે કુલ ૩૭ સંગઠનાત્મક રાજ્યો છે, અને રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરવાની સત્તાવાર પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં તેમાંથી ઓછામાં ઓછા ૧૯ રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવી આવશ્યક છે. અત્યાર સુધીમાં, તેમાંથી ૧૪ રાજ્યમાં આ કવાયત પૂર્ણ થઈ ગઈ છે.

જોકે, ભાજપે હજુ સુધી ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, કર્ણાટક અને ગુજરાત સહિત અનેક મુખ્ય રાજ્યોમાં તેના પ્રમુખોની પસંદગી કરી નથી.

તેણે જાન્યુઆરીમાં આ રાજ્યો માટે 'રાજ્ય ચૂંટણી અધિકારીઓ'ની નિમણૂક કરી હતી.

પક્ષના બંધારણ અનુસાર, આ કવાયત ગયા વર્ષે સપ્ટેમ્બરમાં રાષ્ટ્રવ્યાપી સભ્યપદ અભિયાન સાથે શરૂ થઈ હતી અને આ વર્ષની શરૂઆતમાં સમાપ્ત થવાની ધારણા હતી.

રાષ્ટ્રીય પ્રમુખનો કાર્યકાળ ત્રણ વર્ષનો છે, અને નડ્ડાએ જાન્યુઆરી ૨૦૨૦માં પદ સંભાળ્યું હતું. જોકે, ૨૦૨૪માં લોકસભાની ચૂંટણીને કારણે તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો હતો, અને તેઓ તેમના સ્થાને ચૂંટણી થાય ત્યાં સુધી આ પદ પર ચાલુ રહેશે. ■



**કાફલો:** નવી દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ શુક્રવારે નવી બસના કાફલાને લીલી ઝંડી બતાવી તે પહેલાં કતારમાં ઊભી રહેલી બસો. (પીટીઆઇ)

# હિમાચલમાં પૂરઃ શોધ અને બચાવ કામગીરી ફરી શરૂ

શિમલાઃ હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટવાથી અને અચાનક આવેલા પૂર બાદ ગુમ થયેલા છ લોકોને શોધવા માટે નેશનલ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, પોલીસ અને હોમગાર્ડર્સની સંયુક્ત ટીમો દ્વારા શુક્રવારે સવારે શોધ અને બચાવ કામગીરી ફરી શરૂ કરવામાં આવી હતી. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

આ ગુમ થયેલા લોકો બુધવારે હિમાચલ પ્રદેશના કાંગડા અને કુલ્લુ જિલ્લામાં વાદળ ફાટવાથી અને અચાનક આવેલા પૂરમાં વહી ગયા હોવાની આશંકા છે. બુધવારે અચાનક આવેલા પૂરથી પ્રભાવિત કાંગડા જિલ્લામાં એક હાઇડ્રો પ્રોજેક્ટ સાઇટ પરથી અત્યાર સુધીમાં પાંચ મૃતદેહો મળી આવ્યા છે. જ્યારે ત્રણ ગુમ થયેલા લોકોની શોધખોળ ચાલુ છે.

અધિકારીઓએ જણાવ્યું કે ટીમો કુલ્લુ જિલ્લાના રેહલા બિહાલમાં વાદળ ફાટવાથી ગુમ થયેલા ત્રણ લોકોની પણ શોધખોળ કરી રહી છે. ચંબા જિલ્લાના લવલીને શોધ ટીમો દ્વારા પ્રોજેક્ટ સાઇટ નજીકના જંગલમાંથી બચાવી લેવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે કેમ્પમાં ૧૩ લોકો હતા, જેમાંથી પાંચ લોકો ટેકરીઓ તરફ ભાગી ગયા હતા. જ્યારે બાકીના લોકો વહેતા પાણીમાં તણાઇ ગયાં હતાં.

અધિકારીઓએ જણાવ્યું કે વરસાદને કારણે પ્રોજેક્ટનું કામ બંધ કરી દેવામાં આવ્યું હતું અને મજૂરો સાઇટની નજીક કામચલાઉ આશ્રયસ્થાનોમાં આરામ કરી રહ્યા હતા ત્યારે માનુની ખાડ અને નજીકના નાળાઓમાંથી પૂરનું પાણી તેમની તરફ વળ્યું અને ઘણા લોકોને તાણી ગયું હતું. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ(એનડીઆરએફ)ના કમાન્ડન્ટ બલજિંદર સિંહે જણાવ્યું કે તેઓ પ્રોજેક્ટ સાઇટ પરથી વહી ગયેલા લોકોને શોધવાનો પ્રયાસો કરી રહ્યા છે. ■

# ઉ.પ્ર.માં દેવાદાર પરિવારે ઝેર પીધા બાદ ત્રણ સભ્યોનાં મોત

બિજનોરઃ ઉત્તર પ્રદેશના બિજનોરમાં કરજમાં ડૂબેલા એક મજૂર પરિવારના ચાર સભ્યોએ ઝેર ખાઇ લીધાની ઘટનાથી વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ ઘટનામાં મૃત્યુઆંક વધીને ત્રણ થવા પામ્યો છે. આ જાણકારી પોલીસે શુક્રવારે આપી હતી.

પોલીસ અધિક્ષક અભિષેક ઝાના જણાવ્યા અનુસાર આ ઘટના નૂરપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના કંદેરા ગામની છે. જ્યાં ઘોડાગાડી ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા મજૂર પુખરાજે ગુરુવારે સવારે તેની પત્ની રમેશિયા(૫૦) અને પુત્રીઓ અનીતા(૨૧), સીતુ ઉર્ફે સુનીતા(૧૮) સાથે ઝેર ખાઇ લીધું હતું.

ઋણદાતાઓ દ્વારા બાકી કરજ બાબતે સતત હેરાનગતિ કરવામાં આવતી હોવાથી પરિવારે આ પગલું ભર્યું હોવાનું ચર્ચાઇ રહ્યું છે. રમેશિયા અને અનીતાના ગુરુવારના રોજ સારવાર દરમિયાન મોત થયા હતા. જ્યારે પુખરાજ અને સીતુને મેરઠની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં સીતુએ મોડી રાત્રે દમ તોડ્યો હોવાનું એસપીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર પુખરાજે થોડાં વર્ષો પહેલા તેની પુત્રીના લગ્ન માટે લોન લીધી હતી. સમય જતાં દંપતી દેવાના ચક્રવ્યૂહમાં ફસાતું ગયું હતું. ગુરુવારની સવારે કરજ ચૂકવવાને લઇને પુખરાજને તેના પુત્ર સચિન સાથે ઉગ્ર બોલાચાલી થઇ હતી. ત્યારબાદ ચારેયએ ઝેર ખાઇ લીધું હતું. દરમિયાન જિલ્લા મેજિસ્ટ્રેટ જસજીત કૌરે જણાવ્યું કે પરિવારને કરજ માટે હેરાન કરવામાં આવી રહ્યો હતો કે કેમ તે અંગે જાણવા માટે તપાસ ચાલી રહી છે.

### ઓસ્કાર એકેડમીમાં

# કમલ હાસન અને આયુષ્યમાન ખુરાના, ફિલ્મમેકર પાયલ કાપડિયાને પણ મળ્યું સ્થાન

લોસ એન્જલસ : અભિનેતા-ફિલ્મ નિર્માતા કમલ હાસન, બોલિવૂડ અભિનેતા આયુષ્માન ખુરાના અને 'ઓલ વી ઇમેજિન એઝ લાઈટ' ના લેખક-દિગ્દર્શક પાયલ કાપડિયા એ ૫૩૪ કલાકારોમાં સામેલ છે જેમને આ વર્ષે અમેરિકાની 'એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સ (ઓસ્કાર એકેડેમી) માં આમંત્રિત કરવામાં આવ્યા છે.

આ વર્ષની યાદીમાં હોલિવૂડ અને આંતરરાષ્ટ્રીય સિનેમાના વિવિધ પ્રકારોના ઘણાં પ્રભાવશાળી નામોનો સમાવેશ થાય છે, જેમાં ઘણા ભારતીય કલાકારોનો પણ સમાવેશ થાય છે. હાસન, ખુરાના અને કાપડિયા ઉપરાંત, યાદીમાં 'ગલી બોય' ના કાસ્ટિંગ ડિરેક્ટર કરણ માલી, 'ઓલ વી ઇમેજિન એઝ લાઈટ' ના સિનેમેટોગ્રાફર રણબીર દાસ અને કોસ્ચ્યુમ ડિઝાઇનર મેક્સિમા બાસુના નામ પણ સામેલ છે.

એકેડેમીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઇઓ) બિલ ક્રેમર અને અધ્યક્ષ જેનેટ યાંગે જણાવ્યું હતું કે, ''અમે આ પ્રતિષ્ઠિત કલાકારો, ટેકનિકલ નિષ્ણાતો અને પ્રોફેશનલ્સને એકેડેમીમાં આમંત્રિત કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ. તેમણે ફિલ્મ નિર્માણ અને વૈશ્વિક સિનેમા સમુદાયમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.''

વર્ષના ૨૦૨૫ના આમંત્રિત વર્ગમાં ૪૧ ટકા મહિલાઓ, ૪૫ ટકા ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા સમુદાયોમાંથી અને ૫૫ ટકા લોકો અમેરિકાના બહારના ૬૦ દેશો અને પ્રદેશોમાંથી છે. આમાં ૯૧ ઓસ્કાર નોમિની, ૨૬ વિજેતાઓ અને ત્રણ વૈજ્ઞાનિક અને ટેક્નિકલ પુરસ્કાર વિજેતાઓનો સમાવેશ થાય છે.

અન્ય અગ્રણી નામોમાં ગિલિયન એન્ડરસન, જોડી કમર, એમ્મા કોરિન, કીરન કલ્કિન, માર્ગરેટ ક્વોલી, એન્ડ્રુ સ્કોટ અને જેરમી સ્ટ્રોંગનો સમાવેશ થાય છે. ભારતીય મૂળના કેનેડિયન નિર્માતા રાજ કપૂર, એક્ઝિક્યુટિવ કેટેગરીમાં રવિ આહુજા, સંગીતકાર સિદ્ધાર્થ ખોસલા, સંગીતકાર અમૃતા વાઝ, ચૈતન્ય ચિંચલીકર, મોમિતા સેનગુપ્તા, ડોક્યુમેન્ટરી ફિલ્મ નિર્માતા સ્મૃતિ મુંદડા અને વીએફએક્સ એક્સપર્ટ રવિ બંસલ અને અભિષેક નાયર પણ યાદીમાં છે.

ડિરેક્ટર કેટગરીમાં કોરાલી ફાર્ગેટ, માઇક ફ્લાનાગન અને મિગુએલ ગોમ્સ જેવાં નામો પણ આમંત્રિત કરવામાં આવ્યા છે. એકેડેમીનું સભ્યપદ ફક્ત ૧૯ શાખાઓ અને એક કેટેગરી માટે નામાંકન દ્વારા આપવામાં આવે છે. ઉમેદવારને એક જ કેટેગરીના બે સભ્યો દ્વારા નામાંકિત કરવો આવશ્યક છે.■

# અમેરિકાના વિદેશમંત્રી અને પાકિસ્તાનના વડા પ્રધાન વચ્ચે થઈ વાતચીત, ક્ષેત્રિય શાંતિ માટે કામ કરવા થયા સહમત

ઇસ્લામાબાદઃ અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયો અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે શુક્રવારે આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે સાથે મળીને કામ કરવા સહમતી વ્યક્ત કરી હતી. રુબિયોએ શરીફ સાથે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર પણ ચર્ચા કરી હતી. અમેરિકાના વિદેશમંત્રાલયના પ્રવક્તા ટેમી બ્રૂસે કહ્યું હતું કે, બંને નેતાઓએ ઇઝરાયલ અને ઈરાન વચ્ચે કાયમી શાંતિને પ્રોત્સાહન આપવા અને પ્રાદેશિક સ્થિરતા જાળવવા માટે સાથે મળીને કામ કરવાના મહત્ત્વને સ્વીકાર્યું હતું. પાકિસ્તાન સરકારના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને નેતાઓએ ''પાકિસ્તાન-અમેરિકા સંબંધોને મજબૂત બનાવવા, ખાસ કરીને વેપાર વધારવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખવા સંમત થયા.'' પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા શરીફે ભાર મૂક્યો હતો કે પાકિસ્તાન આ ક્ષેત્રમાં શાંતિ સ્થાપિત કરવામાં રચનાત્મક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે. ■

# ગ્રીસના એથેન્સના જંગલમાં ભીષણ આગ

એથેન્સ (ગ્રીક): ગ્રીસના એથેન્સની દક્ષિણમાં એક જંગલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના કારણે અધિકારીઓએ લોકોને સ્થળાંતર થવાનો આદેશ આપ્યો હતો. ગ્રીક રાજધાનીને સોનિયન સાથે જોડતા દરિયાકાંઠાના રસ્તાના કેટલાક હિસ્સાને બંધ કરી દેવામાં આવ્યો છે ગ્રીકમાં ઉનાળામાં ભીષણ ગરમીમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસની નજીક પહોંચ્યું છે જેના કારણે જંગલમાં આગ લાગી હતી.

પત્રકાર પરિષદને સંબોધતા ફાયર વિભાગના પ્રવક્તા કર્નલ વાસિલિસ વાથ્રાકોગિયાનિસે જણાવ્યું હતું કે, ''હાલમાં એરફોર્સ અને આર્મી ઘરોમાં લાગેલી આગ સામે લડાઇ લડી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે એથેન્સના દક્ષિણમાં પલાઈયા ફોકાયા દરિયા કિનારે આવેલા વિસ્તારમાં ફાયર ફાઇટર્સ દ્વારા ભીષણ આગ પર પાણી છાંટવા માટે ૧૨ વિમાન અને ૧૨ હેલિકૉપ્ટરની મદદ લેવામાં આવી રહી છે. કોસ્ટ ગાર્ડના અગ્નિશામક જહાજે સમુદ્રમાંથી આગ બુઝાવી દીધી હતી.

રહેણાક વિસ્તારમાં લાગેલી આ આગ ભારે પવનને કારણે વધુ વિકરાળ બની હતી. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...


ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જંગમ | અટપટું |
| જંગલ | ભાગ્યે જ |
| જટિલ | રાન |
| જઠર | ગતિશીલ |
| જવલ્લે | હોજરી |

## ઓળખાણ પડી?

૧૯૬૨ના વર્લ્ડ ફેર માટે યુએસએમાં બંધાયેલી ૬૦૫ ફૂટ ઊંચી ઈમારતની ઓળખાણ પડી? અહીં ફિલ્મ શૂટિંગ થાય છે.

અ) એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ
બ) સ્પેસ નીડલ
ક) સેન્ટ્રલ પાર્ક
ડ) હડસન યાર્ડ્સ



## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | ૨ ધ | ૩ મી | ઠી | | ૪ ફ | ૫ ર | ૬ જિ | યા | ૭ ત |
| ૮ હ | રી | ત | | ૯ નિ | | ૯-અ જ | ત | | ડા |
| ત્વ | | ૧૦ વા | ૧૧ હ | વા | ૧૨ હી | | | ૧૩ સા | ફ |
| ૧૪ પૂ | ર | | ૧૫ મ | સ | લ્સ | | ૧૬ તા | વ | ડી |
| ર્ણ | | ૧૭ અ | વ | સ્થા | | ૧૮ ટ | પ | કું | |
| | ૧૯ ચિ | રં | ત | ન | | ૨૦ મા | સી | | ૨૧ આ |
| ૨૨ ગં | | ૨૩ જિ | ન | | ૨૪ ચ | ટ | | ૨૫ સા | દ |
| ભી | | ત | | ૨૬ સ | પ | ર | ૨૭ મો | | ર |
| ૨૮ ર | ૨૯ જૂ | | ૩૦ ગ | પા | ટા | | ગ | | ણી |
| ૩૧ તા | ન | પ | લ | ટા | | ૩૨ પ | રા | જ | ય |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | | | ૮ | ૯ | | | |
| | | ૧૦ | | | | ૧૧ | | | |
| ૧૨ | | | | | ૧૩ | | | ૧૪ | |
| | | | | ૧૫ | | | ૧૬ | | |
| | ૧૭ | | ૧૭અ | | | ૧૮ | | | |
| ૧૯ | | | | ૨૦ | | | | | ૨૧ |
| | | ૨૨ | ૨૩ | | | | ૨૪ | | |
| ૨૫ | | | ૨૬ | | ૨૭ | | | | |
| ૨૮ | | | | | ૨૯ | | | | |

### આડી ચાવી

૧. સંજોગો જ એવા હતા કે--- (૬)
૫. વાદળાં ચડી આવવાં તે (૩)
૭. ઘાસચારો (૨)
૮. ઓડકાર (૩)
૧૦ પગેરું, ચિન્હ (૩)
૧૧. ધૂળ (૨)
૧૨. પાલન કરવાના નિયમોની યાદી (૪)
૧૩. તેનો (૨)
૧૪. --- પુરાણ એટલે મોંઢાની વાતો (૨)
૧૫. આષાઢ --- એટલે આષાઢમાં (૨)
૧૬. વખત, સમો (૩)
૧૭.અ. લશ્કરી વહાણ (૪)
૧૯. દરેક જણે --- તો જવું જ પડે (૨)
૨૦. ધ્યાન (૩)
૨૨. જેનો જન્મ નથી તે (૩)
૨૪. અલગ ના હોય એવું (૩)
૨૫. કામદેવની પત્ની (૨)
૨૬. --- દેહ એટલે માણસનું શરીર (૩)
૨૮. --- કરવી એટલે પક્ષ લેવો (૪)
૨૯. સોનેરી (૫)

### ઊભી ચાવી

૧. કટોકટી વખતે --- લાગુ પડે (૫)
૨. તાકાત, બળ (૨)
૩. દુરાગ્રહ (૪)
૪. તિરાડ (૨)
૫. --- ટાણું એટલે સંધ્યાકાળ (૩)
૬. ભોજન કરવાનું સ્થળ (૫)
૯. ચાહવાનાં --- તો ઘણાં હોય (૩)
૧૦. લગામ, અછોડો, રાશ (૩)
૧૩. ઉત્સવનું પર્વ (૪)
૧૪. નાનું ગામ (૩)
૧૫. વિદ્વાનનાં --- બધે થાય (૫)
૧૭. ---, તમે ને રતનિયો - જાણીતું નાટક (૨)
૧૮. લીન, મગ્ન (૨)
૧૯. કામમાં મગ્ન (૪)
૨૧. દરેક સ્ત્રી ---નો અવતાર હોય છે. (૪)
૨૩. ભોજન કરવું તે (૩)
૨૪. --- થવું એટલે સ્તબ્ધ થવું (૩)

## ગુજરાત મોરી મોરી રે

શેષનાં કાવ્યો, દ્વિરેફની વાર્તાઓ અને સ્વૈરવિહારીનાં કાવ્યો એમ વિવિધ તખલ્લુસ વાપરનારા સર્જક કોણ હતા એ જણાવો.

અ) ઉમાશંકર જોશી બ) ગુલાબદાસ બ્રોકર
ક) ઝવેરચંદ મેઘાણી ડ) રામનારાયણ પાઠક

## જાણવા જેવું

અળસીના જીંડવામાં લાલ અને ધોળાં એમ બે જાતનાં ચપટાં લીસાં બી થાય છે. રાતાં કરતાં ધોળાં બીમાંથી તેલ વધારે પ્રમાણમાં નીકળે છે. તેલનો ઉપયોગ છાપવાની શાહી, રંગ, કૃત્રિમ રબર, વાર્નિશ અને નરમ સાબુ વગેરે બનાવવામાં થાય છે.

## સુડોકુ-૯૦૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | ૬ | ૧ | | | ૪ | |
| ૮ | ૭ | ૧ | ૨ | | ૪ | | | ૬ |
| | | | | | ૫ | | | ૮ |
| ૫ | | ૪ | | | | | ૮ | ૯ |
| | ૬ | ૭ | | | | ૪ | ૫ | |
| ૯ | ૮ | | | | | ૬ | | ૧ |
| ૪ | | | ૯ | | | | | |
| ૬ | | | ૮ | | ૭ | ૧ | ૨ | ૩ |
| | ૩ | | | ૬ | ૧ | | ૯ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૩ | ૧ | ૮ | ૯ | ૭ | ૪ | ૨ |
| ૨ | ૭ | ૧ | ૩ | ૫ | ૪ | ૮ | ૯ | ૬ |
| ૮ | ૯ | ૪ | ૬ | ૭ | ૨ | ૧ | ૫ | ૩ |
| ૬ | ૫ | ૨ | ૭ | ૧ | ૩ | ૪ | ૮ | ૯ |
| ૭ | ૩ | ૯ | ૮ | ૪ | ૫ | ૨ | ૬ | ૧ |
| ૧ | ૪ | ૮ | ૨ | ૯ | ૬ | ૫ | ૩ | ૭ |
| ૪ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૬ | ૨ | ૫ |
| ૯ | ૨ | ૫ | ૪ | ૬ | ૭ | ૩ | ૧ | ૮ |
| ૩ | ૮ | ૬ | ૫ | ૨ | ૧ | ૯ | ૭ | ૪ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

જગતના અનેક શહેર વસતિથી ફાટફાટ થાય છે. વિશ્વના કયા શહેરમાં સૌથી વધુ લોકોનો વસવાટ છે એની ખબર છે?

અ) શાંઘાઈ બ) ન્યૂયોર્ક
ક) ટોક્યો ડ) મોસ્કો

## નોંધી રાખો

સમય સતત બદલાય છે. સમયની સૌથી સચોટ વ્યાખ્યા છે કે 'સમય કોઈનો સગો નથી થતો અને સગાં બધા સમય જોઈને થાય છે.'

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૮, ૧૭, ૨૮, ૪૧, ૫૬, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૫૬ પછી કઈ સંખ્યા આવે?

અ) ૬૭ બ) ૬૯
ક) ૭૩ ડ) ૭૭

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ભાત | રીત |
| ભાગ | હિસ્સો |
| ભાલ | કપાળ |
| ભાટ | ખુશામતખોર |
| ભાણ | સૂર્ય |

ઓળખાણ પડી
યુએસએ

માઈન્ડ ગેમ
૧૨૯

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
કુવૈત

ગુજરાત મોરી મોરી રે
ઈશ્વર પેટલીકર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) નૂતન વિપીન શાહ (૯) શ્રદ્ધા આશર (૧૦) લજિતા ખોના (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) પુષ્પા પટેલ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) મનીષા શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) અલકા વાણી સિડની (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) મહેશ દોશી (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) અંજુ ટોલિયા (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) નિતિન જયંતલાલ બજરિયા (૩૧) ડાયના સંતોકે (૩૨) પ્રવીણ વોરા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) પુષ્પા ખોના (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) ભારતી બુચ (૩૭) કિશોર બી. સંઘરાજકા (૩૮) અરવિંદ કામદાર (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર ઉદેશી (૪૨) ગીતા ઉદેશી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) અંબરીષ ઓઝા (૪૫) મહેશ સંઘવી (૪૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૭) હરીહર ભટ્ટ (યુએસએ)

# શેરબજારમાં સતત ચોથા દિવસે આગેકૂચઃ સેન્સેક્સ ૩૦૩ પોઈન્ટ વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભૂરાજકીય ટેન્શન હળવું થવા ઉપરાંત અમેરિકાની ટેરિફ ડીલને લગતી સકારાત્મક હિલચાલ વચ્ચે વિશ્વબજારના સુધારા સાથે સ્થાનિક સ્તરે સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત ચોથા સત્રમાં પોઝિટિવ ટ્રેડિંગ જોવા મળ્યું હતું. સેન્સેક્સ ૩૦૩ પોઇન્ટ આગળ વધ્યો હતો જ્યારે નિફ્ટી પણ ૨૫,૬૦૦ની ઉપર પહોચ્યો હતો. ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયાની મજબૂતી અને ક્રૂડ ઓઇલની નરમાઇને કારણે પણ સેન્ટિમેન્ટને લાભ થયો હતો. એફઆઇઆઇની લેવાલી શરૂ થવાનો આશાવાદ પ્રેરક બળ રહ્યો હતો. પાછલા સત્રમાં એફઆઇઆઇએ રૂ. ૧૨,૫૯૪.૩૮ કરોડની લેવાલી નોંધાવી હતી.

સત્રને અંતે સેન્સેક્સ ૩૦૩.૦૩ પોઇન્ટ અથવા તો ૦.૩૬ ટકાના વધારા સાથે ૮૪,૦૫૮.૯૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. એ જ રીતે, એનએસઇનો નિફ્ટી ઇન્ડેક્સ ૮૮.૮૦ પોઇન્ટ અથવા તો ૦.૩૫ ટકાના વધારા સાથે ૨૫,૬૩૭.૮૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. ક્ષેત્રીય મોરચે, બેંક ઓફ બરોડા, સ્ટેટ બેન્ક અને બેંક ઓફ મહારાષ્ટ્રમાં થયેલા વધારાને કારણે નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સમાં ઉછાળો હતો. નિફ્ટી મેટલ અને નિફ્ટી આઇટીમાં પણ સારી આગેકૂચ રહી હતી.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૭.૫૨ લાખ કરોડથી રૂ. ૨.૬૦ લાખ કરોડ વધીને રૂ. ૪૬૦.૧૨ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સના શેરોમાં એશિયન પેઇન્ટ, અલ્ટ્રાટેક સિમેન્ટ, પાવરગ્રીડ, આઇસીઆઇસીઆઇ બેન્ક, રિલાયન્સ, એચયુએલ, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને સન ફાર્મા ટોપ ગેનર હતા, જ્યારે ટ્રેન્ટ, એટર્નલ, એક્સિસ બેન્ક અને ટાઇટન ટોપ લૂઝર હતા.

મધ્ય પૂર્વમાં યુદ્ધવિરામ અને સમયમર્યાદા પહેલા ટ્રેડ ટેન્શન ઘટવાનો આશાવાદ જેવા મુખ્ય ઉત્પ્રેરકોથી સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો છે. એકતધારી વેચવાલી બાદ એફઆઇઆઇએ લેવાલી શરૂ કરી હોવાના કારણે નજીકના ગાળામાં બજાર સ્થિરતામાં સુધારો થયો છે. વધુમાં, ક્રૂડના ભાવમાં નરમાઈ અને ભારતીય રૂપિયોમાં મજબૂતીથી રોકાણકારો સ્થાનિક ગ્રોથ થીમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પ્રભાવિત થયા છે. સ્થિતિસ્થાપક વપરાશ અને પ્રમાણમાં સ્થિર મેક્રોઇકોનોમિક બેકડ્રોપ દ્વારા સંચાલિત કમાણીમાં વધારો થવાની અપેક્ષાઓ, આશાવાદને વધુ મજબૂત બનાવી રહી છે.

જિઓબ્લેકરોક બ્રોકિંગને બ્રોકરેજ બિઝનેસ શરૂ કરવા સેબીની મંજૂરી મળી છે. સ્ટુડન્ટ રિક્રુટમેન્ટ સોલ્યુશન પ્રોવાઇડર ક્રાઇઝેક લિમિટેડનો રૂ. ૮૬૦ કરોડના, સંપૂર્ણપણે ૩.૫૧ કરોડ શેરની ઓફર ફોર સેલના જાહેર ભરણાં સાથે બીજી જુલાઈએ મૂડી બજારમાં પ્રવેશ કરશે અને ચોથી જુલાઈએ ભરણું બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૩૩ થી રૂ. ૨૪૫ પ્રતિ શેર, અરજી માટે લઘુતમ લોટ સાઈઝ ૬૧ છે અને એનએસઇ અને બીએસઇ પર લિસ્ટિંગ નવમી જુલાઈએ થવાની સંભાવના છે. એનસીએલટી દ્વારા તેની બે પેટાકંપનીઓની અમાલગમેશન યોજનાને મંજૂરી આપ્યા પછી હોનાસા કન્ઝ્યુમરમાં બે ટકા જેટલો ઉછાળો હતો. પાવર ગ્રીડ કોર્પોરેશન તરફથી ૭૬૫ ટ્રાન્સફોર્મરનો ઓર્ડર મેળવ્યા પછી હિતાચી એનર્જી ઇન્ડિયાના શેરમાં કરંટ જોવા મળ્યો હતો. માયાશીલ વેન્ચર્સે આઇપીઓના ભાવ સામે ૨૩ ટકા પ્રીમિયમે પ્રવેશ કર્યો હતો. એકઝો નોબેલ ઇન્ડિયાનો શેર આઠ ટકા ઊછળ્યો હતો. કેડિલાએ રૂ. ૫૦૦૦ કરોડના ઇશ્યૂ માટે ડીઆરએચપી જમા કરાવ્યું છે. આઇસીઆઇસીઆઇ બેન્કના બોર્ડે તેની એસેટ મેનેજમેન્ટ કંપનીમાં સ્ટેક વધારવાની મંજૂરી આપી છે.




પ્રોફેશનલ એજ્યુકેશનલ ફિલ્ડમાં કાર્યરત વેન્ટેજ નોલેજ અકેડેમીએ સાયબર સિક્યુરિટી અંગે ઑનલાઈન ટ્રેનીંગ પ્રોગ્રામ માટે સાયબર સ્કિલ્સફીયર સાથે સહયોગ સાધ્યો છે. કંપની સાયબર સિક્યુરિટી પ્રોફેશનલોનું ગ્લોબલ વર્ક ફોર્સ તૈયાર કરશે. આ સહયોગ થકી સાયબર સિક્યુરિટી ઑડિટિંગ અને અસ્યુરન્સમાં સ્ટ્રક્ચર્ડ મલ્ટિલેવલ સર્ટિફિકેશન પ્રોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે, જે જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રમાં અપ્લાઈડ, ઉદ્યોગ માટે તૈયાર પ્રોફેશનલોની આવશ્યકતા પૂરી કરશે.

એશિયાઇ શેરબજારોમાં જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ઊંચી સપાટીએ અને દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઇને એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ તથા હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચી સપાટીએ ગબડ્યો હતો. એશિયાઇ બજારોમાં બપોરના ટ્રેડમાં સુધારો જોવા મળ્યો હતો. અમેરિકાના બજારો ગુરુવારે પોઝિટિવ ઝોનમાં બંધ રહ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એશિયન પેઈન્ટ ૩.૦૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૪૩ ટકા, પાવર ગ્રીડ ૨.૧૧ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૫૬ ટકા, રિલાયન્સ ૧.૫૬ ટકા, ભારત ઈલેક્ટ્રોનિક્સ ૧.૧૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૧૪ ટકા, સન ફાર્મા ૧.૧૨ ટકા, સ્ટેટ બેન્ક ૧.૦૫ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૭૫ અને તાતા સ્ટીલ ૦.૫૬ ટકા વધ્યા હતા, જ્યારે ટ્રેન્ટ ૧.૪૨ ટકા, ઈટર્નલ ૧.૧૩ ટકા, ટેક મહિન્દ્ર ૦.૯૩ ટકા, એક્સિસ બેન્ક ૦.૭૪ ટકા, ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૦.૬૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૫૨ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૪૬ ટકા ઘટ્યા હતા.

# ડૉલર સામે રૂપિયામાં વધુ બાવીસ પૈસાની આગેકૂચ

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારા ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૨,૫૯૪.૩૮ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે વધુ ૨૪ પૈસાના સુધારા સાથે ૮૫.૫૦ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં આગેકૂચ અને સંભવત નીચા મથાળેથી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની પણ ડૉલરમાં લેવાલી રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૨ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૮૫.૫૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૫ અને ઉપરમાં ૮૫.૪૩ સુધી ઊંચકાયા બાદ અંતે ગઈકાલના બંધ સામે બાવીસ પૈસાના સુધારા સાથે ૮૫.૫૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયો ડૉલર સામે ૩૬ પૈસા મજબૂત થયો હતો.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલીને ટેકે રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, માસાન્તની પૉઝિશનો હળવી કરવા માટે રિઝર્વ બૅન્કની પણ નીચા મથાળેથી ડૉલરમાં લેવાલી રહી હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સના ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનીલ કુમાર ભણસાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે ટેરિફના અમલ માટે ટ્રમ્પ દ્વારા જાહેર કરવામાં આવેલી નવમી જુલાઈની તારીખ નજીક આવી રહી હોવાથી અનિશ્ચિતતાના માહોલમાં આગામી સપ્તાહે પુનઃ રૂપિયો નબળો પડીને ૮૬ની સપાટીએ પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૧૦ ટકાના ઘટાડા સાથે ૯૭.૨૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૦૩.૦૩ પૉઈન્ટનો અને ૮૮.૮૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. તેમ છતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭૨ ટકા વધીને બેરલદીઠ ૬૮.૨૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોનું ૧.૪ ટકા ગબડતાં સ્થાનિકમાં ₹ ૧૩૭૩નો કડાકો, ચાંદીમાં ₹ ૧૯૫૭ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે મોડી સાંજે અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં ૧.૪ ટકાનો અને ચાંદીના ભાવમાં ૧.૮ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ સપ્તાહ દરમિયાન ઈરાન-ઈઝરાયલ વચ્ચેનાં સીઝફાયર અને અમેરિકા ચીન વચ્ચે વેપાર અંગેની વાટાઘાટોમાં પ્રગતિ થઈ રહી હોવાના નિર્દેશો સાથે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે બે ટકા જેટલો ઘટાડો નોંધાઈ ગયો છે. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ બાવીસ પૈસા મજબૂત થયો હોવાથી સોનાની આયાત પડતરો ઘટવાને કારણે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૭૦થી ૧૩૭૩નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૯૫૭નો કડાકો બોલાઈ ગયો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૯૫૭ના ઘટાડા સાથે રૂ. ૧,૦૫,૧૯૩ના મથાળે રહ્યા હતા.




તેમ જ સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ, રૂપિયામાં મજબૂતાઈ, સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૭૦ના ઘટાડા સાથે રૂ. ૯૫,૪૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૭૩ ઘટીને રૂ. ૯૫,૭૮૪ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકાના ફુગાવાની આજે મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨૮૨.૬૮ ડૉલર આસપાસ ગત મે મહિનાના અંતની નીચી સપાટી આસપાસ અને વાયદામાં ભાવ ૧.૬ ટકાના ઘટાડા સાથે ૩૨૯૪.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૩૫.૯૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે હાલના તબક્કે વૈશ્વિક સ્તરે જોખમી પરિબળોમાં ઘટાડો થવાથી સોનાના ભાવ દબાણ હેઠળ રહેતા હોવાનું એએનઝેનાં કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવતાં ઉમેર્યું હતું કે ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધ વિરામ અને ચીન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોમાં પ્રગતિ થઈ રહી હોવાથી સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવી રહ્યા છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર ઈરાન-ઈઝરાયલ વચ્ચેના ૧૨ દિવસના યુદ્ધ પશ્ચાત્ ગત મંગળવારે યુદ્ધ વિરામ થતાં પરિસ્થિતિ રાબેતા મુજબની થઈ રહી છે. વધુમાં મહત્ત્વના ખનીજોના શિપમેન્ટ માટે અમેરિકાનાં ચીન સાથે કરારમાં પ્રગતિ થઈ રહી હોવાનું વ્હાઈટ હાઉસના એક અધિકારીએ જણાવ્યું હોવાથી વિશ્વના બે મોટા અર્થતંત્રો વચ્ચેના ટ્રેડ વૉરનો અંત આવે તેવો આશાવાદ સપાટી પર આવ્યો છે.

હવે રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વનાં નીતિવિષયક નિર્ણયો જેના પર વધુ અવલંબિત હોય તેવા આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના કોર કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ છે. જોકે રૉઈટર્સનાં સર્વેક્ષણ અનુસાર ફુગાવામાં ૦.૧ ટકાના માસિક ધોરણે વધારાની શક્યતા મકિંવામાં આવી રહી છે, જ્યારે વર્તમાન વર્ષ ૨૦૨૫માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૬૩ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવો અંદાજ મૂકવામાં આવી રહ્યો હતો.

# કોપર, એલ્યુમિનિયમ અને ઝિન્કમાં જળવાતી આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં વધ્યા મથાળેથી નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે કોપરમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી આઠની આગેકૂચ જળવાઈ રહી હતી, જ્યારે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ સુધારો આવ્યો હતો. જોકે, આજે નિકલ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વેચવાલીના દબાણ સામે માગ ખપપૂરતી રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. છનો ઘટાડો તથા નિરસ માગે લીડ ઈન્ગોટ્સ અને ટીનમાં કિલોદીઠ રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો. તેમ જ અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે વિશ્વ બજારમા ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં લંડન ખાતે સત્રના આરંભે મર્યાદિત માગ વચ્ચે વિવિધ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ટનદીઠ ૯૮૯૧.૧૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. દરમિયાન આજે સ્થાનિકમાં મુખ્યત્વે કોપરની વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી જળવાઈ રહેવા ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૯૪૧, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૭૭૫, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૪૦, અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૬૩ અને રૂ. ૮૫૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૫૫ અને રૂ. ૨૬૧ની સપાટીએ રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૨૫, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૫૫૨ અને લીડ ઈન્ગોટ્સ તથા ટીનના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૮૨ અને રૂ. ૨૧૯૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય ખપપૂરતી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૦૫ અને રૂ. ૨૧૨ની સપાટીએ ટકેલા રહ્યાં હતાં.

# પંજાબથી યુએઈ અને કતાર ખાતે લીચીની નિકાસઃ અપેડા

નવી દિલ્હીઃ આ મહિને ભારતના પંજાબમાંથી સૌપ્રથમ વખત ૧.૫ ટન લીચીની દોહા અને દુબઈ ખાતે નિકાસ કરવામાં આવી હોવાનું વાણિજ્ય મંત્રાલય હેઠળની એગ્રિકલ્ચરલ ઍન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલોપમેન્ટ ઑથૉરિટી (અપેડા)એ આજે જણાવ્યું છે. દેશમાંથી બાગાયતી ચીજોની નિકાસને પ્રોત્સાહન આપવા માટે અપેડાએ ગત ૨૩મી જૂનના રોજ પંજાબના પઠાણકોટથી ગુલાબની સોડમ ધરાવતી એક ટન લીચીની દોહા ખાતે અને ૦.૫ ટનની દુબઈ ખાતે નિકાસને લીલી ઝંડી આપી હોવાનું એક યાદીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે અપેડાએ પંજાબનાં ડિપાર્ટમેન્ટ ઑફ હોર્ટિકલ્ચર અને લુલ્લુ જૂથના સહયોગમાં લીચીની નિકાસની સુવિધાઓ પૂરી પાડી હતી. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત વર્ષ ૨૦૨૩-૨૪માં પંજાબમાં લીચીનું ઉત્પાદન દેશનાં કુલ ઉત્પાદનના ૧૨.૩૯ ટકાના હિસ્સા સાથે ૭૧,૪૯૦ ટનની સપાટીએ રહ્યું હતું. તેમ જ દેશમાંથી ૬૩૯.૫૩ ટન લીચીની નિકાસ થઈ હતી. દેશમાંથી ફળો અને શાકભાજીની નિકાસના પ્રોત્સાહન માટે સરકારે શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે. તેમ જ ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ફળો અને શાકભાજીની નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૫.૬૭ ટકા વધીને ૩.૮૭ અબજની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે દેશમાં ફળોની નિકાસમાં કેરી, કેળાં, દ્રાક્ષ અને સંતરાની નિકાસનો હિસ્સો બહોળો હોય છે. જોકે, હવે તેમાં ચેરી, જાંબુ અને લીચીની નિકાસના હિસ્સામાં વધારો થઈ રહ્યો છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવેશ થઈ રહ્યો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની છૂટીછવાઈ લેવાલી જળવાઈ રહી હોવા છતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની પ્રબળ માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેમ જ માગ પણ જળવાઈ રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૦૨થી ૩૯૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૨થી ૪૦૩૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે મથકો પરના પ્રોત્સાહક અહેવાલ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો વધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૮૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૨૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સન રિફાઈન્ડમાં નરમાઈ, અન્ય ખાદ્યતેલમાં ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૭ રિંગિટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે પણ સોયાતેલના વાયદામાં ૬૨ સેન્ટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાઢ હોવાથી એકમાત્ર સન રિફાઈન્ડમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણે જોવા મળેલા ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ના ઘટાડાને બાદ કરતા અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે વિવિધ આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૧૫, અલાનાના આરબીડી પામોલિનના ખપોલીથી ડિલિવરી શરતે રૂ. ૧૧૫૫, પતંજલિ ફૂડ્સના પાતાળગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૧, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૧૭૫ અને એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, વેપાર નિરસ હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૫, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૪૮૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ.૧૫ના ઘટાડા સાથે રૂ. ૧૩૫૦માં થયા હતા.

દરમિયાન આજે ગુજરાતનાં મથકો પર જગન્નાથ રથયાત્રા હોવાથી રાજકોટ અને ગોંડલની મંડીઓ બંધ રહી હોવાથી મગફળીની કોઈ આવકો નહફતી. જોકે, આજે જયપુરની મંડીઓમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૯૨૫થી ૬૯૫૦માં થયાના અહેવાલ હતા.



જૂનાગઢ શહેરના અલગ અલગ વિસ્તારોમાં ભગવાન જગન્નાથજીની શોભાયાત્રા નીકળી હતી. ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળતા શહેના ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. (તસવીર– હરેશ સોની, જૂનાગઢ)

# રાજકોટમાં ભગવાન જગન્નાથજીની ૧૮મી ભવ્ય રથયાત્રા સંપન્નઃ અઘોરીઓના શિવ તાંડવ અને કરતબો આકર્ષણનું કેન્દ્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અષાઢી બીજના પવિત્ર અવસરે રાજકોટના નાના મવા ખાતે આવેલા કૈલાશધામ જગન્નાથ મંદિરથી ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની ૧૮મી ભવ્ય રથયાત્રા નીકળી હતી. આ પરંપરાગત યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો, સાધુ-સંતો અને ભજન મંડળીઓ ભક્તિભાવપૂર્વક જોડાયા હતા.

આ વર્ષની રથયાત્રાનું મુખ્ય આકર્ષણ ઉજ્જૈનથી આવેલા અઘોરીઓ રહ્યા હતા. તેમણે શિવ તાંડવની ઝાંખી, અવનવા કરતબો અને નૃત્ય દ્વારા ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમની પરંપરાગત રીતિ-રિવાજો અને પ્રસ્તુતિઓએ યાત્રામાં એક અનોખો આધ્યાત્મિક માહોલ ઊભો કર્યો હતો. શિવ ભક્તિ અને ત્યાગના પ્રતીક એવા અઘોરીઓની હાજરીથી રથયાત્રામાં અનોખું આધ્યાત્મિક વાતાવરણ જોવા મળ્યું હતું. રાજવી પરિવારના માંધાતાસિંહ જાડેજા દ્વારા પહિંદ વિધિ કરવામાં આવી હતી અને રથ ખેંચીને યાત્રાની વિધિવત શરૂઆત કરાવવામાં આવી હતી.



(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

ભગવાન જગન્નાથજી, બલભદ્ર અને સુભદ્રા ૨૬ કિલોમીટરની નગરચર્યાએ નીકળ્યાં હતાં. આ ભવ્ય રથયાત્રાને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરાવવા માટે પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કુલ ૧૭૪૦ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા, અને સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોન દ્વારા સતત ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. આ સુરક્ષા વ્યવસ્થાને કારણે યાત્રા નિર્ધારિત રૂટ પર સરળતાથી આગળ વધી હતી અને ભક્તોએ શાંતિપૂર્ણ માહોલમાં દર્શનનો લાભ લીધો હતો. ■

# ભાવનગરમાં પોલીસ વિભાગ દ્વારા સમગ્ર રથયાત્રાનાં રૂટ પરના જુદાં જુદાં દસ સર્કલો પર હેલ્પડેસ્ક ઊભા કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભગવાન જગન્નાથજીની ૪૦મી રથયાત્રાનાં ભવ્ય આયોજનમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે તેને ધ્યાને લઈ ભાવનગર પોલીસ વિભાગ દ્વારા રથયાત્રામાં શ્રદ્ધાળુઓ માટે ખાસ ૧૦ જેટલાં સર્કલો ઉપર હેલ્થ ડેસ્ક શરૂ કરવામાં આવ્યા હતા. જેમાં ભાવનગર શહેરના મહિલા કોલેજ, ઘોઘા સર્કલ, રૂપાણી સર્કલ, સરદારનગર, શિવાજી સર્કલ, સંસ્કાર મંડળ, નીલમબાગ સર્કલ, જશોનાથ સર્કલ, ઘોઘા ગેટ અને હલુરીયા ચોકમાં ભાવનગર પોલીસ દ્વારા શ્રદ્ધાળુઓ માટે હેલ્પ ડેસ્ક ઊભા કરાયા છે. જેમાં પોલીસ વિભાગના અધિકારી-કર્મચારીઓ ખડેપગે સેવા બજાવી હતી. ■

# મોરબીમાં અષાઢી બીજે મચ્છુ માતાજીના પ્રાગટ્ય દિવસની ભવ્ય રથયાત્રા નીકળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મોરબીઃ અષાઢી બીજનું ખૂબ જ આગવું મહત્વ રહેલું છે. અષાઢી બીજના દિવસે મોરબી ખાતે મચ્છુ માતાજીના પ્રાગટય દિવસની ઉજવણીના ભાગરૂપે પરંપરાગત રીતે ભવ્ય રથયાત્રા નીકળી છે. તે પરંપરા આ વર્ષે પણ જળવાઈ રહી હતી. માલધારીઓના માતા ગણાતા મચ્છુ માતાજીના મંદિર ખાતેથી ભવ્ય રથયાત્રા નીકળી હતી.

મળતી વિગતો મોરબી ખાતે મચ્છુ માતાજીના પ્રાગટ્ય દિવસની ભવ્ય ઉજવાણી કરવામાં આવી હતી. ભરવાડ સમાજ તથા રબારી સમાજમાં મચ્છુ માતાજીની વિશેષ આસ્થા રહેલી છે. મચ્છુ માતા માલધારીઓના માતા ગણાય છે અને પશુપાલન કરનારા સમુદાયોમાં મચ્છુ માતાજી પ્રત્યે આસ્થા રહેલી છે. મચ્છુ માતાજીના પ્રાગટ્ય દિવસ ગણાતા અષાઢી બીજ નિમિતે મોરબીમાં ભવ્ય રથયાત્રા નીકળી હતી. મચ્છુ માતાજીના મંદિરે ૬ હજાર ફુગ્ગાનો શણગાર કરાયો હતો. સવારે આરતી અને બપોરે મહાઆરતી કરાઈ હતી.

સવારે મચ્છુ માતાજીની જગ્યાથી રથયાત્રા નીકળી હતી અને શહેરના રાજમાર્ગ પરથી પસાર થઈ હતી. આ રથયાત્રામાં ગોપાલક સંસ્કૃતિની ઝલક જોવા મળી હતી. જેમાં દાંડીયારાસ, હુડો નૃત્ય સાથે રથયાત્રા નીકળી હતી. આ રથયાત્રા મચ્છુ માતાજી મંદિરથી નીકળી સુપર ટોકીઝ, ગ્રીન ચોક, નહેરુ ગેટ થઈ મચ્છુ માતાના મંદિરે પરત ફરી હતી. આ રૂટ દરમિયાન અનેક કલાકારોએ ગીતોની રમઝટ બોલાવી હતી. રથયાત્રામાં ભરવાડ સમાજ તથા રબારી સમાજના ભાઈઓ, બહેનો તથા યુવાનો તથા વૃધ્ધ સૌએ માતાજીના દર્શન કર્યા હતા. રથયાત્રા દરમિયાન હિંદુ-મુસ્લિમ એકતાના દર્શન પણ થયા હતા.

આ રથયાત્રામાં મોરબી જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠીની આગેવાનીમાં ડીવાયએસપી પી. એ. ઝાલા, ૫ પીઆઈ, ૧૬ પીએસઆઈ સહીત ૩૦૦ જેટલાં પોલીસ કર્મીઓ બંદોબસ્તમાં જોડાયા હતા. વ્યવસ્થામાં મહાનગરપાલિકાની ટીમ પણ જોડાઈ હતી. ■

# પરબ વાવડી ખાતે અષાઢી બીજનો ભવ્ય લોકમેળો યોજાયોઃ

## કરશનદાસ બાપુના હસ્તે નિશાન પૂજન અને ધ્વજારોહણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ યાત્રાધામ એવા પરબ વાવડી ખાતે અષાઢી બીજનો પરંપરાગત લોક મેળો યોજાયો હતો. શુક્રવારે સવારે જગ્યાના મહંત કરશનદાસ બાપુના હસ્તે મંદિર પરિસરમાં નિશાન પૂજન અને મંદિર શિખર પર ધ્વજારોહણ કરીને મેળાની વિધિવત શરૂઆત કરવામાં આવી હતી.

નિશાન પૂજન બાદ સંતોની સમાધિઓનું પૂજન કરવામાં આવ્યું હતું. અષાઢી બીજના દિવસે વરસાદનું મહત્વ રહેલું હોય વરસાદે શુકન સાચવ્યું હતું, જો કે તેનાથી મેળાની મજામાં થોડો વિક્ષેપ પડ્યો હતો.

પરબ વાવડીના મેળામાં હજારો સ્વયં સેવકોએ ખડેપગે રહીને સેવા કરી હતી. મેળામાં આવેલા લાખો શ્રદ્ધાળુઓ માટે જગ્યા તરફથી ૨૪ કલાક પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. તે સિવાય યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, તે ઉપરાંત રાતે સંતવાણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

લોકવાયકા અનુસાર અમર માં અને દેવીદાસ બાપુએ અષાઢી બીજના દિવસે જ પરબ ખાતે જીવતા સમાધિ લીધી હતી અને આથી જ અષાઢી બીજના દિવસે અહીં લોક મેળો યોજાય છે.

આ સમગ્ર સૌરાષ્ટ્ર ઉપરાંત દૂરદૂરથી લાખો શ્રદ્ધાળુઓ મેળામાં ઉમટે છે, અમર મા અને દેવીદાસ બાપુએ જે સેવાની દિવ્ય પરંપરા ચલાવી હતી તેમની યાદમાં અહીં અષાઢી બીજના દિવસે પૂજા, યજ્ઞ અને ધ્વજા રોહણ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાય છે. પરબ ધામ એટલે સૌરાષ્ટ્રના અમર સંત એવા દેવીદાસ બાપુ અને અમર માની સમાધિનું સ્થાન. તે ઉપરાંત શાર્દૂલ ભગત, શેલાણી સાંઈ, જશા પીર, વરદાન પીર, કરમણ પીર, દાનેવ પીર, અમરી મા તેમજ રૂડા પીરની પણ સમાધિઓ છે. ■

# ગાંધીધામ જી.આઈ.ડી.સી ખાતેના ગોદામમાંથી ચોરાઉ મનાતા ૭.૫૦ લાખના ખાંડના જથ્થા સાથે ત્રણ શખ્સ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ઔદ્યોગિક પાટનગર એવા ગાંધીધામ શહેરના જી.આઇ.ડી.સી.વિસ્તારમાં આવેલા એક ગોદામમાં પોલીસે છાપો મારી, આધાર-પુરાવા વિનાના ૭,૫૦,૦૦૦ના ખાંડના જથ્થા સાથે ત્રણ શખ્સને ઝડપી લીધા હતા.

પંચરંગી શહેરના સેક્ટર-૧૦ જી.આઇ.ડી.સી.માં પ્લોટ નંબર ૭૪માં આવેલા ભાડાંના આ ગોદામમાં ચોરી અથવા છળકપટથી ખાંડનો જથ્થો સંગ્રહ કરાયો હોવાની બાતમીના આધારે પૂર્વ કચ્છની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ છાપો માર્યો હતો.

ગોદામ ભાડે રાખી ખાંડનો જથ્થો મગાવનારા રાજેશ ઉર્ફે રાજુ મોહન ભદ્રા (ભાનુશાલી) (રહે. ૯-બી, મુક્તાનંદ સોસાયટી, ભારતનગર, ગાંધીધામ), માલ લેવા આવનાર વિષ્ણુ પ્રહલાદ રાવળ (રહે. રાધનપુર, પાટણ) તથા ગોદામમાં મેનેજર તરીકે કામ કરનાર દિનેશસિંહ વૃંદાવનસિંહ લોદી (રહે. કાર્ગો ગાંધીધામ) નામના શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. આ ગોદામમાંથી પોલીસે ૫૦ કિલોની એક એવી ૫૦૦ બોરી કિંમત રૂ.૭,૫૦,૦૦૦નો જથ્થો જપ્ત કરાયો હતો તેમજ એક ટ્રક અને ત્રણ સ્માર્ટફોન હસ્તગત કરવામાં આવ્યા હતા.

રાજુને કિડાણાના કાસમ કકલે ખાંડનો જથ્થો મોકલાવ્યો હતો જે કિડાણાનો મનજી આહીર અહીં લઇ આવ્યો હતો.

રાધનપુરનો શખ્સ ખાંડ લઇને કોને વેચવા જવાનો હતો તેમજ કાસમે ક્યાંથી જથ્થો મેળવ્યો હતો તે જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# કચ્છના લખપત, ભુજ સહિતનાં મથકોમાં અડધાથી એક ઈંચ વરસાદ



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત પર સર્જાયેલા સાયક્લોનિક સરક્યુલેશનોની અસર હેઠળ દક્ષિણ ગુજરાતમાં વરસાદ વરસી રહ્યો છે ત્યારે અષાઢી બીજ એટલે કે કચ્છી નૂતન વર્ષના સપરમા દિવસે કચ્છના ભુજ, ભચાઉ, નખત્રાણા સહિતના કેટલાક વિસ્તારોમાં મોડી રાતથી જ વાતાવરણ પલટાયું હતું અને એકથી દોઢ ઇંચ વરસાદ વરસી જતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

ભુજ શહેરમાં રાતના બરાબર બાર વાગ્યે ગોરંભાયેલા આકાશ અને વીજળીના કડાકા-ભડાકા સાથે અડધો ઇંચ વરસાદ વરસતાં રસ્તાઓ પરથી પાણી વહી નીકળ્યાં હતાં અને નિચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભુજ ઉપરાંત ભચાઉ અને તેની આસપાસના ગ્રામ્ય પંથકોમાં પણ છૂટોછવાયો વરસાદ થયો હતો, જ્યારે સીમાવર્તી લખપતમાં પણ એકાદ ઇંચ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો મળ્યા હતા. ■

# કચ્છી નૂતન વર્ષની હર્ષોલ્લાસભેર ઉજવણી, લોકોએ એકબીજાને શુભેચ્છા પાઠવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાતીગળ જિલ્લા કચ્છમાં કચ્છી નૂતન વર્ષ 'અષાઢી બીજ'ની પ્રણાલીગત ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ ભુજ સહિત સમગ્ર કચ્છના જુદાં-જુદાં મંદિરોમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ભુજના રાજાશાહી જમાનાના પ્રસિદ્ધ આશાપુરા મંદિર ખાતે વહેલી સવારથી જ અષાઢી બીજ નિમિતે દર્શનાર્થીઓની કતાર જોવા મળી હતી અને ગ્રામીણ વિસ્તારના લોકો પણ આ મંદિરે ખાસ ઉમટ્યા હતા. કચ્છી સમાજના લોકોએ અરસપરસ શુભેચ્છા પાઠવી હતી અને સમૂહમાં કચ્છી લોકવાદ્યોની રંગત સાથે રાસડા લીધા હતા.

કચ્છી અષાઢી બીજ એટલે કે, કચ્છી નૂતન વર્ષના દિવસે આજે કચ્છભરના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. અબડાસા તાલુકાના નલિયા, લખપત તાલુકાના દયાપર, નખત્રાણા માંડવી, મુંદરા,રાપર,ભચાઉ,ગાંધીધામ,અંજાર, આદિપુર સહિતના શહેરોમાં કચ્છી નવા વર્ષના તહેવારને અનુલક્ષીને મંદિરોમાં અને બજારોમાં તહેવારનો માહોલ સર્જાવા પામ્યો હતો. દરમ્યાન, અષાઢી બીજ જેવા પર્વના દિવસે મીઠાઈની દુકાનો ધમધમતી થઈ હતી.

# ગીરનાર-દાતાર પર્વત પર પડેલા ભારે વરસાદના પગલે જૂનાગઢનો વિલિંગ્ડન ડેમ ઓવરફ્લો



(તસવીર- હરેશ સોની, જૂનાગઢ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકથી વરસી રહેલા ધોધમાર વરસાદના પગલે વિલિંગ્ડન ડેમ ઓવરફ્લો થયો હતો. ખાસ કરીને ગિરનાર અને દાતાર પર્વતમાળાઓમાં અનરાધાર વરસાદ નોંધાયો હતો, જેના પરિણામે ડેમમાં પાણીની ભરપૂર આવક થઈ હતી.

ગિરનારની પર્વતમાળામાં વરસેલા વરસાદથી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું હતું. ડુંગરો પરથી વહેતા ધોધના નયનરમ્ય દ્રશ્યોને નિહાળવા માટે સવારે જૂનાગઢવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. વરસાદી વાતાવરણ, ઘનઘોર વાદળો, પર્વત પરથી વહેતા ઝરણાં અને ઓવરફ્લો થયેલો ડેમ પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

ઉલ્લેખનીય છે કે સોરઠ પંથકમાં પુનઃ ભારે વરસાદ પડી રહ્યો છે. હજુ આગામી દિવસોમાં પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જૂનાગઢના માંગરોળમાં ૦.૯૮ ઇંચ, તાલાલામાં ૦.૯૧ ઇંચ, ગીર ગઢડામાં ૦.૭૧ ઇંચ, કોડીનારમાં ૦.૫૧ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. સમગ્ર સૌરાષ્ટ્રમાં અષાઢી બીજના દિવસે જ પડેલા વરસાદને શુકન માંની રહ્યા છે. ખેડૂતોમાં આગામી મહિનાઓમાં પણ સારો વરસાદ પડશે તેમજ સારી ઉપજ થવાની આશા છે. ■

# ભુજમાં મિત્ર પાસે સુરતમાં ધંધાના નામે રોકાણ કરાવી ૧.૦૬ કરોડની પરમ મિત્ર દ્વારા છેતરપિંડી આચરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કોલેજમાં એકજ બેન્ચ પર અભ્યાસ અને વર્ષોથી કૌટુંબિક-મિત્રતાના સંબંધ હોવાના નાતે ભુજના જાણીતા યુવા વેપારીએ સુરતમાં બિલ્ડર્સ પેઢીનાં ઘરના નિર્માણ કાર્ય માટેના સામાનનો ઓર્ડર મેળવીને નફો મળવાના નામે પરમ મિત્રએ જ રૂ. ૧,૦૬,૪૫,૦૦૦ની ઠગાઈ કર્યાનો બનાવ બહાર આવતાં કચ્છ સહિત બૃહદ કચ્છના વેપારી આલમમાં ચકચાર ફેલાઈ હતી. બનાવ અંગે ભુજના માર્કેટયાર્ડમાં અરિહંત ટ્રેડર્સનાં નામે પશુ આહારનો વ્યવસાય કરતા અંકિત ધનસુખલાલ શેઠે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે તથા તેનો ખાસ મિત્ર દર્શિત પ્રભુલાલ મહેતા (રહે. ન્યૂ સ્ટેશન રોડ, ભુજ હાલે બરોડા) બન્ને ૨૦૦૩માં કોલેજમાં સાથે અભ્યાસ કરતા હતા અને એક જ જ્ઞાતિ તથા સાથે અભ્યાસ કર્યો હોવાથી વર્ષોથી કૌટુંબિક તેમજ મિત્રતાના ઉષ્માભર્યા સંબંધો હતા. દર્શિત અભ્યાસ પૂર્ણ કરી દુબઈ નોકરી અર્થે ગયો હતો. ગત ૨૦૨૩ના ઓકટોબર માસમાં દર્શિત ફરિયાદીની દુકાનમાં આવ્યો હતો અને પોતે સુરતમાં રેસ ટાઈલ્સ નામની કંપનીના સેલ્સ મેનેજર તરીકે નોકરી કરે છે તેવું જણાવી, સુરતમાં એસકોન રિયાલિટી નામની પેઢીએ નવો પ્રોજેક્ટ સૂર્યા સિગ્નેચર બહાર પાડયો હતો, જેમાં ઘર બનાવી વેચાણ કરવાના હતા. આ પ્રોજેક્ટમાં ટાઈલ્સ અને ઘરના વાયરિંગનો ઓર્ડર મળે એમ હતો. જો રૂપિયા કમાવવા હોય તો રકમની સગવડ કરવી પડશે, બાદમાં બન્ને નફો વેચી લેશું તેવી વાત કરી હતી. અંકિતે દર્શિત ઉપર વિશ્વાસ મૂકી, દર્શિતના ભાઈ નીરવના બેન્ક ખાતાંમાં વર્ષ ૨૦૨૩ અને ૨૪ દરમ્યાન અલગ-અલગ ટ્રાન્ઝેકશન થકી કુલ રૂ. ૧,૦૬,૪૫,૦૦૦ આપ્યા હતા અને નફા પેટે નીરવે પણ અંકિતનાં ખાતાંમાં અલગ-અલગ ટ્રાન્ઝેકશનથી કુલ રૂ. ૧૭,૧૨,૫૦૦ જમા કરાવ્યા હતા. છેલ્લે ગત ૨૫-૧૦-૨૪ના નફાની રકમ જમા કરાવી હતી. આ બાદ કોઈ રકમ જમા કરાવી ન હતી. દર્શિત સાથે ટેલિફોનિક વાતચીત કરતાં તેણે જણાવ્યું કે,આપણે જે બિલ્ડર સાથે કામ કરતા હતા તેનું કૌભાંડ નીકળતા તે અંડરગ્રાઉન્ડ થઈ ગયો છે. થોડો સમય રાહ જો તારી રકમ હું પરત ચૂકવી આપીશ. આ બાદ કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. નંબરો પણ સ્વિચ ઓફ આવતા હતા. અન્ય મિત્ર સાથે ફરિયાદી રૂબરૂ સુરત જતાં ત્યાં પણ ઘરે દર્શિત મળ્યો ન હતો. આમ દર્શિતે ફરિયાદીના રૂ.૧,૦૬,૪૫,૦૦૦ પરત ન આપી તેની સાથે છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવતાં પોલીસે દર્શિત વિરુદ્ધ ગુનો દાખલ કરી તજવીજ આદરી છે. ■

# ભાવનગરની સર્વોત્તમ ડેરીનો ૨૫માં વર્ષમાં મંગલ પ્રવેશ

## દૂધ ઉત્પાદકોને રેકોર્ડબ્રેક ભાવ વધારાની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરની સર્વોત્તમ ડેરી દ્વારા ૨૪ વર્ષ પૂર્ણ કરી ૨૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી. સર્વોત્તમ ડેરીના સ્થાપક અને મેનેજિંગ ડીરેક્ટર એચ.આર. જોષીના જણાવ્યા મુજબ ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી, સર્વોત્તમ ડેરીના ૨૫માં સ્થાપના દિવસે સ્થાપક ચેરમેન મહેન્દ્રભાઈ પનોતના અધ્યક્ષ સ્થાને તા. ૨૭/૦૬/૨૦૨૫ના રોજ નિયામક મંડળની મિટિંગ મળી હતી. જેમાં તમામ ઠરાવો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. દૂધના ખરીદભાવ અંગે ચર્ચા થતાં ૨૫માં સ્થાપના દિવસે સર્વોત્તમ ડેરી રજત જયંતી વર્ષ ઉજવતી હોય સર્વોત્તમ દાણના ભાવમાં એકપણ રૂપિયાનો વધારો કર્યા વિના તેમજ અમૂલ દૂધના વેચાણભાવમાં એકપણ રૂપિયાનો વધારો કર્યા વિના પશુપાલકોને સર્વોત્તમ ડેરી દ્વારા દૂધ ખરીદીમાં રેકોર્ડબ્રેક ભાવવધારાની અમૂલ્ય ભેટ આપવામાં આવી હતી. ■

## પશ્ચિમ કચ્છમાં એસએમસીના વ્યાપક દરોડા

# હરકતમાં આવેલી સ્થાનિક પોલીસે અંગ્રેજી શરાબનો જથ્થો પકડી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વીતેલા બે મહિનાના સમયગાળા દરમ્યાન રાજ્યસ્તરની સ્ટેટ મોનિટરીંગ સેલની ટુકડી દ્વારા સરહદી કચ્છમાં જુદી-જુદી કાર્યવાહી હાથ ધરીને વિક્રમી કહી શકાય તેવા કરોડો રૂપિયાના અંગ્રેજી શરાબના જથ્થાને ઝડપી પાડ્યો હતો. બાદમાં પોતાની શાખ બચાવ દોડતી થયેલી સ્થાનિક પોલીસે પશ્ચિમ કચ્છમાં અલગ-અલગ જગ્યાઓએ કાર્યવાહી હાથ ધરીને શરાબના કેટલાક જથ્થાને પકડી પાડ્યો હતો. ગત રાત્રે લૂડિયા પાસેના ધોરીમાર્ગ પર એક શખ્સ કારની ડીકીમાં શરાબ ભરી વેચાણ કરતો હોવાનો વાયરલ વીડિયો નજરમાં આવ્યા બાદ પોલીસ હરકતમા આવી હતી અને રૂ. ૨૫,૯૨૦ના દારૂ અને ફોર્ચ્યુનર કાર સાથે આરોપીને ઝડપી લીધો હતો. દરમ્યાન માંડવીના કોડાયમાં પણ રહેણાકના વાડામાં પોલીસે દરોડો પાડી ઘાસચારા નીચે છુપાવેલો રૂ.૬૫,૯૮૦ની કિંમતનો શરાબનો જથ્થો જપ્ત કર્યો હતો, પરંતુ આરોપી હાજર મળ્યો ન હતો. આ ઉપરાંત પાકિસ્તાનને અડકીને આવેલા સીમાવર્તી રાપરમાં જાહેરમાં વેચાતા શરાબના પોઈન્ટ પર પોલીસે છાપો મારી રૂ. ૫૫૨૫નો દારૂ ઝડપી પાડયો હતો. ■